

# પોળની ખડકીએથી...

## સન્નાટો


આલેખન

પાર્થિવી અધ્યારુ-શાહ

પ્રિયા અધ્યારુ-મજીઠિયા

અવલોકન

આશુતોષ ભટ્ટ





મુખ્ય પ્રાપ્તિસ્થાન

**નવભારત સાહિત્ય મંદિર**

દેરાસર પાસે,
ગાંધી રોડ, અમદાવાદ-૧.

૨૦૨, પેલિકન હાઉસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯.

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૨

**બુકશેલ્ફ**

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સીજી રોડ, અમદાવાદ-૯

E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com

**Pol ni Khadkie thi sannato**
by Priya Adhyaru-Majithia and Parthivi Adhyaru-Shah
Published by **Navbharat Sahitya Mandir**, Ahmedabad.

ISBN : 978-81-8440-780-8

© : પાર્થિવી અધ્યારુ-શાહ - પ્રિયા અધ્યારુ-મજીઠિયા

પ્રથમ આવૃત્તિ : મે, ૨૦૧૩

કિંમત : રૂ. ૨૦૦.૦૦

photo courtesy

પ્રકાશક
**જયેશ પી. શાહ**
**નવભારત સાહિત્ય મંદિર**
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૩ ૯૨૫૩
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯
ફોન : (૦૭૯) ૨૬૫૮ ૦૩૬૫, ૨૬૫૮ ૩૭૮૭
E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com

મુદ્રક : યશ પ્રિન્ટર્સ, અમદાવાદ

અર્પણ

આપણા વડીલોને
અને વારસાને...

## અમુક્રમણિકા


આવકાર : આશુતોષ ભટ્ટ

અભિવાદન : પ્રિયા - પાર્થિવી

આમુખ : અસિત વોરા

આસ્વાદ : ગુણવંત શાહ

એક : ઓટલા પરિષદ ....................................૧

બે : સંચારબંધીનો સંવાદ ....................................૧૦

ત્રણ : કર્ફ્યૂ એટલે... ....................................૧૭

ચાર : તોફાની માહોલ ....................................૨૩

પાંચ : સત્તાનો મદ ....................................૩૧

છ : શેરીયુદ્ધ ....................................૪૦

સાત : ટોળું અને ઝનૂન ....................................૪૯

આઠ : એકમેકની ઓથ ....................................૫૮

નવ : પોળનો સંપ ....................................૬૭

દસ : પોળવાસીઓનો પ્રેમ ....................................૭૮

અગિયાર : ભાઈચારો ....................................૮૩

બાર : શહાદત ....................................૯૦

તેર : અજબ પોળની ગજબ સંસ્કૃતિ ....................................૯૭

ચૌદ : પોળવિજ્ઞાન ....................................૧૦૪

પરિચય : આશુતોષ ભટ્ટ ....................................૧૧૧

# આવકાર

## આશુતોષ ભટ્ટ

ખાડિયામાં જન્મ એટલે ગળથૂથીમાં મળેલ આંદોલન, સત્યાગ્રહ અને પથ્થરમારાના અનુભવ અને તેના પગલે વૃત્તિથી એક નિરિક્ષક હોવાને લીધે પોળ-જીવનમાં કોલાહલ, સંપ અને કર્ફ્યુનાં સન્નાટાનું કરેલું બારીક અવલોકન એટલે આશુતોષ ભટ્ટના સંસ્મરણો.

આશુતોષ ભટ્ટે (જન્મ ૧૯૩૯) ૧૯૫૬નાં  મહાગુજરાતનું આંદોલન, ૧૯૭૪ નવનિર્માણ આંદોલન, ૧૯૮૫નાં પોલિસ-પ્રજાના સંઘર્ષ, અનેક નાના-મોટા મોંઘવારી-આંદોલન, ૧૯૬૯નાં કોમી રમખાણ અને ૨૦૦૫ના ગોધરાકાંડ પછીનાં તોફાનો - બધુંય બારિકીથી જોયું છે, અનુભવ્યું છે.

આ તોફાનો દરમ્યાન પ્રજાની માનસિક, સામાજિક, રાજકિય અને આર્થિક દશા, તેમની લાગણીશીલતાનાં સ્પંદનો, અને તેની અસરોનું વૈજ્ઞાનિક અવલોકન અને તેનું ઊંડું મનન આશુતોષભાઈએ કર્યું છે.

આ અમદાવાદ શહેરની ગઈકાલ ભટ્ટે પોતાની અંદર અકબંધ રાખી છે. આપણા શહેરમાં કદાચ કર્ફ્યુ શબ્દ એટલો પ્રચલિત નથી રહ્યો જેટલો એ આપણા વડીલોની પેઢીમાં રહ્યો હતો.

આજના અમદાવાદની પેઢીને શહેરની ગઈકાલનું વાતાવરણ સમજવા અને માણવા મળે - એવી એક ખેવના એ જ આ પુસ્તકનું ઉદ્‌ભવસ્થાન.

આશુતોષ ભટ્ટ કહે છે, 'મારા જીવનકાળ દરમ્યાન મને મળેલા અનેક સંસ્મરણો, સંભારણાં અને અનુભવોનાં નીચોડને પત્રકારબહેનો પાર્થિવી અને પ્રિયાએ ખૂબ જ

અસરકારક અને ધારદાર કલમે આલેખ્યા છે. મને આ પુસ્તક ખૂબ દ ગમ્યું છે તેમ નવી પેઢીને પણ ખૂબ ગમશે. આ પુસ્તકના નિર્માણમાં મદદ્રૂપ થયેલા સૌનો આભાર. આ પુસ્તક થકી નવી પેઢીને આપણા શહેરનું નવું સ્વરૂપ જાણવા મળશે. આ નવા અભિગમને સહૃદય આવકાર.'

આશુતોષના વંદે માતરમ્

# અભિવાદન

વર્તમાનમાં જ વિચરણ કરો અને ભૂતકાળને ભૂલી જાવ - આ એક વિચારધારા છે. જ્યારે એક બીજી વિચારધારા કહે છે કે ભૂતકાળને આંતરમનમાં સ્થિર કરો. એનું વારંવાર મનન, મંથન કરો. તેને મનમાં કંડારી, કોતરીને એક સુંદર મૂર્તિનું સર્જન કરો. આ મૂર્તિ, એકલવ્યનાં દ્રોણાચાર્યની જેમ બધુંય શીખવી જશે.

ભૂતકાળ એ આપણો અમૂલ્ય ખજાનો છે, વારસો છે. એ આપણને ભવિષ્યને કેવી રીતે ઉજાળવું અને એને માટે વર્તમાન સમયને કેવી રીતે ગાળવો એ શિખવાડે છે. આ વિચારધારા કહે છે ભૂતકાળનું જતન કરો. આ વિચારધારાને અનુસરી અમે આપણા લાડીલા શહેરના ભૂતકાળનો (માનો કે એની ગઈકાલને) આ પુસ્તકમાં અંકિત કરવાનો પ્રયાસ કર્યો છે.

અમદાવાદની ગઈકાલ એટલે આપણી અમદાવાદી તરીકેની આગવી ઓળખ. આપણા વડીલોની પેઢીનાં સંભારણાં અને એ અમે સાચવ્યાં છે આપણી આવતી પેઢીઓ માટે, આ પુસ્તક સ્વરૂપે.

આ સ્મરણોનાં સાન્નિધ્યમાં અમને અમદાવાદીઓની વિશિષ્ટતાઓ અને ખૂબીઓનું સુંદર ચિત્રણ મળ્યું છે. અમદાવાદીની એક અનોખી પ્રકૃતિની છબી આ સંસ્મરણોમાંથી મળે છે. એક નિરાળી વૃત્તિ જે અમદાવાદીને તોફાનોની વચ્ચે સંપથી જીવતા રાખે છે. કોમી રમખાણોની વચ્ચે વૈમનસ્યમાં ન ફસાઈને, વેર-ઝેરથી પર શાંતિવાદ અને પ્રેમભાવમાં લય કરે છે. આ એ જ પ્રકૃતિ છે જે અમદાવાદીઓને કેટકેટલાંય રમખાણો પછી કે તેની વચ્ચે રહીને પણ ભેદભાવ ભૂલીને, ખભેથી ખભા મીલાવીને એકબીજાના વાંસે ધબ્બા મારીને મસ્તીથી જોડે કડકમીઠી ચા પીવા લલચાવે છે.

કહેવાય છે જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા - આનું અર્થઘટન એમ પણ થાય કે જીવનની વિકટ પરિસ્થિતિ, કપરાં સંજોગો, શ્વાન સ્વરૂપે જ્યારે ત્રાટકે છે ત્યારે ભોળાં સસલા જેવાં અમદાવાદીઓમાં એક નવું શૂર પ્રગટે છે.

તેમની નરમાશ અને કુમાશ જ અમદાવાદની ધરતીના આશીર્વાદથી, અમદાવાદીઓનું હથિયાર બની જાય છે. વિકટ કાળમાં જેમની વૃત્તિઓ ઉર્ધ્વગામી અને વિરાટ બને છે અને વૈમનસ્ય અને વેર-ભાવના ઝેરને ભગવાન શંકરની જેમ નિષ્ફળ બનાવી દે છે એવી આતરશક્તિ અમદાવાદીઓને આ ભૂમિનાં આશીર્વાદરૂપે મળી છે અને અમદાવાદની 'ગઈકાલ'ને આ પુસ્તક સ્વરૂપે કંડારતા એ વૃત્તિનાં દર્શનનો જે અનેરો લહાવો અમને મળ્યો એ આપ સૌને મળો એવી શુભેચ્છા સહ...

પ્રિયા અધ્યારુ-મજીઠિયા
પાર્થિવી અધ્યારુ-શાહ

અસિત વોરા
મેયર

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
મહાનગર સેવા સદન
તા. ૨૯-૧૦-૨૦૧૨

સ્નેહી શ્રી પાર્થિવીબહેન તથા પ્રિયાબહેન

૬૦૦ વર્ષના ઐતિહાસિક વારસાથી લઈ આધુનિક વિકાસ પામેલ અમદાવાદ શહેરના પોળ જનજીવન સહિતના ઐતિહાસિક વારસાની ઝાંખી કરાવતા 'પોળની ખડકીએથી' પુસ્તક પ્રસિધ્ધ થવા જઈ રહ્યું છે તે જાણી આનંદ થયો. ખાડિયા સહિત શહેરની તમામ પોળની સંસ્કૃતિ અને જીવનશૈલી તેમ જ ૧૯૪૨ની આઝાદીની ચળવળથી લઈ આજદિન સુધી કર્ફ્યૂના સન્નાટાભર્યા વાતાવરણમાં સામાજિક અને આર્થિક જનજીવન સંપમય અને સાનુકૂળતા સાથે શાંતિમય રીતે ધબકતું રહેતું તેવા ઐતિહાસિક દિવસોની ઝાંખી કરાવતાઅને અમૂલ્ય સંભારણાં સાથેનું સાહિત્યસભર આ પુસ્તક અનેરું પુરવાર થશે. વળી, ઘોડાગાડીની મુસાફરી તેમ જ ગીલ્લીદંડાની રમત, અખાડા, દેશભક્તિનાં ગીતોની ઐથિહાસિક ગાથાને તાજી કરાવી આધુનિક જીવનશૈલી અને પોળથી લઈ આધુનિક વિકાસની સફરને પુસ્તકમાં કંડારવાનો પ્રયાસ ખરેખર અભિનંદનીય હોવાની સાથે દેશ-પરદેશમાં વસતા અમદાવાદીઓ અને ભવિષ્યની પેઢી માટે ઐતિહાસિક વારસાનું સતત ઝરણું વહાવ્યા કરશે. તદ્દુપરાંત લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ તેમ જ મહાગુજરાત ચળવળના પ્રણેતા શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની ઐતિહાસિક બાબતોને પણ આ પુસ્તકમાં વણી લેવાઈ છે જે ભાવિ પેઢીમાં રાષ્ટ્રપ્રેમની ભાવના સતત જાગૃત કરશે.

દિવ્ય ભાસ્કરના લેખિકા પાર્થિવી અધ્યારૂ-શાહ અને ટાઈમ્સ ઑફ ઇન્ડિયાના લેખિકા પ્રિયા અધ્યારૂ-મજીઠીયાના ખાડીયા ઇતિહાસ સમિતિના શ્રી આશુતોષ ભટ્ટ તેમ જ ફોટોજર્નાલિસ્ટ શ્રી કલ્પિત ભચેચના સાંપ્રત સહકાર-સહયોગ સાથે આ પુસ્તકને તૈયાર કરવાના સંયુક્ત પ્રયાસો ખરેખર સરાહનીય છે જેને હું બીરદાવું છું અને અમદાવાદ શહેરના ઐતિહાસિક વારસા અને હેરિટેજને જનમાનસ પર સતત ધબકતું રાખનાર આ પુસ્તકની પ્રસિધ્ધિને સફળતા ઇચ્છું છું.

આપનો સ્નેહાધિન
(અસિત વોરા
મેયર

# આસ્વાદ

કોઈપણ આગનું ભવિષ્ય એક જ હોય છે અને તે હોલવાઈ જવાનું. કોઈ પણ જખમનું ભવિષ્ય એક જ હોય છે અને તે રુઝાઈ જવાનું. કોઈપણ ધરતીકંપનું મૌન કદી પણ કાયમી નથી હોતું. આ જ તર્ક કોઈપણ હુલ્લડને પણ લાગુ પડે છે.

ગુજરાતમાં ૨૦૦૨નાં જે કોમી હુલ્લડો થયાં, તેને કોઈપણ સમજુ માણસ 'કલંક' ગણે એ સ્વાભાવિક છે. ગુજરાતનું આ કલંક કોઈ એક વર્ગનું કે જૂથનું કે કોઈ કોમનું કલંક ન હોઈ શકે. કેટલાંક પરિબળો એવાં સર્જાયાં કે ગુજરાતના કલંકને પણ કોમવાદનો રંગ લગાડીને જખમને પહોળા કરવાનું 'મિશન' શરૂ થયું. આ મિશનને કારણે કેટલાક કર્મશીલોની કરિયર જરૂર બની, પરંતુ વૈમનસ્ય ઘટે એવું હકારાત્મક વલણ જોવા ન મળ્યું. પરિણામે વૈમનસ્યવર્ધક રાજકારણ શરૂ થયું. અને બે કોમ વચ્ચેની ખાઈ પહોળી થતી રહી.

આ પુસ્તક એક નવું હકારાત્મક વલણ લઈને આપણી પાસે આવ્યું છે. એ વલણનું ગુરુત્વમધ્યબિંદુ છે: અમદાવાદનું અમદાવાદીપણું! અમદાવાદના અમદાવાદીપણાનું હૃદય ખાડિયામાં આવેલું છે. ખાડિયાનો ઈતિહાસ સ્વરાજના અને મહાગુજરાતના (સેક્યુલર) આંદોલન સાથે એવો જોડાયેલો છે કે કોમવાદ ફિક્કો પડી જાય! મને તો એટલે સુધી કહેવાનું મન થાય છે કે અમદાવાદને ખરા અર્થમાં સ્વસ્થ અને સેક્યુલર બનાવવું હોય, તો તેની પ્રયોગશાળા ખાડિયા અને કેવળ ખાડિયા જ બની શકે.

આ પુસ્તકને હું શગમોતીડે વધાવું છું, કારણકે એમાં પ્રગટ થતું અમદાવાદીપણું ૨૦૦૨ના જખમોને રુઝવવાની શક્યતા ધરાવનારું છે...

- ગુણવંત શાહ

'ટહુકો'

વડોદરું



# એક : ઓટલા પરિષદ

પોળની
ખડકીએથી...
સન્નાટો

સીસમની ઘાટ્ટી પૉલિશવાળા પ્રાચીન ઢબની કોતરણીથી દીપતા અર્ધખુલ્લા દરવાજા. એ દરવાજાને ઓથારેથી... ને ત્યાંથી સંભળાતો એક સંવાદ.

હીંચકાનો કિચૂડ... કિચૂડ... અવાજ. વચ્ચે ચાલતો સંવાદ કેટલાય દાયકાઓથી વિખૂટા પડેલા બે મિત્રોનો. સંવાદમાં છે જાતજાતનાં ને ભાતભાતનાં સંભારણાં. આ સંભારણાંમાં જીવે છે, ધબકે છે આપણું શહેર.

સંભારણાં, સંવાદ અને સ્મૃતિઓમાં સંઘરાયેલાં આપણા અમદાવાદને શબ્દે શબ્દે જીવંત કરવાની પણ એક અનોખી મજા છે.

કોઈ મિત્ર જ્યારે દાયકાઓના પરદેશનિવાસ પછી પોતાની જન્મભૂમિમાં પાછો ફરે ત્યારે તે તત્પરતાથી મથે છે, પોતાનાં મૂળ સાથે એકરૂપ થવા. પોતાનાં શહેર સાથેનાં સંભારણાંને જાણે વાગોળે છે. આજના એ જ શહેરનાં અજાણ્યા ચહેરામાં પોતાનાં સ્મૃતિપટ પર રમતાં શહેર સાથે તે દરેક ક્ષણ સરખાવે છે.

કોઈ મિત્ર
જ્યારે દાયકાઓના
પરદેશનિવાસ પછી
પોતાની જન્મભૂમિમાં
પાછો ફરે ત્યારે
તે તત્પરતાથી
મથે છે,
પોતાનાં મૂળ સાથે
એકરૂપ થવા.

'અરે! એ દિવસોમાં આપણું અમદાવાદ કેવું હતું ને આજે કેવું છે! એ જમાનામાં તો ફક્ત કોટ વિસ્તાર એટલે અમદાવાદ.'

'મણિનગર અને એલિસબ્રિજ માનીતા તો ખરાં. આંબાવાડી એટલે નવો વિકસતો વિસ્તાર, ગુજરાત કૉલેજનો એક અજબ

દબદબો. નવા જ બનેલા વિસ્તાર નવરંગપુરામાં એચ.એલ. કોમર્સ કોલેજ અને બાજુમાં એલ.ડી. આર્ટ્સ કૉલેજ, ફાર્મસી કૉલેજ...' યાદ કરતો જાય છે મિત્ર, જે હમણાં જ ચાર દાયકાના પરદેશ-નિવાસ પછી અમદાવાદ આવ્યો છે.

ત્યાં તો બોલી પડે છે બીજો મિત્ર - ખાડિયાનો, અમદાવાદનો - પહેલાનાં સમયનો સૌથી લાડીલો વિસ્તાર એટલે ખાડિયા.

'આજુબાજુ ખેતરોની હારમાળા પાછલી બાજુ નેળિયું અને ત્યાંથી નીકળતો એક કાચો ધૂળિયો રસ્તો લઈ જતો કોટ વિસ્તારનાં અમદાવાદમાં. શહેરથી ઘણે દૂર સાબરમતી આવેલું હતું. તે ગાંધીઆશ્રમ અને સાબરમતી જેલ માટે જાણીતું. સાબરમતી ફક્ત એક રેલવે સ્ટેશન હતું જે જોડતું અમદાવાદને બીજાં શહેર અને રાજ્યો સાથે. એ સમયે શહેરની વસતી હશે માંડ ૭થી ૧૦ લાખની...' વાર્તાલાપ ચાલુ હતો અને આવી કડક મીઠી ચા, ભજીયાં, ફાફડા ને ગાંઠિયા.

> કેવો હતો શહેરનો એ સમય! સ્કૂલેથી છૂટે એટલે દરેક બાળક જાય અખાડે. ત્યાં નિયમિત શીખવા પડે સંયમ, શિસ્ત અને કસરતનાં અધ્યાય...'

'અને એ સમયે વાહનો કેટલાં ઓછાં. ગણ્યાંગાંઠ્યાં સ્કૂટરો, પેડલ રીક્ષા ને ઘોડાગાડી. વેઢે ગણાય એટલી મોટરગાડી અને જાહેર માર્ગ પર તો છોકરાં ગિલ્લીદંડા રમતાં... અહા! કેવો હતો શહેરનો એ સમય! સ્કૂલેથી છૂટે એટલે દરેક બાળક જાય અખાડે ત્યાં નિયમિત શીખવા પડે સંયમ, શિસ્ત અને કસરતનાં અધ્યાય...' પરદેશવાસી ગુજરાતી મિત્ર બોલ્યો.

'અરે! તને યાદ છે કે વર્ષમાં એકવાર કેમ્પ ફાયર થતો અને શહેરનાં સૌ બાળકો એકઠાં થઈ કાંકરિયા જતા ને?' પૂછે છે ખાડિયાવાસી.

'હા... હા... સૌ બાળકો રાત્રિવાસ દરમિયાન એકઠાં થતાં. બધાં બાળકો બે ભાગમાં વહેંચાઈ જતાં. બે હરીફ ટુકડી બનતી. પૂરી થઈ જતી. બસ જાણે પલકારામાં સમય ચાલી જતો ને ક્યારે

અર્ધચંદ્રમાંથી લાલઘૂમ સૂર્ય કાંકરિયા તળાવની સપાટી પર તરવા આવી જતો એ ખબર પણ ના રહેતી...!'

વચ્ચોવચ એક ધ્વજ રાખતા અને એ ધ્વજ ઝૂંટવવા આખીય રાતનાં ચારે પ્રહર યુદ્ધ ચાલતું. ડિફેન્સ (બચાવ) અને ઓફેન્સ (આક્રમણ)નાં નાનાં-મોટાં પ્લાનિંગ થતાં. સ્ટ્રેટેજિઝ બદલાતી, ઘડાતી, રમત જામતી... આખીય રાત ક્યાંય પૂરી થઈ જતી. બસ જાણે પલકારામાં સમય ચાલી જતો ને ક્યારે અર્ધચંદ્રમાંથી લાલઘૂમ સૂર્ય કાંકરિયા તળાવની સપાટી પર તરવા આવી જતો એ ખબર પણ ના રહેતી...!'

બોલતો જતો હતો ખાડિયાવાસી. તે પૂરો ખોવાયો હતો શહેરની સ્મૃતિઓમાં. આ શહેરની સ્મૃતિ હતી, શહેરની રહેણીકરણી કે વાતાવરણનો ઇતિહાસ હતો કે એની બાળપણની સ્મૃતિઓ, જાણે તે બધું જ એકાકાર થઈ રહ્યું હતું.

'જૂની રમતોનું સ્થાન હવે ડિજિટલ ગેમ્સે લઈ લીધું છે. અખાડાનું સ્થાન જીમે લીધું છે. પહેલાં ચોરે ને ચૌટે ગવાતાં દેશભક્તિનાં ગીતોને બદલે નવાં નવાં સંગીત અને ફિલ્મી ગાયનો ગવાય છે. આપણું શહેર ચોક્કસ ખૂબ જ બદલાયું છે. છતાંય આજે પણ શહેરની પચરંગી પ્રજા વચ્ચે ક્યાંક આપણું અમદાવાદ અકબંધ છે.' ખાડિયાવાસી બોલ્યો.

'એમ આપણું અમદાવાદ હજીયે છે? ના ના દોસ્ત! ક્યાં છે આપણી રમતો! મારદડી, કીતીકેતી, દોનદોન આટાપાટા, પગથિયાં, કબડ્ડી, નાગોલચું - આજની પેઢીને તો કદાચ આ નામ સુધ્ધાં ખબર નથી. આજની પેઢી તો વીડિયોગેમ્સ, મોબાઇલ અને કમ્પ્યૂટરની રમતોને જ ઓળખે છે જાણે! આ નવી રમતો રસપ્રદ ચોક્કસ છે પણ જૂની રમતોનું પણ એક અજબ નૂર હતું.' પરદેશવાસી મિત્ર કહે છે.

**ક્યાં છે આપણી રમતો! મારદડી, કીતીકેતી, દોનદોન આટાપાટા, પગથિયાં, કબડ્ડી, નાગોલચું - આજની પેઢીને તો કદાચ આ નામ સુધ્ધાં ખબર નથી.**

ખાડિયાવાસી બોલી ઊઠ્યો, 'ના ના દોસ્ત. આજની પેઢી જૂની રમતોને નથી જાણતી પણ જો તે આ રમતો વિષે જાણે તો હજીયે તેમને રસ તો પડે. જો આપણી જૂની કટિંગ ચા હજીયે એટલી જ વેચાય છે. ફાફડા, જલેબી, ગાંઠિયા હજીયે અમદાવાદનો ભાવતો નાસ્તો રહ્યો છે. આપણાં જૂનાં ગીતો ને ગરબા 'એકે લાલ દરવાજે તંબુ તાણિયા રે લોલ...', 'પૂનમની રાત ઊગી...', 'તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમવા જાય રે...', હજુય રમઝટ જમાવે છે માતાજીની નવલી નવરાત્રિ દરમિયાન. 'અમે અમદાવાદી...', 'હું તો ફૂલડાં વીણવા ગઈ'તી...' આપણાં મળતાવડાં ને રમતિયાળ ગીતો, આપણા ગરબા, નૃત્ય અને બોલી આ બધાયમાં હજી આપણું અમદાવાદ કૃત્મ છે. દોસ્ત, એમાં આપણાં શહેરનાં હજુયે દર્શન થાય છે, કોટ વિસ્તારમાં હોળી પહેલા ઘરે રંગ બનાવીને વેચતી પેલી બહેનોમાં, રક્ષાબંધન પહેલા રાખડી બનાવીને બજારમાં લાવતાં લોકોમાં, ઉત્તરાયણમાં પતંગ લઈ રસ્તે દોડતાં બાળકોમાં, દીવાળીમાં નામાંના ચોપડાને ગાંધી-ટોપી પહેરીને પૂજતાં કુટુંબોમાં, અમદાવાદી સાડી, પટોળા પહેરીને ઠાવકી બનતી નાની-મોટી ગુજરાતણોમાં, હજીયે આ બધામાં અમદાવાદ વસે છે.' બસ વાર્તાલાપ ચાલુ જ હતો, ને અચાનક પરદેશવાસી મિત્ર ઊભો થયો. બારી ખુલ્લી હતી ને તેની નજર બહાર ગઈ. તે તાકી રહ્યો. કેટકેટલીયે મિનિટો પસાર થઈ ગઈ.

> આપણાં શહેરનાં હજુયે દર્શન થાય છે, કોટ વિસ્તારમાં હોળી પહેલા ઘરે રંગ બનાવીને વેચતી પેલી બહેનોમાં, રક્ષાબંધન પહેલા રાખડી બનાવીને બજારમાં લાવતા લોકોમાં, ઉત્તરાયણમાં પતંગ લઈ રસ્તે દોડતા બાળકોમાં, દીવાળીમાં નામાના ચોપડાને ગાંધી-ટોપી પહેરીને પૂજતા કુટુંબોમાં

ખાડિયાવાસી મિત્ર કહે, 'અરે! દોસ્ત શું વિચારમાં છે?'

પરદેશવાસી બોલ્યો, 'આ રોડ તો અહીંયા વર્ષો પહેલાં હતો તે જ છે નહીં કે? અને આ જ સડક પર ટ્રાફિક કેટલો વધી ગયો છે!' આ જ વિસ્તાર પહેલાં શાંત હતો. પરદેશી મિત્ર એનાં મનમાં સંઘરાયેલી આ વિસ્તારની શાંતિ સાથે આજનાં ઘોંઘાટ અને

પૉલ્યુશનવાળા એ જ વિસ્તારને જાણે સાંકળી શકતો નહોતો. મૂંઝવણ ઘેરી બની. ખાડિયાવાસીથી ન રહેવાયું, 'અરે! ભાઈ શહેર તો બદલાય, એમાં આટલું બધું શું વિચારવાનું હોય!'

'ના, ના... આ તો જૂની સ્મૃતિઓનું પૂર ઊભરાયું છે,' એ બોલ્યો.

'કઈ સ્મૃતિઓ સળવળે છે?' વળતો પ્રશ્ન આવ્યો.

પરદેશવાળા મિત્રની આંખો ચમકી. 'અરે! આજનો ઘોંઘાટ અને મનમાં તો છે સન્નાટો. કેવો સન્નાટો છવાઈ જતો ખાડિયામાં કર્ફ્યૂના સમયે...!' તે બોલ્યો.

'કર્ફ્યૂ...!' - ખાડિયાવાસીનું હૈયું જાગી ઊઠ્યું. હૃદય જોરજોરથી ધડકવા લાગ્યું. 'અરે! એ સન્નાટો... એ કર્ફ્યૂ... એ તો આપણાં અમૂલ્ય સંભારણાં... જીવનની એવી પળો કર્ફ્યૂના બંધ બારણાંઓ પાછળ વીતી છે કે બસ...' એની બોલતી બંધ થઈ ગઈ.

સન્નાટો... સંધ્યાકાળનું સ્થાન રાત્રિએ લીધુ હતું. મહાગુજરાતનું આંદોલન પૂરજોશમાં ચાલી રહ્યું હતું. મહાગુજરાત જનતા પાર્ટી તરફથી તે રાત્રે અગાશી અને ધાબા પરથી ઘંટનાદનાં કાર્યક્રમનો પ્લાન હતો. કાર્યક્રમ શરૂ થવાની ગણતરીની મિનિટો બસ બાકી હતી. આખાય વિસ્તારમાં નીરવ શાંતિ હતી.

અરે! સન્નાટો...
એ કર્ફ્યૂ...
એ તો આપણાં
અમૂલ્ય સંભારણાં...
જીવનની એવી
પળો કર્ફ્યૂના
બંધ બારણાંઓ
પાછળ વીતી છે કે
બસ...'

પોલિસની વૅન દોડતી ત્યારે નીરવ શાંતિનો થોડી ક્ષણો માટે ભંગ થતો. ઘડીકમાં પોલિસનાં બૂટનો ડબ... ડબ... અવાજ આવતો, ભય લાગતો. એટલામાં બાજુની પોળમાંથી ટોળું, દોડી પડ્યું... 'મહાગુજરાત લે કે રહેંગે...' - જોરશોરથી નારાબાજી ચાલુ થઈ. બસ નારાબાજીમાં એક જ રટણ... સીધી વાત - એક જ વાત - અમારે જોઈએ અમારું ગુજરાત.

પોળની
ખડકીએથી...
સન્નાટો

રસ્તા પર ટોળું, નારાબાજી, પોલિસની સાઇરનો ડબ... ડબ... દોડતાં બૂટનો અવાજ. વચ્ચે પોળની બારીઓની તિરાડમાંથી ઝીણી આંખે આ અંધાધૂંધીને સમજવા માંગતાં બાળકોની તીરછી નજર. બહારથી સંભળાતા મોટામસ ધડાકા, એક પછી એક છૂટતાં ટીયરગેસનાં શેલ, ધૂમાડાના ગોટે-ગોટા, તીવ્ર વાસ, મોટા ધડાકા, વધતા જતા હૃદયના ધબકાર, અંધાધૂંધી, ગભરાટ! મરચું આંખોમાં પડ્યું હોય એમ બળતી આંખ. 'વળી એકવાર તો એક ટીયરગેસ ઘરની બહાર, બસ અહીંયા જ ફૂટ્યો હતો. આંખો કેવી બળતી હતી ત્યાં જ આપણા નાનજીકાકાએ ફટ કરતી બારી બંધ કરી દીધી હતી. યાદ છે તને?'

પરદેશવાસી મિત્ર થોડીવારે કળ વળી હોય એમ બોલ્યો. 'વળી લાઇટો પણ બંધ જ રાખવી પડતી. આપણે સૌ આ પરિસ્થિતિમાં નવા હતાં. જ્યારે એ વખતનાં વડીલોએ પહેલા ૧૯૪૨નાં આંદોલનો જોયાં હતાં એટલે એ બધાય આ પરિસ્થિતિથી વાકેફ હતા.'

બહારથી
સંભળાતા મોટામસ
ધડાકા,
એક પછી
એક છૂટતાં
ટીયરગેસનાં શેલ.
ધૂમાડાના
ગોટે-ગોટા,
તીવ્ર વાસ.
મોટા ધડાકા,
વધતા જતા
હૃદયના ધબકાર.
અંધાધૂંધી, ગભરાટ!
મરચું આંખોમાં
પડ્યું હોય એમ
બળતી આંખ.

'અરે! લાઈટો કેમ બંધ કરી?' પૂછતો પેલો મિત્ર જે એ વખતે હતો માંડ ૮ વર્ષનો હશે, એ કૂતુહલથી અંધાધૂંધીની આરપાર નજર માંડવા માટે બારી ખોલીને તિરાડમાંથી જોયા કરતો. સ્વાતંત્ર્યસેનાની નાનજીભાઈ ભટ્ટ ઠંડા પેટે સમજાવતા, 'દીકરા, લાઇટો ચાલુ હોય તો બહારથી પોલિસ તને જુએ અને તને જ નિશાન બનાવે ગોળીનું. જરા સમજ. લાઇટ બંધ હોય તો પોલિસની હીલચાલ પર આપણે નજર રાખી શકીએ.' વળી વડીલ ડોલમાં પાણી ભરી એમાં મીઠું નાખી લાવે અને એના પોતા કરીને બાળકોની આંખ પર મુકે જેથી બળતરા ઓછી થતી જાય. જ્યારે બહારથી ઘોંઘાટ, અવાજ, સાઇરન, બૂટનો અવાજ બંધ થાય એટલે વળી પાછું બારીની તિરાડમાં ગોઠવાઈ જવાનું ને જોયા કરવાનું.'

...આ અમારો સૌથી પહેલો પરિચય કર્ફ્યૂ સાથેનો. એકાદ

પોળની
ખડકીએથી...
સન્નાટો

કર્ફ્યૂગ્રસ્ત રાત્રે બારીની તિરાડમાંથી વળી અમે સૂત્રોચ્ચાર કરતું ટોળું જોયું. પોલિસની ગાડીની સાઇરન પણ શરૂ થઈને વળી બૂટનું દડ... બડ... દડ... બડ. પોળના છોકરાઓનું ટોળું તરત વિખેરાઈ ગયું. બધાં જુદા જુદા છાપરે ચડીને દોડતાં બીજી પોળોનાં છાપરે-છાપરે ક્યાંય છુપાઈ ગયાં ને પોલિસના હાથે કશુંય ના આવ્યું. અને વળી જાણે પોલિસ સાથે સંતાકુકડીની રમત રમતાં હોય તેમ ધાબે છુપાઈને છોકરાં ચિચયારીઓ પાડતાં અને ઘંટનાદ કરતાં રહ્યાં. ચીચીયારીઓ. ઘંટનાદ... સાઇરનો... બૂટનો અવાજ... અંધારું અને વચ્ચે સન્નાટો. ભયનું સામ્રાજ્ય એટલે આવી કર્ફ્યૂગ્રસ્ત રાત્રિઓ. પહેલાવહેલા આ કર્ફ્યૂના અનુભવ.

...આવી જ એક રાત્રે અમે બંને ભાઈબંધ બારીની તિરાડે આવી બેઠા અને નક્કી કર્યું કે આજ તો છાપરે ચડીને પણ કર્ફ્યૂની હિલચાલ જોવી છે. અમે તિરાડમાંથી વારાફરતી નજર માંડતા હતા. દૂર ઊભેલી પોલિસની ગાડી, પોલિસની ટુકડી, એમની બંદુકો બધું અમે જોઈ રહ્યા હતા. ત્યાં અમારી નજર પડી ઘરનાં નોકર રામુકાકા પર. એ નીચે ઊભા ઊભા કોઈ ઈશારા કરી રહ્યા હતા. એ જે તરફ તાકી રહ્યા હતા ત્યાં નજર કરતાં દેખાયું કે એક કામવાળી બહેન નાના ભૂલકાને તેડીને અગાશીમાં ઊભી હતી, કૂતુહલથી બધું તાકી રહી હતી. રામુકાકા ભૂલકા અને બાઈ તરફ હાથ હલાવીને તેમને અંદર જવાની સૂચના આપી રહ્યા હતા. ત્યાં તો વળી દડ... બડ... દડ... બડ અવાજ ચાલુ થયો ને પોલિસ રામુકાકાને જ ઘેરાઈ વળી. બંદુકો તાકી દીધી. રામુકાકાનો ચહેરો ભયગ્રસ્ત ને રડમસ બની ગયો. અમે પણ અવાક્ થઈને બેઠા. ચૂપચાપ પોલિસ પાસે એ હાથ જોડીને રડી પડ્યા, કરગર્યા કે કાંઈ નહીં બસ પેલી કામવાળીબાઈ અને પેલા ભૂલકાને વાગી ન જાય માટે નિશાની કરવા બહાર આવ્યો હતો. પણ પોલિસ તો ટસની

પોલિસની ગાડીની
સાઇરન પણ
શરૂ થઈને
વળી બૂટનું
ધબ ડબ ધડ ડબ.
પોળના છોકરાઓનું
ટોળું તરત
વિખેરાઈ ગયું.
બધાં જુદા જુદા
છાપરે ચડીને દોડતાં
બીજી પોળોનાં
છાપરે-છાપરે
ક્યાંય છુપાઈ ગયાં.

મસ પણ ના થઈ. બસ કાકાને પકડી ગયા. અમે દોડતાં જઈને વડીલોને વાત કરી. બધા ચિંતિત થઈ ગયા અને પછી પોલિસચોકીએ ગયા. ખૂબ જ સમજાવટ અને અથાગ પ્રયત્ને વડીલો રામુકાકાને છોડાવી લાવ્યા. અમે તો એવા શીયાંવીયાં થઈ ગયા કે કર્ફ્યૂમાં કદી છાપરે કે બહાર જવાનો વિચાર સુધ્ધાં કરવાની હિંમત થઈ નહિ.

કર્ફ્યૂ દરમિયાન બનેલા આવા કેટકેટલાય પ્રસંગો - એક પછી એક ફૂટતાં ફણગાની જેમ, જાણે અંતરમન પર ચલચિત્રની જેમ ઊપસી આવ્યા. અને એક વિચાર તગતગી ગયો કે આજની પેઢી કદાચ  કર્ફ્યૂ શું હોય એ પણ નહિ જાણતી હોય! અને ક્યાંથી જાણે? નરેન્દ્રભાઈ મોદીનાં શાસનમાં ૨૦૦૨ પછી કર્ફ્યૂ લાદવાની જરૂર ઊભી જ નથી થઈ ને!

> એક પછી એક ફૂટતાં ફણગાની જેમ, જાણે અંતરમન પર ચલચિત્ર જેમ ઉપસી આવ્યા. અને એક વિચાર તગતગી ગયો કે આજની પેઢી કદાચ  કર્ફ્યૂ શું હોય એ પણ નહિ જાણતી હોય!

આ સંભારણાનો અને વાતોનો દોર ચાલુ જ હતો... અને વચ્ચે વચ્ચે ખૂણામાં બેઠેલી બે લેખિકાઓ તરફ આ મિત્રોનું ધ્યાન પડ્યા કરતું. આ બંને ચૂપચાપ રસથી આ વાતો સાંભળી રહી હતી.

'મામા! અમે તમારી યાદોને કંડારીને એક નાનકડું પુસ્તક લખીએ?' અચાનક એક બહેન બોલી. મિત્રો ચૂપ થઈ ગયા. 'હા! કદાચ તમારી વાતોમાં આ શહેરનાં સંભારણાં છે. આ સંભારણાંમાં આપણા શહેરનું અજબ ચિત્ર છે. અમદાવાદની ગઈકાલનું વાતાવરણ છે. અમે લખીશું તો અમારાં જેવા ઘણાંયને શહેરની ગઈકાલ આજે માણવા મળશે.' બીજી બહેન બોલી.

'હા, બેટા ચોક્કસ લખો.' મિત્રો એક અવાજે સહમત થયાં.

બંને મિત્રો વિચારે ચડ્યા.



# બે : સંચારબંધીનો સંવાદ

પરદેશવાસી મિત્રના ત્યાં બેઠેલા બંને નવયુવાન દીકરાઓને પણ જાણે રસ પડી રહ્યો હતો, તેઓ કહેવા લાગ્યા કે અમને કહોને કર્ફ્યૂ એટલે શું?

ખાડિયાવાસી મિત્ર કહેવા લાગ્યા કે, 'સ્વતંત્રતા એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. ઇતિહાસમાં અંકિત થઈ ચૂકેલા લોકમાન્ય તિલકના શબ્દો આજે પણ આઝાદ ભારતના ત્રિરંગા સાથે હવામાં લહેરાઈ રહ્યા છે. આઝાદ દુનિયામાં જન્મ લઈને આપણે મનફાવે તે રીતે, તે સમયે, સ્વતંત્રતાપૂર્વક ફરી શકીએ છીએ, પરંતુ જ્યારે આ સ્વતંત્રતાને છીનવી લેવામાં આવે એટલે કે આપણા પર કોઈ વ્યક્તિ, સંસ્થા કે સરકાર કે પછી ઉપરી સત્તા દ્વારા કોઈ સ્થળે, કોઈ વિસ્તારમાં ચોક્કસ કે અચોક્કસ મુદતના સમયગાળા માટે હરવા-ફરવા કે ક્યાંક દાખલ થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે ત્યારે કેવું લાગે? દેશમાં કે દુનિયામાં તોફાનો, રમખાણો, આતંકવાદ, કોમી હુલ્લડો દરમિયાન સરકાર દ્વારા જનતા પર લગાવવામાં આવતા પ્રતિબંધને આપણે કર્ફ્યૂ તરીકે ઓળખીએ છીએ.'

**એમ તો 'કર્ફ્યૂ' શબ્દથી આપણે ખૂબ જ પરિચિત છીએ. તોફાનો દરમિયાન આપણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કર્ફ્યૂ સાથે પરિચયમાં આવ્યા છીએ, જોકે આજની પેઢી માટે આ શબ્દ તો નહીં, પરંતુ પરિસ્થિતિ ઘણી જ અજાણી છે.**

'એમ તો 'કર્ફ્યૂ' શબ્દથી આપણે ખૂબ જ પરિચિત છીએ. તોફાનો દરમિયાન આપણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કર્ફ્યૂ સાથે પરિચયમાં આવ્યા છીએ, જોકે આજની પેઢી માટે આ શબ્દ તો



# બે : સંચારબંધીનો સંવાદ

પરદેશવાસી મિત્રના ત્યાં બેઠેલા બંને નવયુવાન દીકરાઓને પણ જાણે રસ પડી રહ્યો હતો, તેઓ કહેવા લાગ્યા કે અમને કહોને કર્ફ્યૂ એટલે શું?

ખાડિયાવાસી મિત્ર કહેવા લાગ્યા કે, 'સ્વતંત્રતા એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. ઇતિહાસમાં અંકિત થઈ ચૂકેલા લોકમાન્ય તિલકના શબ્દો આજે પણ આઝાદ ભારતના ત્રિરંગા સાથે હવામાં લહેરાઈ રહ્યા છે. આઝાદ દુનિયામાં જન્મ લઈને આપણે મનફાવે તે રીતે, તે સમયે, સ્વતંત્રતાપૂર્વક ફરી શકીએ છીએ, પરંતુ જ્યારે આ સ્વતંત્રતાને છીનવી લેવામાં આવે એટલે કે આપણા પર કોઈ વ્યક્તિ, સંસ્થા કે સરકાર કે પછી ઉપરી સત્તા દ્વારા કોઈ સ્થળે, કોઈ વિસ્તારમાં ચોક્કસ કે અચોક્કસ મુદતના સમયગાળા માટે હરવા-ફરવા કે ક્યાંક દાખલ થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે ત્યારે કેવું લાગે? દેશમાં કે દુનિયામાં તોફાનો, રમખાણો, આતંકવાદ, કોમી હુલ્લડો દરમિયાન સરકાર દ્વારા જનતા પર લગાવવામાં આવતા પ્રતિબંધને આપણે કર્ફ્યૂ તરીકે ઓળખીએ છીએ.'

**એમ તો 'કર્ફ્યૂ' શબ્દથી આપણે ખૂબ જ પરિચિત છીએ. તોફાનો દરમિયાન આપણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કર્ફ્યૂ સાથે પરિચયમાં આવ્યા છીએ, જોકે આજની પેઢી માટે આ શબ્દ તો નહીં, પરંતુ પરિસ્થિતિ ઘણી જ અજાણી છે.**

'એમ તો 'કર્ફ્યૂ' શબ્દથી આપણે ખૂબ જ પરિચિત છીએ. તોફાનો દરમિયાન આપણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કર્ફ્યૂ સાથે પરિચયમાં આવ્યા છીએ, જોકે આજની પેઢી માટે આ શબ્દ તો

નહીં, પરંતુ પરિસ્થિતિ ઘણી જ અજાણી છે. આપણને સૌને ઘણીવાર એવો વિચાર તો આવ્યો જ હશે કે આ શબ્દ કર્ફ્યૂ આવ્યો ક્યાંથી? તેનો અર્થ શું? દુનિયાભરમાં 'કર્ફ્યૂ'નો અર્થ સરખો જ કાઢવામાં આવતો હશે? શું 'કર્ફ્યૂ'નો અમલ પણ સમાન રીતે જ દરેક સ્થળે કરવામાં આવતો હશે? તો ચાલો, આપણે સૌથી પહેલા 'કર્ફ્યૂ'નો અર્થ શું થાય અથવા તો કર્ફ્યૂ એટલે શું તે વિષેની રસપ્રદ વાતો જાણીએ.'

ખાડિયાવાસી મિત્ર પણ જાણે બોલતા થાકતા નહોતા... તેઓએ કહ્યું, 'તમને ખબર છે કે આ કર્ફ્યૂ શબ્દ આવ્યો ક્યાંથી? કર્ફ્યૂ શબ્દ ફ્રાન્સમાંથી આવ્યો છે. ફ્રાન્સમાં આ શબ્દ એક ફ્રેઝ તરીકે ઉપયોગમાં લેવાય છે. 'કવર ફ્યુ' એટલે કે 'કવર ધી ફાયર' (Cover the fire) એટલે કે લેમ્પ કે મીણબત્તી સળગતી હોય ત્યારે તેને કવર કરવા તે. આ જ શબ્દ પછીથી ઇંગ્લિશ ભાષામાં 'કર્ફ્યૂ'ના નામે પ્રચલિત થયો, જેમાંથી હાલમાં વપરાતા આધુનિક શબ્દનો જન્મ થયો જેને આપણે 'કર્ફ્યૂ' તરીકે જાણીએ છીએ.

**આપણે માટે 'કર્ફ્યૂ' એટલે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલું એક એવું ફરમાન... જેમાં વ્યક્તિઓના સમૂહને અમુક ચોક્કસ કે અચોક્કસ મુદતના સમયગાળા માટે નિર્ધારિત કરેલી જગ્યાએ જવાની અથવા ઘરમાંથી બહાર નીકળવામાં ફરમાવવામાં આવેલી સખ્ત મનાઈ.**

આપણે માટે 'કર્ફ્યૂ' એટલે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલું એક એવું ફરમાન... જેમાં વ્યક્તિઓના સમૂહને અમુક ચોક્કસ કે અચોક્કસ મુદતના સમયગાળા માટે નિર્ધારિત કરેલી જગ્યાએ જવાની અથવા ઘરમાંથી બહાર નીકળવાની ફરમાવવામાં આવેલી સખ્ત મનાઈ. આવી જગ્યા તરીકે શહેરના ભયગ્રસ્ત કે અસરગ્રસ્ત વિસ્તારોનો કે વોર્ડનો સમાવેશ કરવામાં આવે છે. ખાસ કરીને આવું ફરમાન અશાંત પરિસ્થિતિ દરમિયાન તોફાનો કે હિંસા બીજી જગ્યાએ ન ફેલાય તે માટે સર્જાયેલી તોફાની પરિસ્થિતિ પર નિયંત્રણ કે કાબૂ લાવવા માટે કરવામાં આવે છે. કર્ફ્યૂનો અમલ ૨૪ કલાક, અમુક બપોર, સવાર કે રાતનો

ચોક્કસ સમયગાળો કે પછી અચોક્કસ મુદત માટે પણ હોઈ શકે. આ બધા જ સમયગાળાનો આધાર સર્જાયેલી પરિસ્થિતિ અને વિસ્તારના સ્વભાવ પ્રમાણે હોય છે.

દુનિયાના દેશોની વાત કરીએ તો કર્ફ્યૂ દરેક જગ્યાએ જુદા-જુદા કારણોસર પણ નાખવામાં આવે છે. દા.ત. ફ્રાન્સમાં ૨૦૦૩માં અને ૨૦૦૫માં લોકસમૂહમાં વ્યાપેલા તોફાનોના ભયને કારણે 'કર્ફ્યૂ' લાદવામાં આવ્યો હતો. ચીલીમાં ૨૦૧૦માં તાજેતરમાં જ, ભયાનક ભૂકંપના કારણોસર 'કર્ફ્યૂ' અમલમાં મૂકાયો હતો. ૨૦૧૧માં વળી ઇજિપ્તમાં થયેલા બળવાના સમયે કેટલાક બળવાખોરોને દબાવવા આવો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો. અમેરિકામાં પશ્ચિમી કિનારાની યુનિવર્સિટીમાં ભણતા જાપાની અમેરિકન વિદ્યાર્થીઓ પર પણ આવવા-જવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમેરિકામાં જ્યારે જીમકો કાયદો (ક્રો લૉઝ - Crow Laws) લાગુ કરવામાં આવ્યો હતો ત્યારે આફ્રિકન અમેરિકન કે જેઓ ૧૮ વર્ષથી નાના (માઇનર) હતા, તેઓ માટે અમુક નિયત સમય પહેલાં ઘરે પાછા ફરવું તેઓ કાયદો લાગુ કરવામાં આવ્યો હતો, જેનો અમલ ૧૯૮૦થી અમેરિકામાં થવા લાગ્યો હતો. આ કાયદાનો અમલ હજી આજે પણ થઈ રહ્યો છે. આ કાયદા દ્વારા બીજી તરફ સગીર બાળકોના વાલીઓને પણ પરોક્ષ રીતે ફરજ પાડવામાં આવે છે કે તેઓ પણ એ વિષે સજાગ રહે કે બાળકો રાત્રિ પહેલાં સાંજ પડતાં જ ઘરે આવી જાય કારણ કે વળી પાછા બીજે દિવસે શાળાએ જવાનું હોય છે. વિદેશોમાં અમુક હોસ્ટેલોમાં એવો પણ કાયદો જાણવા મળ્યો છે કે હોસ્ટેલમાં રહેતી વ્યક્તિઓએ રાતના વહેલા હોસ્ટેલ પરત આવી જવું. આ જ રીતનો કાયદો બેઝબોલ ગેમ માટે પણ લાગુ પાડવામાં આવ્યો છે કે રાત્રિના ૧ વાગ્યા પછી કોઈ પણ બેઝબોલ

ફ્રાન્સમાં ૨૦૦૩માં અને ૨૦૦૫માં લોકસમૂહમાં વ્યાપેલા તોફાનોના ભયને કારણે 'કર્ફ્યૂ' લાદવામાં આવ્યો હતો. ચીલીમાં ૨૦૧૦માં તાજેતરમાં જ, ભયાનક ભૂકંપના કારણોસર 'કર્ફ્યૂ' અમલમાં મૂકાયો હતો.

ટૂર્નામેન્ટ રમી શકાતી નથી. દુનિયાભરમાં જુદાં-જુદાં શહેરોમાં જ્યાં જ્યાં રહેણાંક વિસ્તારો છે, ત્યાંના એરપોર્ટ પર એરક્રાફ્ટના રાત્રિઊડ્ડયન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેથી એરક્રાફ્ટના અવાજથી એરપોર્ટની આસપાસના વિસ્તારમાં રહેતા રહીશોની ઊંઘમાં ખલેલ ન પહોંચે. લંડનના હિથ્રો એરપોર્ટ, કેટવિક વગેરે એરપોર્ટ પણ આ કાયદા હેઠળ આવી જાય છે. કેટલાક આંતરરાષ્ટ્રીય વિમાન ઊડ્ડયનને 'કોટા કાઉન્ટ સિસ્ટમ' (Quota Count System) હેઠળ નીચેના ઊડ્ડયનની પરવાનગી મળે પણ છે.

એટલામાં પરદેશવાસી મિત્રનાં પત્ની પણ શૉપિંગ કરીને માણેકચોકમાં નાસ્તાપાણી કરીને આવી ગયેલા. તે પણ આ ખડકી-પરિષદમાં સામેલ થઈ ગયા ને પૂછવા લાગ્યા કે 'પણ આ કર્ફ્યૂનો અમલ થતો કેવી રીતે એ કહોને...'

ને ખાડિયાવાસી મિત્રના ચહેરા પર ચમક આવી ગઈ. તે ભવાં ઊંચા કરીને વળી આગળ કહેવા લાગ્યા કે 'આપણે જોયું તેમ જુદા જુદા દેશોમાં જુદી-જુદી જાતનાં નિયંત્રણો અનુસાર 'કર્ફ્યૂ'નો અમલ કરવામાં આવે છે. ડેનમાર્કના બે શહેરો સિલ્કબર્ગ અને એલઝીંસમાં ૧૫ વર્ષથી નીચેનાં બાળકો જો મોડી રાત્રે શહેરમાં ફરતા હોય તો પોલિસ તેમને પકડીને તેમની કસ્ટડીમાં લઈ જાય છે. તેમના વાલીને જાણ કરે છે. કારણ કે આ રીતનો 'કર્ફ્યૂ'નો કાયદો બાળકોને સજા નથી કરતો, માત્ર વાલીઓને જાણ કરીને ચેતવણી આપે છે. આઇસલેન્ડ ચાઇલ્ડ પ્રોટેક્શન એક્ટ (નં. 80/2002AC/92) ૧૨ વર્ષથી નીચેનાં બાળકોને રાત્રિના ૮ વાગ્યા પછી બહાર જવાની મનાઈ ફરમાવે છે. ૧૩થી ૧૬ વર્ષની વયમર્યાદાનાં બાળકોને રાત્રિના ૧૦ વાગ્યા સુધી બહાર ફરવાની

**આઇસલેન્ડ ચાઇલ્ડ પ્રોટેક્શન એક્ટ (નં. 80/2002 AC/92 પ્રમાણે ૧૨ વર્ષથી નીચેના બાળકોને રાત્રિના ૮ વાગ્યા પછી બહાર જવાની મનાઈ ફરમાવે છે.**

છૂટ છે, પરંતુ જ્યારે શાળાનો સ્પોર્ટ્સ ડે કે બીજા જાહેર કાર્યક્રમો હોય ત્યારે બાળકોને વધારે સમય સુધી બહાર રહેવાની છૂટ મળી શકે છે. જો કોઈ પણ બાળક કર્ફ્યૂના આ કાયદાનો ભંગ કરે તો પોલિસ તેને પકડીને પોલિસ સ્ટેશન લઈ જ જાય છે અને વાલીને જાણ કરે છે. યુનાઇટેડ કિંગડમમાં બીહેવીરલ એક્ટ, ૨૦૦૩ પ્રમાણે ૧૬ કે તેથી ઓછી વર્ષનાં બાળકો સાથે તેના વાલી ન હોય તો, પોલિસ કડક પગલાં લે છે, પછી ભલે પણે કોઈ ખરાબ વર્તન કે ગેરકાયદેસર કૃત્ય ન કર્યું હોય. હાઇકોર્ટના ચુકાદા અનુસાર જોકે, પોલિસ બાળકની ધરપકડ કરી શકતી નથી કે તેને પોલિસ સ્ટેશન લઈ જઈને પૂછપરછ પણ કરી શકાતી નથી, ફક્ત તેને ઘેર મૂકી આવે છે. બ્રિટનમાં આજે પણ 'મિડવેરિઅલ' (Medierel) પ્રથા પ્રમાણે રાત્રે અમુક ગામોમાં કર્ફ્યૂ બેલ વાગે છે જેના દ્વારા અંધારામાં મુસાફરો સહીસલામત મુસાફરી કરી શકે છે.

બ્રિટનમાં આજે પણ 'મિડવેરિઅલ' (Medierel) પ્રથા પ્રમાણે રાત્રે અમુક ગામોમાં કર્ફ્યુ બેલ વાગે છે જેના દ્વારા અંધારામાં મુસાફરો સહીસલામત મુસાફરી કરી શકે છે.

અમુક જગ્યાએ તો રાત્રે વાગતા ચર્ચબેલ પછી મીણબત્તી કે કોડિયું સળગાવવા પર પણ પ્રતિબંધ છે. તમને આ વાત જાણીને ખૂબ નવાઈ લાગશે, પરંતુ ૧૮૪૩માં બ્રિટનના રિચાર્ડ સ્મિથે 'કર્ફ્યૂ પર એક કવિતા લખી હતી, જેનું શિર્ષક હતું 'કર્ફ્યૂ મસ્ટ નોટ રિંગ ટૂડે'. યુનાઇટેડ સ્ટેટ્સની વાત કરીએ તો, અહીં સામાન્યત: શહેરને લગતા મર્યાદિત કાયદાઓ હોય છે, ફેડરલ કાયદા હોતા નથી એટલે કે દરેક શહેરને પોતાના જુદા જુદા કાયદાઓ હોય છે, છતાં પણ બંધારણ દ્વારા નાગરિકોને કેટલાક અધિકારો બક્ષવામાં આવ્યા છે, જે બંધારણમાં ૧૪મા એમેન્ડમેન્ટ બિલ દ્વારા દરેક શહેરને લાગુ પડતા હોય છે. તેના અંતર્ગત દરેક સ્ટેટના કર્ફ્યૂનો જો તે બંધારણના કાયદાની કલમ ૧, ૪, ૫ અથવા ૧૪નો ભંગ થતો હોય તો તે કર્ફ્યૂના કાયદાને રદબાતલ કરવામાં આવે છે. આ ઉપરાંત બંધારણ ૯માં સુધારા પ્રમાણે પણ

'રાઇટ ટુ પ્રાઇવસી'ના અધિકારો પ્રમાણે જો કર્ફ્યૂના કાયદા દ્વારા તેનો ભંગ થતો હોય તે રદબાતલ ગણવામાં આવે છે. કર્ફ્યૂના નિયમો દુનિયાભરમાં સ્ટેટ અને લોકલ ગવર્નમેન્ટ દ્વારા નક્કી કરવામાં આવે છે એટલે સ્ટેટ અથવા તો મ્યુનિસિપાલિટી પણ કર્ફ્યૂને લગતા કાયદા રચી શકે છે.

કર્ફ્યૂની બીજી તરફ જોઈએ તો લશ્કરમાં કર્ફ્યૂનો અમલ કડક શિસ્તપાલન માટે કરવામાં આવે છે. આ પ્રમાણેનો કર્ફ્યૂ લશ્કરમાં લાદવાથી ખરાબ વર્તણૂક, અશિસ્ત અને ગુનાઓ ઓછા પ્રમાણમાં થાય છે. આવા કર્ફ્યૂના અમલ અંગે કેટલીયે ચર્ચાઓ પણ થઈ. ૨૦૧૧માં યુ.સી. બર્કલી નામક વ્યક્તિએ આની ઉપર સંશોધન માટે યુ.એસ.એ.ના ૫૪ મોટાં શહેરોનો અભ્યાસ પણ કર્યો જેમાં ૧૯૮૫થી ૨૦૦૨ દરમિયાન કર્ફ્યૂના અભ્યાસનું તારણ એ આવ્યું હતું કે, અમલના પહેલા વર્ષ દરમિયાન ૧૫ ટકા યુવાનો અને પછીના વર્ષમાં ૧૦ ટકા યુવાનોની વર્તણૂકમાં સુધારો જોવા મળ્યો હતો.

આમ, યુવાનો માટેના કર્ફ્યૂના અમલના પરિણામરૂપે અશિસ્તનું પ્રમાણ જે ૧૫ ટકા હતું તે ઘટીને ૧૦ ટકા જેટલું થયું એટલે કે કર્ફ્યૂના અમલનાં હકારાત્મક પરિણામો જોવા મળ્યાં. જુદા-જુદા દેશોમાં અરાજકતા નિવારણ માટે, નિયંત્રણ લાવવા માટે, શિસ્તપાલન થાય તે માટે કર્ફ્યૂનો અમલ કડક રીતે કરવામાં આવે છે. યુવાનો ગુનાખોરીથી દૂર રહે અને શિસ્તબદ્ધ રહે તે માટે પણ કર્ફ્યૂનો પ્રયોગ કરવામાં આવે છે. બાળકોમાં પણ શિસ્તબદ્ધ ઉછેર અને અભ્યાસ થાય તે માટે પણ કર્ફ્યૂનું પાલન સારું રહે છે.



**આમ, યુવાનો માટેના કર્ફ્યૂના અમલનાં પરિણામરૂપે અશિસ્તનું પ્રમાણ જે ૧૫ ટકા હતું તે ઘટીને ૧૦ ટકા જેટલું થયું એટલે કે કર્ફ્યૂના અમલના હકારાત્મક પરિણામો જોવા મળ્યાં.**



# ત્રણ : કર્ફ્યૂ એટલે...

ખાડિયાવાસી મિત્ર તેમના જ્ઞાનનો પ્રકાશ પાથરવા લાગ્યા હતા... તેઓ કહેવા લાગ્યા કે, દુનિયાના જુદા-જુદા દેશોમાં કર્ફ્યૂ શેના માટે હોય છે અને તેનો અમલ પણ કેવી જુદી-જુદી રીતે થાય છે તે વિષે આપણે જાણ્યું. કર્ફ્યૂ શબ્દ ક્યાંથી આવ્યો તે પણ જાણ્યું. અલગ અલગ દેશોમાં કર્ફ્યૂ બાબતમાં વિવિધ કાયદાઓ અંગે પણ જાણ્યું. જોકે એ બધું જ વર્ણન વિદેશોમાં મૂકાયેલા કર્ફ્યૂ અને કાયદાઓ પર હતું. વધારે જાણકારી યુરોપિયન દેશો અને અમેરિકા વિષે હતી. આમ જોવા જાઓ તો ૨૦મી સદી દરમિયાન વિશ્વના મોટા ભાગના દેશો પર યુરોપિયન રાજ્ય હતું. ખાસ કરીને આફ્રિકા અને એશિયા ખંડના મોટા ભાગના દેશો યુરોપિયન સામ્રાજ્યના તાબામાં હતા. આ બધા જ દેશો તેમની ગુલામીમાંથી મુક્ત થઈને સ્વતંત્રતા પામવા માટે લડત ચલાવી રહ્યા હતા અને આ ગુલામીની જંજીરોમાંથી ભારત પણ બાકાત નહોતું. આ લડતોને ડામવા માટે, જનતાને કાબૂમાં લેવા માટે ક્રૂર પ્રકારના પ્રયોગોનો આશરો સત્તા દ્વારા લેવામાં આવતો હતો, જેમ કે, લોકોને જેલમાં પૂરી દેવા, પ્રજા ઉપર દમન, અત્યાચારરૂપી કોરડા વીંઝવા વગેરે વગેરે...

આમ જોવા જાવ તો
૨૦ સદી દરમિયાન
વિશ્વના મોટાભાગના
દેશો પર
યુરોપિયન રાજ્ય હતું.
ખાસ કરીને આફ્રિકા
અને એશિયા ખંડના
મોટા ભાગના દેશો
યુરોપિયન સામ્રાજ્યના
તાબામાં હતા.

૨૦મી સદીની શરૂઆતમાં જ નાગરિક સ્વતંત્રતાની ચળવળો શરૂ થઈ. તેમાંથી ધીમે-ધીમે નાગરિકો માટેના હકો અંગેના કાયદાઓ

અમલમાં આવતા ગયા. ભારતમાંથી પણ સન્ ૧૮૫૭માં ભારતીય પ્રજાએ સશસ્ત્ર ક્રાંતિ દ્વારા અંગ્રેજોને હાંકી કાઢવાનો પ્રયત્ન થયેલો, પણ તે નિષ્ફળ ગયો. પુનઃ ભારતની પ્રજા ગુલામીની જંજીરોમાં જકડાઈ ગઈ. પ્રજામાં વખત જતા જેમ જેમ જ્ઞાનનો સંચાર થતો ગયો, તેમ તેમ ભારતીય પ્રજામાં જાગૃતિ આવતી ગઈ.

અમે પણ રસથી સાંભળતા હતા ને અમારી કલમથી પેપર પર ટપકાવતા જતા હતા... કલમમાં જાણે નવી સ્ફૂર્તિ આવી ગઈ હતી...

૧૯૧૫ની
સાલમાં જ
તેમણે અમદાવાદમાં
સાબરમતી નદીનાં
તટે આશ્રમની
સ્થાપના કરી.
ને અહિંસક માર્ગે
આઝાદી માટેની
લડતના
શ્રીગણેશ કર્યાં.

આ જ સમયમાં બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી આફ્રિકા ગયા, જ્યાં તેમને ટ્રેનમાંથી ફેંકી દેવામાં આવ્યા. કાળા-ગોરાના ભેદનું આ અપમાન સહન કર્યા પછી તેમને આફ્રિકામાં વસતા એશિયન અને આફ્રિકન લોકો ઉપર થતા અત્યાચારનો ખ્યાલ આવ્યો અને આ અત્યાચારોને રોકવા, તેની સામે થવા લોકોના અધિકારોની પુનઃ પ્રાપ્તિ માટે અહિંસક સત્યાગ્રહરૂપી શસ્ત્ર લોકોને આપ્યું. અંતે આ અમોઘ શસ્ત્ર દ્વારા ભારતના દેશોમાંથી ગુલામી નાબૂદ થઈ હતી.

જ્યારે ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી પાછા ફર્યા ને સમગ્ર ભારતનું ભ્રમણ કર્યું ત્યારે તે વખતની ભારતીય પ્રજાની ગરીબીભરી અને કંગાલ હાલત જોઈને તેમનું દિલ વલોવાઈ ઊઠ્યું, ને ત્યાર બાદ તેઓએ ભારતના નાગરિકો પર થતા અન્યાય સામે અવાજ ઉઠાવવાનો, લડત આપવાનો દૃઢ નિશ્ચય કર્યો. ૧૯૧૫ની સાલમાં જ તેમણે અમદાવાદમાં સાબરમતી નદીનાં તટે આશ્રમની સ્થાપના કરી. ને અહિંસક માર્ગે આઝાદી માટેની લડતનાં શ્રીગણેશ કર્યાં. અંગ્રેજો માટે આ અહિંસક કક્ષાની લડત સમજવી અઘરી વાત હતી. તેઓ માટે આવી શસ્ત્રરહિત અહિંસક લડત આશ્ચર્યની

વાત હતી. લોકો સ્વેચ્છાએ જેલમાં જવા લાગ્યા... કાયદાઓના સવિનય ભંગ કર્યા બાદ અંગ્રેજ સરકાર સામે અહિંસક માર્ગે વિરોધ પ્રગટ કરવા લાગ્યા ને આ ભારતીય પ્રજા અહિંસાની રાહે... ગાંધીજીએ બતાવેલા માર્ગ પર વિશ્વાસ મૂકી સ્વતંત્રતા મેળવવા માટે કદમ ભરવા લાગી...

ને આમ, ભારતભરના જુદા-જુદા પ્રાંતોમાં, કસબાઓમાં સામુહિક સત્યાગ્રહ દ્વારા ભારતની પ્રજા પોતાનો વિરોધ સરકાર સામે નોંધાવવા લાગી. અંગ્રેજો આ અહિંસક લડત સામે લાચાર હતા. ભારતની સામુહિક સત્યાગ્રહની પદ્ધતિને કારણે મોટી સંખ્યામાં લોકોને જેલમાં પૂરવામાં આવતા; જેલો અપૂરતી પડવા લાગી... ને ત્યારે ૨૦મી સદીના આરંભે જ ભારતમાં કર્ફ્યૂની શરુઆત થઈ... હવે આવી પરિસ્થિતિ સર્જાતા જુદી-જુદી કાયદાકીય કલમોના ઉપયોગ દ્વારા લોકોના સમૂહને એકઠો થતા રોકવાનો પ્રયાસ કરવામાં આવવા લાગ્યો. લોકો ઘરોમાં જ રહે અને બહાર આવે જ નહીં તે માટે લોકો પર કર્ફ્યૂ દ્વારા પાબંદી લગાવવામાં આવી. આમ, ૨૦મી સદીની શરુઆતમાં ભારતમાં જુદાં-જુદાં શહેરો અને ગામોમાં કર્ફ્યૂનો અમલ થવા લાગ્યો.

ભારતની
સામૂહિક સત્યાગ્રહની
પધ્ધતિને કારણે
મોટી સંખ્યામાં
લોકોને જેલમાં
પૂરવામાં આવતા;
જેલો અપૂરતી
પડવા લાગી...
ને ત્યારે
૨૦મી સદીના
આરંભે જ
ભારતમાં કર્ફ્યૂની
શરુઆત થઈ...

હા, પણ અમને તો એ જાણવામાં રસ છે કે... અમદાવાદમાં કર્ફ્યૂ પ્રથમવાર ક્યારે આવ્યો?

ઇ.સ. ૧૯૧૯માં પંજાબના અમૃતસર શહેરમાં જલીયાવાલા બાગમાં ભરાયેલી એક જાહેર સભામાં મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા, જ્યારે જનરલ ડાયર દ્વારા ચલાવાયેલી આડેધડ ગોળીઓ દ્વારા અનેક નિર્દોષ લોકો ઠાર મરાયા હતા અને શહાદતને પામ્યા હતા. આ કરુણ ઘટનાથી સમગ્ર ભારતમાં રોષ અને દુઃખની લાગણી ફેલાઈ ગઈ હતી અને આ સમયે ઉત્તર

ભારતના અનેક શહેરોમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો હતો, જેનો સખ્તાઈપૂર્વક અમલ કરવામાં આવ્યો હતો. જ્યારે ગાંધીજીની જાણમાં આ કરુણ ઘટના આવી, ત્યારે તેઓ ઘેરા દુઃખની લાગણીમાં સરી પડ્યા અને તત્કાલ અમૃતસર પહોંચવાનો નિર્ણય કર્યો. આ દરમિયાન અમદાવાદમાં એવી અફવાએ જોર પકડ્યું કે અમૃતસર જતાં રસ્તામાં ગાંધીજીની ધરપકડ કરવામાં આવી છે ને આવી વાત ફેલાતાં જ અમદાવાદની પ્રજાનો રોષ ભભૂકી ઊઠ્યો. અમદાવાદમાં પ્રજાએ આ વાતનો વિરોધ નોંધાવવા જાહેર સ્થળોએ તોડફોડ અને આગ લગાડવાના પ્રયાસો કર્યા ને શહેરમાં ચારે બાજુ ભયંકર તોફાનો ફાટી નીકળ્યા.

ત્યારે અંગ્રેજ સરકાર દ્વારા સૌ પ્રથમ વખત અમદાવાદમાં કર્ફ્યૂ નાંખવામાં આવ્યો ને એ સાથે જ અમદાવાદ શહેરમાં સૌ પ્રથમ વખત 'શૂટ એટ સાઇટ' એટલે કે 'માર્શલ લૉ'નો પણ ઑર્ડર જારી કરવામાં આવ્યો. અમદાવાદની પ્રજાને પહેલીવાર ઘરોમાં પૂરાઈ રહેવું પડ્યું ને આ રીતે અમદાવાદની પ્રજાને પહેલીવાર 'કર્ફ્યૂ'નો પરિચય થયો.

છેલ્લાં તોફાનો ૨૦૦૨ની સાલમાં થયાં હતાં. આવાં નાનાં-મોટા તોફાનો, આઝાદીની લડતનાં તોફાનો દરમિયાન અનેકવાર કરફ્યુ આવ્યો છે માટે અમદાવાદ કરફ્યુથી ટેવાયેલું શહેર છે. એમ કહી શકાય!


છેક મોગલ સમયથી અમદાવાદમાં હુલ્લડોની શરુઆત થઈ હતી. હુલ્લડ તો અમદાવાદ માટે કંઈ નવાઈભર્યાં નથી. આ સીલસીલો એમ કહી શકાય કે જાણે છેલ્લા દાયકાથી જ બંધ થયો છે. છેલ્લાં તોફાનો ૨૦૦૨ની સાલમાં થયાં હતાં. આઝાદીની લડતનાં તોફાનો દરમિયાન અનેકવાર કર્ફ્યૂ આવ્યો છે માટે અમદાવાદ કર્ફ્યૂથી ટેવાયેલું શહેર છે એમ કહી શકાય!

૧૯૪૨માં આઝાદીની લડત દરમિયાન ને એ પહેલાં ૧૯૪૧નાં કોમી રમખાણો દરમિયાન કર્ફ્યૂ લાદવામાં આવ્યો હતો. આઝાદી પછી ૧૯૫૬ અને ૧૯૫૮ની સાલ દરમિયાન 'મહાગુજરાતની

ચળવળ' દરમિયાન કર્ફ્યૂનો અમલ કરવામાં આવ્યો હતો. ૧૯૬૯નું કોમી તોફાન અમદાવાદની તવારીખમાં સૌથી મોટું અને સૌથી લાંબા સમય સુધી ચાલેલું તોફાન હતું. ગુજરાત અને કદાચ દેશભરનાં ઇતિહાસમાં સૌથી લાબામાં લાંબો કર્ફ્યૂનો ગાળો ૧૯૬૯ના રમખાણો દરમિયાન રહ્યો હતો, જેમાં ૬ મહિના સુધી અમદાવાદમાં કર્ફ્યૂ સતત રહ્યો હતો. શરુઆતમાં ૨૪ કલાક માટે અને ત્યાર બાદ ધીમે-ધીમે કર્ફ્યૂની અવધિમાં ઘટાડો થતાં ફક્ત રાત્રિ કર્ફ્યૂ અમલમાં રહ્યો હતો. રાત્રિનાં ૧૧ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ રહેતો ને તેમાં પણ કલાકો ઘટતા ગયા ને અંતે ૬ મહિના પછી અમદાવાદમાં કર્ફ્યૂનો અંત આવ્યો. આ જ પ્રમાણે ૧૯૮૫નાં અનામત આંદોલનનાં તોફાનો દરમિયાન એક સાથે ૭ દિવસથી પણ વધારે સમય માટે સૌથી લાંબા ગાળાનો કર્ફ્યૂ રહ્યો હતો. અમદાવાદે - ખાસ કરીને કોટ વિસ્તારે ૧૯૧૯થી શરુ કરીને ૨૦૦૨ની સાલ સુધી કર્ફ્યૂનો અનુભવ કર્યો છે.

આ સમય દરમિયાન કોઈ પણ તહેવાર હોય... રથયાત્રા કે ઉત્તરાયણ, તાજિયા કે દશેરા... અચૂક તોફાન થાય જ! તહેવાર આવતા જ લોકો ભયથી કાંપવા લાગે ને ચોરે-ચૌટે અજંપાભરી પરિસ્થિતિ સર્જાય. છેવટે લોકોનો ડર સાચો જ પડે ને દારુના અડ્ડાવાળાઓ, જુગારનાં અડ્ડાવાળાઓ તોફાનો કરી ભયનો માહોલ પેદા કરે. ભય, ખૂનામરકી, લૂંટફાટ, તોફાનોની તોડફોડ વગેરેથી રક્ષણ આપવા, બચાવ કરવા સરકાર કર્ફ્યૂનો અમલ કરાવે...ને આમ વગર કારણે નિર્દોષ પ્રજાને તકલીફો વેઠવી પડે...

**આજ પ્રમાણે ૧૯૮૫નાં અનામત આંદોલનના તોફાનો દરમિયાન એક સાથે ૭ દિવસથી પણ વધારે સમય માટે એક સાથે સૌથી લાંબા ગાળાનો કર્ફ્યુ રહ્યો હતો.**



# ચાર : તોફાની માહોલ

પોળની
ખડકીએથી...
સન્નાટો

કર્ફ્યૂ એટલે શું? એ થોડું જાણ્યું. હવે આ કર્ફ્યૂ ક્યારે નાખવો પડે એ વિષે થોડું જાણીએ.

આઝાદી માટેની લડત વખતે થતા સત્યાગ્રહોને ડામવા માટે અંગ્રેજ સરકાર કર્ફ્યૂનો અમલ કરતી. આઝાદી પહેલાં પણ ક્યારેક કોમી રમખાણો થતા અને એ વખતનાં રમખાણો પાછળ અંગ્રેજોનો હાથ હતો. અંગ્રેજ સરકાર સમજી ગઈ હતી કે જો બે કોમ હિન્દુ અને મુસલમાન એક થઈ જાય તો તેમની સત્તા જોખમાઈ જાય એટલે જ ડિવાઇડ એન્ડ રૂલની પદ્ધતિ અપનાવીને અંગ્રેજો કોમી રમખાણો કરાવતા અને કેટકેટલી વાર રમખાણોને રોકવા વળી કર્ફ્યૂ પણ જાહેર કરતા.

આઝાદી પછી પણ કર્ફ્યૂ નાખવાની અંગ્રેજી પદ્ધતિનો અમલ ચાલુ રહ્યો. જેમાં મુખ્યત્વે આર્થિક, સામાજિક તથા રાજકીય કારણોસર ઊભા કરેલા જુદાં જુદાં મુદ્દાનાં નામે તોફાનો થતાં અને કર્ફ્યૂ નાખીને તોફાનોને કાબૂમાં લેવાતા. આ જુદા-જુદા મુદ્દાઓમાં - ભાષાવાદ, ભાષાવાર પ્રાંતરચના કે પછી રામમંદિર જેવા ધાર્મિક, સેન્સિટિવ અને રાજકીય મુદ્દા પર પણ કોમી રમખાણો ફાટી નીકળતા. ઘણીવાર ભારત-પાકિસ્તાનની ક્રિકેટ મેચની હાર-જીત જેવા ક્ષુલ્લક છતાં ભાવવાદી મુદ્દા પર પણ છમકલાં થયાં છે ને કર્ફ્યૂ સુધી વાત વધી ગઈ હોવાના પણ દાખલા છે.

**આ જુદાં જુદાં મુદ્દાઓમાં ભાષાવાદ, ભાષાવાર પ્રાંતરચના કે પછી રામમંદિર જેવા ધાર્મિક, સેન્સિટીવ અને રાજકીય મુદ્દા પર પણ કોમી રમખાણો ફાટી નીકળતા.**

રાજકીય અને ધાર્મિક મુદ્દાઓ પર ગરમાગરમી, આક્ષેપબાજી અને કોમ-કોમ વચ્ચે વૈમનસ્ય તેવા જાહેર ભાષણોના પરિણામે પણ કેટલીયે વાર અમદાવાદમાં તોફાનો થયા છે અને વારંવાર આવા રમખાણોને કાબૂના લેવાના શસ્ત્ર તરીકે કર્ફ્યૂ નાખવામાં આવ્યો છે.

આઝાદી પહેલાં ચળવળના ભાગ રૂપે થતાં આંદોલનને કાબૂમાં લેવા કર્ફ્યૂ નખાયો હોય કે આઝાદી પછી સામાજિક, ધાર્મિક કે રાજકીય સમસ્યાઓના પરિણામે થતાં હુલ્લડો કે રમખાણોને રોકવા કર્ફ્યૂ નખાયો હોય - કર્ફ્યૂ દરમિયાન પ્રજાએ કેટકેટલીયે મુશ્કેલીઓ વેઠવી પડે. જો રાજકીય પ્રશ્નના ઉપક્રમે થયેલા રમખાણ હોય તો રાજકીય પક્ષના કાર્યકરો જાહેર મિલકતો પર પથ્થરમારો કરે, જાહેર માર્ગ પર ફરતાં વાહનો પર પથ્થરમારો કરે કે સરકારી વાહનો કે બસને આગ ચાંપી દે. વળી આવા વખતે બસમાંથી ઊતરી ગયેલા મુસાફરો કે અન્ય રાહદારીઓને પણ કાર્યકરો તોફાનમાં સાથ આપવા આમંત્રણ આપે. કેટલાંક વળી ટોળાશાહીનો ભોગ બને ને જોડાઈ જાય... બસ ટોળું મોટું થતું જ જાય ને તોફાન વધતાં જાય. જો કોઈ સમજુ નાગરિક ટોળાને વારવા જાય તો બસ જાણે ધક્કે ચડી જાય. બરાબર, પંચતંત્રની કથામાં વાંદરાના ટોળાને સમજાવવા ગયેલી ચકલી અને એનો માળો બધુંય રફેદફે થઈ ગયું હતું. બસ એ જ હાલ સમજુ નાગરિકના થાય. ઉપક્રમે રમખાણોની તીવ્રતા વધતી જાય ને છેવટે સરકારે શાંતિની સ્થાપના કરવા કર્ફ્યૂનું હથિયાર ઉગામવું પડે.

જો રાજકીય પ્રશ્નના ઉપક્રમે થયેલા રમખાણ હોય તો રાજકીય પક્ષના કાર્યકરો જાહેર મિલકતો પર પથ્થરમારો કરે, જાહેર માર્ગ પર ફરતા વાહનો પર પથ્થરમારો કરે કે સરકારી વાહનો કે બસને આગ ચાંપી દે.

'પણ આ કર્ફ્યૂ કેવી રીતે લાદવામાં આવતો તે કાંઈ યાદ છે?' પરદેશી ગુજરાતી મિત્રએ વાતવાતમાં પૂછ્યું.

'અરે! એ તે ભૂલાય!' ખાડિયાવાસી મિત્ર બોલ્યો. સૌ પ્રથમ તો

એક પોલિસવાન આવે અને તોફાનગ્રસ્ત વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન લાઉડસ્પીકર પરથી રહીશોને કર્ફ્યૂના અમલ વિશે જાણ કરે. આ જાહેરાત કરવા ફરતી વાનને સાંભળવા વળી ટોળાં ભેગાં થાય. લોકો જાહેરાત સાંભળે અને વળી ચર્ચા કરવા ઊમટી પડે. વળી એમાં પોલિસવાન લોકોને શાંત રહીને જાહેરાત સાંભળવા માટેની 'રેડ એલર્ટ' વૉર્નિંગ પણ આપે. પોલિસની વાનની સાથે જાહેરાત આકાશવાણી (સરકારી ટીવી ચેનલ) પર પણ થાય.

કયાં કયાં વિસ્તારમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે તેની માહિતીની ખૂબ જ આપ-લે અને ચર્ચાનો એક માહોલ રચાય. આવા સમયે ટોળાં વધતાં જાય અને પોલિસની વાન આવે તેટલી વાર ટોળાં ચિચિયારીઓ પાડે. કોઈ અટકચાળો વાન પર પથ્થર મારે અને સાયરન શરૂ થઈ જાય. સાઇરન સાંભળતાં જ જેમ લાલ કપડું જોઈને બુલ-ફાઇટમાં ભાગ લેતો આખલો ઊભી પૂંછડીએ ભાગે તેમ ચિચિયારીઓ અને બૂમો પાડતું ટોળું ભાગે.

આવા સમયે ટોળાં
વધતાં જાય અને
પોલિસની વાન આવે
તેટલી વાર ટોળાં
ચિચિયારીઓ પાડે.
કોઈ અટકચાળો
વાન પર પથ્થર મારે
અને સાયરન
શરૂ થઈ જાય.

લોકો એકબીજાની અડફેટે ચડી જાય, પડી જાય, ચંપલો તૂટી જાય. ભાગદોડ, અથડામણ, ચિચિયારીઓ, સાઇરનનો અવાજ. દોડતાં ટોળાં અને ભાગતી પોલિસવાન - બસ આ માહોલ એટલે કર્ફ્યૂની શરૂઆત.

કર્ફ્યૂની શરૂઆત વખતે નાસભાગ કરતાં ટોળાઓમાં પણ એક અજબ મિજાજ હોય. હિંમતવાળા યુવાનો હોય, નાનાં છોકરડાં હોય, કેટલાક મિજાજી કાકાઓ હોય કે કોઈ પારકી પંચાતે આવી ચડેલા વડીલો હોય. ટોળામાં અંદરોઅંદર પણ એક સ્તરે તોફાની આપ-લે પણ થતી હોય. કોઈ યુવાન કહે, 'વડીલ! તમે અહીંયાથી રવાના થઈ જાઓ હોં. હમણાં પોલિસની વાન આવશે ને તમારાથી દોડાશે નહીં. અડફેટે આવશો ને વળી પડશો તો અમારે ઉપાધિ

થશે.' તો વળી વડીલ પણ સામે ફટકો મારે, 'બેસ હવે! માંડ ઊગીને ઊભો થાય છે ને સલાહ આપવા આવે છે! અમે તો આઝાદીની કેટલીય ચળવળમાં ભાગ લીધો છે. આ તો આપણા લોકો છે, ખાલી વેશ પોલિસનો. અમે તો પરદેશી અંગ્રેજી હોદ્દેદારો અને પારકાના દંડા ખાધા છે.'

તો વળી બીજી તરફ કોઈ રઘવાઈ મા દોડતી આવે. 'અરે! મારા દીપલાને જોયો? બહુ અળવીતરો છે. સહેજ આઘાપાછા કામમાં લાગીએ ને બહાર દોડી જાય છે.' તો વળી પંચાતિયા વડીલ પ્રશ્ન કરે, 'એમ, તમારા દીકરાએ કેવાં કપડાં પહેર્યાં છે?' બસ દીકરાને શોધવાનો પ્રયત્ન ચાલુ થઈ જાય. એટલામાં વળી દીપલો દેખાય અને ધોલધપાટ ચાલુ થાય. ત્યારે વળી સાયરન વાગે અને પોલિસવાન આવે. પોલિસવાનને આવતી જોઈને પાછી નાસભાગ ચાલુ થાય.

પોલિસ લાઠીચાર્જ,
ટીયરગેસ અને
ભરેલી બંદૂકો સાથે
કર્ફ્યૂનો અમલ કરાવે.
ખૂબ જ સખ્તાઈ
વચ્ચે પણ
મોટેરા અને છોકરડાં
પોળમાં રહેતા રહેતા
કર્ફ્યૂ સાથે
રહેવાનું ફવડાવી લે.

ભૂલકાંઓ અને છોકરાઓ તો આ માહોલની ગંભીરતા ક્યાંય ખંખેરી નાખે અને વળી ઉપરથી 'આયું, એ વળી આયું'ની બૂમો પાડે. આ શરૂઆત પછી કર્ફ્યૂની સખ્તાઈ વધતી જાય. પોલિસ લાઠીચાર્જ, ટીયરગેસ અને ભરેલી બંદૂકો સાથે કર્ફ્યૂનો અમલ કરાવે. ખૂબ જ સખ્તાઈ વચ્ચે પણ મોટેરા અને છોકરડાં પોળમાં રહેતા રહેતા કર્ફ્યૂ સાથે રહેવાનું ફવડાવી લે અને વળી બારી ને બારણાંની તિરાડોમાંથી એના માહોલની મજા પણ લે!

દોડાદોડી ને નાસભાગ પછીનો બીજો તબક્કો એટલે માર્કેટમાં સન્નાટો... શટરો પડવાનો અવાજ અને રીક્ષા ને બીજાં વાહનોની મદદથી દુકાનમાંનો માલ સલામત સ્થળે પહોંચાડવા મથતા વેપારીઓનો મેળો. કર્ફ્યૂનો અમલ ચાલુ થતાં જ કોટ વિસ્તારના વેપારીઓ સવારે દુકાને પહોંચીને અડધાં શટર ખોલે અને દુકાનો

ખાલી કરી માલ સુરક્ષિત સ્થળે પહોંચાડવાની ગડમથલ આરંભે. ઝડપી હેરાફેરી ચાલુ થાય. રીક્ષા, સ્કૂટરો, ટોળાંની નાસભાગ પછીના તબક્કે વાહન વ્યવહાર એકદમ વધી જાય. આ વચ્ચે જીવન જરૂરિયાતની વસ્તુઓ, શાકભાજી અને કરિયાણું લેવા ગૃહિણીઓ ઊમટી પડે. ઘરમાં શું જોઈએ એમ ગણતરીઓ માંડી ગૃહિણીઓ બસ ખરીદી કરવા મંડી પડે. જીવન જરૂરિયાતની ચીજોના ભાવ તરત જ વધવા માંડે.

ધીમે-ધીમે બપોર થતાં પોલિસનો ચોકીપહેરો વધતો જાય અને દુકાનોના શટર ટપોટપ બંધ થતાં જાય. રસ્તાઓ સૂમસામ થવા લાગે. એકલદોકલ માણસ માંડ નજરે ચડે ને સન્નાટો વ્યાપી જાય. કર્ફ્યૂનો અમલ ચાલુ થઈ જાય ને બધાય પોતાના જ ઘરમાં જાણે પુરાઈ જાય.

ઘરમાંથી બહાર ગયેલી વ્યક્તિ જો પરત ના આવી હોય તો તો વળી ખૂબ મોટી આફત આવી પડી હોય તેમ તે આફતને નાથવાની એક પ્રવૃત્તિ ચાલુ થઈ જાય. તેને શોધવાના પ્રયાસ રૂપે ચારેકોર ફોન કરવાના ચાલુ થાય. એમાં કોઈ વાર બહાર ગયેલી વ્યક્તિનો જ વારંવાર પ્રયત્ન પછી માંડ વચ્ચે ફોન લાગી જાય ને એની સાથે વાટાઘાટો ચાલુ થાય.

**ઘરમાંથી બહાર ગયેલી વ્યક્તિ જો પરત ના આવી હોય તો તો વળી ખૂબ મોટી આફત આવી પડી હોય તેમ તે આફતને નાથવાની એક પ્રવૃત્તિ ચાલુ થઈ જાય.**

કોઈ બહાર ગયેલા સ્વજનને પરત ન ફરવા સમજાવે તો કોઈ તેને કયા કયા એરિયામાં કર્ફ્યૂ છે તેની જાણકારીની આપ-લે કરે અને બીજા છૂપા રસ્તા બતાવે. બહાર ગયેલું સ્વજન જો પાછા ફરવાનો બહુ આગ્રહ રાખે તો વળી પોળવાસીઓ એક સ્થાને ભેગા થઈ તેને કઈ ગલીઓ લેવી એનું લાંબુંલચક લિસ્ટ લખાવે.

ફોન સતત રણક્યાં કરે. કર્ફ્યૂગ્રસ્ત વિસ્તારમાં ફોન અને બારી-બારણાંઓની તિરાડ - બસ બહારના જગત જોડે સંપર્ક

રાખવાના આ બે જ રસ્તા. બાકી પોળના ધાબા અને સાંકડી શેરીઓ એ કર્ફ્યૂમાં પગ છૂટા કરવા માટેનાં સ્થાન. અફવાનું ગરમાગરમ બજાર આ સ્થાનમાં ભરાય. ક્યાં ટીયરગેસ ફૂટ્યાં, ક્યાં ગોળીબાર થયાં, બીજા કયા વિસ્તારમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યા? - પાછાં આમાંથી કઈ અફવા છે ને કયા કન્ફર્મ ન્યૂઝ એ નીરક્ષીર વિવેક પણ કરવાનો.

આમાં સમાચારપત્રના ખબર, દૂરદર્શનના સમાચાર, વચ્ચે બપોરના વધારા અને 'પડીકા' બહાર પડે. એક ઘરમાં ફોન રણકે ને બીજા ઘરવાળો પણ સરવા કાન કરે, બૂમ મારે. 'શું પડીકું આવ્યું?'

આ બધા વચ્ચે અખબાર અને આકાશવાણીના સમાચાર આવે અને પાછુ એ સમાચારનું પણ વિશ્લેષણ થાય. કોઈ વડીલ ધાબા પર ચડીને ઠાવકા થાય, 'આ બધાંય છાપાં સાચા આંકડા છુપાવે છે. ખરેખર તો મરણ, તોફાનો અને કર્ફ્યૂગ્રસ્ત વિસ્તારના આંક તો ખૂબ મોટા છે.' ને બીજા છાપરા પર ચડેલા વડીલો પણ ખરખરો કરે, છોકરડાં યે કાન મૂકીને સાંભળતા હોય, આમાં સમાચારપત્રનાં ખબર, દૂરદર્શનનાં સમાચાર, વચ્ચે બપોરના વધારા અને 'પડીકા' બહાર પડે. એક ઘરમાં ફોન રણકે ને બીજા ઘરવાળો પણ સરવા કાન કરે, બૂમ મારે. 'શું પડીકું આવ્યું?' જો સામેવાળો મોળો પડે તો એ વળી પોતાનું 'પડીકું' ખોલે અને આ પડીકાંઓ વચ્ચે વાસ્તવિકતા અને વાર્તાઓ વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય. જ્યારે આ પડીકાંઓ વચ્ચે સાચે જ મરણ કે નુકશાન કોઈ પોળવાસીને સહન કરવાનું આવે તો જાણે આખીય પોળ રડમસ થઈ જાય, સ્તબ્ધ થઈ જાય, એક ઘરનો નહીં પણ એ બધીય પોળો અને કોટ વિસ્તારનો એક કારમો આઘાત બની જાય.


વાતાવરણની કુતૂહલતામાં એક કડવી ભીનાશ આવી જાય. કોઈ પોળનો લાડકવાયો જો તોફાનો અને કર્ફ્યૂગ્રસ્ત વિસ્તારમાં દુર્ઘટનાનો ભોગ બને તો જાણે આભ તૂટી પડે અને આશ્વાસનના બોલ વચ્ચે ભયાનક સન્નાટો છવાઈ જાય. ગમગીની, આંસુઓ

સાથે બધીય પોળ દુર્ઘટનાગ્રસ્ત પરિવારની સાથે અડોઅડ ઊભી રહે. આંસુ સારીને પણ સાથ આપે, સહારો આપે. સન્નાટાની પાછળ કોઈ પરિવારને તૂટીને એકલવાયું ન રહેવા દે. સન્નાટાની પાછળ એક સંપ જીવતો રહે જે જાણે બધાય પરિવારની જીવનદોરી બની જાય.



ગમગીની, આંસુઓ
સાથે બધીય પોળ
દુર્ઘટનાગ્રસ્ત પરિવારની
સાથે અડોઅડ
ઊભી રહે.
આંસુ સારીને પણ
સાથ આપે,
સહારો આપે.

ગમગીની, આંસુઓ
સાથે બધીય પોળ
દુર્ઘટનાગ્રસ્ત પરિવારની
સાથે અડોઅડ
ઊભી રહે.
આંસુ સારીને પણ
સાથ આપે,
સહારો આપે.



# પાંચ : સત્તાનો મદ

પોળની
ખડકીએથી...
સન્નાટો

કોટ વિસ્તારનું અમદાવાદ જ્યારે કર્ફ્યૂગ્રસ્ત હોય ત્યારે ક્યારેક કર્ફ્યૂની આડમાં પાછળ મીઠો સંપ પાંગરતો હોય તો ક્યારેક કાળો આતંક પણ સર્જાતો હોય.

આ આંતકનો કહર, કડવી યાદ અને તીવ્ર પીડાનાં સંવેદન. આ સંવેદનનાં સ્પંદન એટલાં તીખાં કે જાણે ભૂકંપનાં આંચકા! કર્ફ્યૂમાં એક એકાંત ઊભું થાય અને એકાંત, અંધારું અને ટોળામાં 'સ્વ'ને ખોઈ ચૂકેલો માણસ ક્યારેક ભયંકર અત્યાચાર તરફ વળી જાય.

કર્ફ્યૂ દરમિયાન થયેલા અત્યાચાર અને ઢાંકપિંછોડાં પાછળ છુપાયેલા ક્રૂર ચહેરા મિત્રોને યાદ આવી ગયા.

'ટોળું એટલે ટોળું. તોફાને ચડેલા અને એકમેકની અત્યાચાર આચરવાની ક્ષમતાને આટોપી જનાર લોકોનો એક સમૂહ.' ખાડિયાવાસી મિત્ર ભટ્ટ કલુષિત ચિત્તે બોલ્યા. ભટ્ટનો ચહેરો ગમગીન હતો. 'તને યાદ આવે છે ૧૯૮૫નો એપ્રિલ મહિનો અને અનામત આંદોલનનાં રમખાણો? આંદોલન શરૂ થયું હતું દલિતો અને હિન્દુઓ વચ્ચે. પછી તે ફેરવાયું કોમી રમખાણોમાં અને હિન્દુઓનાં મુસ્લિમ વિરુદ્ધ અને મુસ્લિમોનાં હિન્દુ વિરોધી તોફાનો ને નારાબાજી થતાં. પણ છેવટે આ બધાય તોફાનો વિલીન થઈ ગયાં ને છેલ્લાં સંઘર્ષો ફક્ત પ્રજા અને પોલિસ વચ્ચેના હતા.'

આંદોલન શરૂ થયું હતું,
દલિતો અને હિન્દુઓ
વચ્ચે પછી તે
ફેરવાયું
કોમી રમખાણોમાં
અને હિન્દુઓના
મુસ્લિમ વિરુદ્ધ
અને મુસ્લિમોના
હિન્દુ વિરોધી
તોફાનો ને
નારાબાજી થતા.

એનઆરઆઈ મિત્ર રમેશભાઈ શુક્લ બોલી ઊઠ્યા, 'અરે, હા! એ રમખાણો તો કેમ ભૂલાય? મને હજીયે એ યાદ છે. પખાલીની પોળ પાસેનો તૂટેલો ટ્રાન્સફોર્મર, તૂટેલી પાણીની પાઈપો, વિઠ્ઠલ મંદિરના તૂટેલાં બારણાં. ઇલેક્ટ્રિક સબસ્ટેશન તૂટી જવાથી પાણીનો પૂરવઠો પણ એ સમયે અટકી ગયો હતો. ઘરની લાઇટો - બધું યે ઠપ થઈ ગયું હતું. આડેધડ ગોળીબાર ને ટીયરગેસના મારાથી પોળ વિસ્તારમાં ખૂબ નુકસાન થયું હતું. રાયપુર, ખાડિયા આ સૌ વિસ્તારમાં બહાર પાર્ક થયેલાં સ્કૂટરો ને ગાડીઓના કાચ તોડી પડાયા હતા. ધારાસભ્ય અશોક ભટ્ટનાં પત્નીને પોલિસ ચોકી પર હાજર થવા ખૂબ દબાણ કરાયું હતું અને આવી જ ધમકી આજના સંસદસભ્ય હરિન પાઠકને પણ આપવામાં આવી હતી.

પખાલીની પોળ
પાસેનો તૂટેલો
ટ્રાન્સફોર્મર,
તૂટેલી પાણીની
પાઈપો,
વિઠ્ઠલ મંદિરના
તૂટેલા બારણા.

આ બધું તો ઠીક. પણ બંને મિત્રોના મનમાં માણેકચોકમાં બનેલી કરુણ ઘટનાના ચિત્રો ઉપસી આવ્યાં હતાં...

સાંકડી શેરીથી માણેકચોક તરફ બે સ્ત્રીઓ ઉતાવળે જઈ રહી હતી. એમાં એક માંડ-માંડ પણ ઉતાવળે ડગ માંડી રહી હતી. તે ગર્ભવતી હતી અને તેણીને ઊપડેલા દર્દની સારવાર માટે કર્ફ્યૂ હોવા છતાં આ બંને સ્ત્રીઓ નીકળીને દવાખાને જતી હતી. સાઈરન વાગી ને પોલિસની વાન આવી. મહિલાઓને રોકી.

'અમને જવા દો. આને બાળક છે. છેલ્લાં દિવસો જાય છે ને ખૂબ જ દર્દ ઊપડ્યું છે...' એક મહિલા બીજી મહિલાના પેટ તરફ ઈશારો કરતાં બોલી. તેના સ્વરમાં યાચના હતી. પોલિસે તેની વાત ન ગણકારી.

'મને ખૂબ જ દુ:ખે છે. અમને જવા દો. મારાથી નહીં સહન થાય. નથી ઊભા રહેવાતું.' કહેતાં બીજી સ્ત્રી જે ગર્ભવતી હતી તે બેસી પડી.

પોલિસના ખાખીવર્દીધારી ઑફિસરો જાણે આજે આતંકી બન્યા હતા! આ સમયે પોલિસ અને પ્રજા વચ્ચે તોફાનો ફાટી નીકળ્યાં હતાં એટલે પોલિસ માટે સૌ પ્રજાજનો જાણે ગુનેગાર હતા ને તોયે કોઈ જેલવાસી ગુનેગારને પણ ન આપી શકાય તેવી અમાનુષી સજા આજે તે પોલિસકર્મીઓ પેલી નિર્દોષ ગર્ભવતીને આપવા તત્પર બન્યા હતા.

આજીજી કરીને થાકેલી પ્રસૂતિનાં કષ્ટથી પીડિત મહિલા છેવટે રસ્તા પર જ ઢળી પડી. બપોરનો પહોર હતો ને રસ્તા દઝાય એવા ગરમ. તપતી ગરમી, લૂ લગાડતો વાયરો, તીવ્ર વેદના, અસહાય મહિલા રસ્તા પર કણસતી તડપતી પડી રહી અને તેની સાથે રહેલી બીજી સ્ત્રી રડતી રહી. બાજુમાંથી કોઈ દોડીને પાણી આપી ગયું. પ્રયત્ન કરી બીજીએ પેલી સ્ત્રીને થોડું પાણી પીવડાવ્યું. પોલિસકર્મીઓ તમાશો ચાલતો હોય એમ જોઈ રહ્યા.

થોડી વારે પેલી સ્ત્રીએ રસ્તા પર જ બાળકને જન્મ આપ્યો ને ત્યાંથી પસાર થતાં દિલ્હીના એક પત્રકારે આ જોયું અને વાહન રોકીને ફોટા લેવાનો પ્રયત્ન કર્યો. પોલિસની નજર તેના પર પડી. પોલિસની હેવાનિયત કેમેરાની નજરે કેદ ન થઈ જાય તેની તકેદારી રાખવા પોલિસે કેમેરા ઝૂંટવી લીધો ને તોડી નાખ્યો. મહિલાને મદદ તો ન કરી પણ તેની સાથે થતાં અન્યાયને વાચા આપવા પ્રયાસ કરી રહેલા પત્રકારને પોલિસે ખૂબ માર માર્યો.

**તપતી ગરમી,
લૂ લગાડતો વાયરો,
તીવ્ર વેદના,
અસહાય મહિલા
રસ્તા પર
કણસતી તડપતી
પડી અને તેની
સાથે રહેલી
બીજી સ્ત્રી
રડતી રહી.**

ખાખી વર્દીનું માન અને જવાબદારી બેય ભૂલી ગયેલી પોલિસ એ સમયે ભક્ષક બની હતી. તોફાનીઓનું ટોળું તો આતંક કરે અને એ અયોગ્ય જ ગણાય, પણ જ્યારે તોફાનીઓથી પ્રજાનું રક્ષણ કરવા આવેલા પોલિસકર્મીઓ જ અયોગ્ય વર્તણૂક કરે ત્યારે સામાન્ય પ્રજા ક્યાં જાય? આ અત્યાચારમાંથી પ્રજાને કોણ છોડાવે?

અંગ્રેજોના રાજ્ય દરમિયાન સત્તાધારી અને બંદૂકધારી વર્દીધારી પોલિસકર્મીઓ પ્રજા પર આમ જ આતંક ગુજારતા પણ એ સમયે પ્રજા પાસે એક હથિયાર હતું - સત્યાગ્રહ. પોલિસકર્મી આતંક ગુજારે તો તેને સહન કરવા એક ગાંધી બાપુએ આપેલું આત્મબળ હતું, પણ સ્વરાજ પછી?

સ્વરાજ એમાંય પોતાનું ગુજરાત પણ મળી ગયા પછી પોતાની જ ભૂમિ પર કર્ફ્યૂની આડમાં રક્ષણ કરવા આવેલી પોલિસ પોતે નિર્દોષ અને અસહાય સ્ત્રી પર બેકાબૂ બનીને ત્રાસ ગુજારે તો તેને કેવી રીતે સહન કરવો? ખાડિયા, માણેકચોક, સાંકડી શેરીના રહીશો ત્રસ્ત હતા. પોલિસનાં દમન સામે ઝુંબેશ ઉપાડવાની કામગીરી ચાલુ થઈ ગઈ. એક નવું આંદોલન. દલિત, મુસ્લિમ તથા હિંદુ બધાય અંદરોઅંદરના પ્રશ્નો જાણે ભૂલી ગયા અને સત્તાના દમન સામે એક થઈ ગયા.

પોલિસના દમન
સામે ઝુંબેશ
ઉપાડવાની કામગીરી
ચાલુ થઈ ગઈ.
એક નવું આંદોલન.
દલિત, મુસ્લિમ
તથા હિંદુ બધાય
અંદરોઅંદરના પ્રશ્નો
જાણે ભૂલી ગયા
અને સત્તાના દમન
સામે એક થઈ ગયા.

ધારાસભ્ય સ્વ. અશોક ભટ્ટ અને તે સમયના મ્યુનિસિપલ કાઉન્સિલર સ્વ. ગિરીશભાઈ દવેએ હાઈકોર્ટમાં રિટ કરી. આના પરિણામ સ્વરૂપે પોલિસને ખાડિયા-રાયપુરમાં અંદર આવવાની મનાઈ ફરમાવી. ન્યાયિક તપાસ માટે પંચની નિમણૂક થઈ. તેનું નામ જસ્ટિસ દવે પંચ. આ પંચ બીજા પત્રકારો સાથે તૂટેલી વસ્તુઓ, તોફાનના લીધે નુકસાન પામેલા બિલ્ડિંગ, વાહનો તથા જાહેર મિલકતોના ફોટા એકઠા કરી રહ્યું હતું. ત્યાં આ પંચના સભ્યો, પોલિસકર્મીઓ અને પત્રકારો વચ્ચે ચા અને નાસ્તા માટે રોકાયા. ત્યાં કાંઈક ઝપાઝપી થઈ ને એક પોલિસકર્મી ઘવાયો, પાછળથી તેનું મૃત્યુ થયું. પોલિસે હડતાળનું એલાન કર્યું. તેમના ટ્રાન્સમીટર પર હડતાળની જાહેરાત કરવામાં આવી અને એ ટેપ ગુજરાત સમાચાર પાસે પહોંચી. પછી વિધાનસભા અને પંચ સમક્ષ પણ તે રજૂ કરવામાં આવી. પછી તો તોફાને માઝા મૂકી.

ગુજરાત સમાચાર પ્રેસ સળગાવાયું. ઇન્ડિયન એક્સપ્રેસ પર પણ હુમલો થયો. જમાલપુર દરવાજા પાસે આવેલું શાકમાર્કેટ સળગાવાયું. તે વખતના વિરોધ પક્ષના નેતા સ્વ. ચિમનભાઈ પટેલની મોટરગાડી ઊંધી પાડીને સળગાવાઈ. શહેર આતંકની ઝપટમાં ફસાયું હતું.

હાઇકોર્ટે તાકીદની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સત્યશોધક પંચ વિખેરી નાખ્યું. પાછળથી ન્યાયમૂર્તિ શ્રી વી.એસ. દવેના વડપણ હેઠળ પંચની રચના થઈ. તેમના ચુકાદામાં તેમણે નોંધ્યું કે ખાડિયામાં પોલિસ ઑફિસર વશિષ્ઠે અત્યાચાર કર્યો હતો જેનાથી જાનમાલને નુકસાન થયું હતું તથા ગુજરાત સમાચારના પ્રકરણમાં પણ તેમણે પોલિસની નિષ્ક્રિયતાની ઝાટકણી કાઢી હતી. આ અહેવાલ સોંપાયો છતાં તે સમયે ગાંધીનગરમાં બેઠેલી સરકારે કોઈ પગલાં ન ભર્યાં અને પ્રકરણ પર પડદો પડી ગયો. ૧૯૧૯થી ૨૦૦૨ સુધીમાં અમદાવાદમાં અનેક વખત તોફાનો થયાં અને ઘણીય તોડફોડ થઈ, પરંતુ ગુજરાતમાં આ સૌથી પહેલવહેલો બનાવ કે જેમાં પોલિસે આતંક મચાવ્યો હતો તે પણ કર્ફ્યૂની આડમાં. ચુકાદો પણ પ્રજાની તરફેણમાં આવ્યો હતો, પરંતુ છેવટે તે સમયની સરકારની સમયસૂચક નિષ્ક્રિયતાને લીધે આગળ કોઈ પગલાં ન ભરાયાં!

**૧૯૧૯થી ૨૦૦૨ સુધીમાં અમદાવાદમાં અનેક વખત તોફાનો થયા અને ઘણીય તોડફોડ થઈ, પરંતુ ગુજરાતમાં આ સૌથી પહેલવહેલો બનાવ કે જેમાં પોલિસે આતંક મચાવ્યો હતો. તે પણ કર્ફ્યૂની આડમાં.**

આજે પણ ખાડિયાના રહીશોમાં એ પ્રકરણને યાદ કરતાં જુસ્સો ઊભરાઈ આવે છે ને એવો જ રોષ બે મિત્રો ભટ્ટ અને શુકલનાં મુખ પર તરવરી રહ્યો હતો.

'અરે ખરેખરો અત્યાચાર તો મચાવેલો પોલિસકર્મીઓએ '૮૫ના એપ્રિલમાં.' ભટ્ટ બોલ્યા. આજેય ઘણીવાર ચર્ચાય છે કે ૨૦૦૨ના કોમી હુલ્લડો દરમિયાન પોલિસ નિષ્ક્રિય રહી હતી તો વળી મને

એમ થાય છે કે યાદ કરોને ૧૯૮૫ના આતંક અને એ સમયની વહીવટી નિષ્ક્રિયતા જેને લીધે આજેય ખાડિયાના રહીશોને જવાબ નથી મળ્યો કે એમની પર પોલિસને કોણે આતંક કરવાની સત્તા આપી હતી? કોના હાથમાં હતી એ સમયે પોલિસતંત્રની દોર? શા માટે ગર્ભવતી સ્ત્રીને એપ્રિલ માસના બળબળતા તાપમાં રસ્તે બાળકને જન્મ આપવા માટે મજબૂર કરવામાં આવી હતી? પણ ના, કદાચ એ સ્ત્રી કોઈ સુશીલ હિન્દુ પરિવારની હશે એટલે એ પ્રકરણ હિન્દુઓની સહિષ્ણુતાનો લાભ લઈને દબાવી દેવામાં આવ્યું, કદાચ...' રોષે ભરાયેલા ભટ્ટ આર્તનાદ કરતા બોલી રહ્યા હતા.

> કેટકેટલાયે તોફાન, આતંક, અત્યાચાર પછી નિમાયેલા પંચ અને અધિકાર કે સત્યશોધક પંચની તપાસ પછી તેમનો ચુકાદો. આ તો જાણે કુદરતી ઋતુઓનું ચક્ર ચાલ્યા જ કરે એટલી સહજતાથી ચાલે, પણ ક્યારેય અત્યાચારો અટકયા નથી.

આવા તો કેટકેટલાયે ઘા અને તેની તીવ્ર પીડા કર્ફ્યૂના નામ સાથે એકરૂપ થઈ ગઈ હશે. કેટકેટલાયે તોફાન, આતંક, અત્યાચાર પછી નિમાયેલા પંચ અને અધિકાર કે સત્યશોધક પંચની તપાસ પછી તેમનો ચુકાદો. આ તો જાણે કુદરતી ઋતુઓનું ચક્ર ચાલ્યા જ કરે એટલી સહજતાથી ચાલે છે, પણ ક્યારેય અત્યાચારો અટક્યાા નથી. '૨૦૦૨ પછી આવા કેટલાય અત્યાચારોથી પ્રજાને જરા રાહત મળી છે, જાણે કળ વળી રહી છે.' નિરાંત અનુભવતા ભટ્ટ બોલ્યા.

સામાજિક, ધાર્મિક, રાજકીય ઊણપો અને ખોટી પ્રથાઓને કારણે કોઈ વ્યક્તિઓનો કોઈ સમૂહ કે જૂથ વધુ બળવાન બની જાય છે. બળ અને સત્તાનો મદ અત્યાચાર તરફ દોરી જાય છે. માનવી માનવતા ભૂલી જાય છે ને બીજાને મહાત કરીને સર્વોપરી બનવાનો એક દ્વેષપૂર્ણ છતાંય વ્યર્થ પ્રયત્ન કરવા મંડી પડે છે. આનાથી સર્જાય છે અત્યાચારની હારમાળા. કોઈ વાર દલિતવર્ગ, કોઈ વાર સ્ત્રીવર્ગ, કોઈ વાર કોઈ ચોક્કસ જાતિનો સમુદાય તો કોઈ વાર કોઈ એક વ્યક્તિ - બધાય સમયાંતરે જુદા જુદા કારણે

અત્યાચારનો ભોગ બન્યાં જ છે. આમ વર્ષો વીતતા જાય છે અને જે અત્યાચાર સહન કરતો વર્ગ, જાતિ સમુદાય કે વ્યક્તિ પુખ્ત બનતા જાય છે. સહન કરીને તેનામાં એક આક્રોશ પ્રગટે છે ને છેવટે એકાદ વાર તે આક્રોશ ઉછળે છે જ્વાળામુખીની જેમ... તેના આંચકા ઘણુંય નુકસાન કરે છે પણ પછી એક નવીન શાંતિ સ્થપાય છે. નવી વ્યવસ્થા બંધાય છે ને વળી એ પણ વિકસતી જાય છે. વિકસિત સમાજમાં સુધારા આવતા જાય છે - જેમ જેમ માણસને પોતાની ભૂલ સમજવાની, પારખવાની ને સુધારવાની એક શક્તિ મળતી જાય છે, જેમ સમજણનો વિકાસ થાય છે એમ માણસને જ્ઞાન થાય છે કે નબળાને દબાવે એ બળિયો નથી. ભલેને સરવાઇવલ ઑફ ધ ફિટેસ્ટનો નિયમ પ્રકૃતિમાં દેખાય. ખરો બળિયો એ છે જે નબળાને રક્ષણ આપે, બચાવે ને બીજા બળિયાને અત્યાચાર કરતાં રોકે. બીજા બળિયાને ખમી શકે તો જ અત્યાચાર અટકે.

**ખરો બળિયો એ છે જે નબળાને રક્ષણ આપે, બચાવે ને બીજા બળિયાને અત્યાચાર કરતાં રોકે. બીજા બળિયાને ખમી શકે તો જ અત્યાચાર અટકે.**

કાવાદાવા, છળકપટ, પ્રપંચ આ અવગુણ મનુષ્ય માત્રમાં છે જ, ભલેને કદાચ ઓછાવત્તા અંશે. અવગુણ, અહંકાર, દ્વેષ અને અત્યાચાર આ બધાયનું અસ્તિત્વ સદીઓથી અકબંધ રહ્યું છે પણ તોયે વારંવાર આ અવગુણોનો વધ કરીને સદ્‌ગુણોની સ્થાપના કરાય છે. સદ્‌ગુણોની સ્થાપના કરવી એ જ સાચો રાજધર્મ છે.

૧૯મી સદીની શરૂઆત સુધી અત્યાચારને રોકવાના કોઈ ખાસ કાયદા નહોતા. ખાસ કરીને યુદ્ધભૂમિ પર સૈનિકોની કતલ કરીને જીતાયેલા રાજ્યમાં વસતી રાણીઓ, દાસીઓ ને પ્રજા પર જીતેલા જૂથનો કબજો થઈ જતો. ટૂંકમાં, મારે તેની તલવાર. પછી અવનવી શોધો થઈ. ૧૯મી સદી પછી દુનિયાના દેશો એકબીજાથી નજીક આવ્યા. આ અરસામાં પ્રથમ વિશ્વયુદ્ધ થયું. અસંખ્ય લોકો મર્યા.

બસ! આવું જ કાંઈ
૨૦૦૨ પછી
અમદાવાદે
અનુભવ્યું છે અને
દાયકાની શાંતિ
પછી અમદાવાદમાં
એક સમન્વય,
સૌજન્ય તથા
સમજણનું સાતત્ય
ઊભું થયું છે.

ખૂબ જ જાનહાનિ પછી થયેલા અસીમ ક્લેશમાં માનવજાતિને પોતાની જ ત્રુટિઓ પર જાણે એક નજર કરવાની જરૂર સમજાઈ.

બસ, આવા જ સમયે યુદ્ધભૂમિના નિયમો ઘડાયા. સેન્ટ જોન એમ્બ્યુલન્સની સ્થાપના થઈ અને રેડક્રોસ અસ્તિત્વમાં આવ્યું. આ જૂથ યુદ્ધભૂમિમાં ઘવાયેલા લશ્કરના સિપાઈઓની સારવાર કરવામાં લાગી ગયું. પછી તો લશ્કરના હુમલાથી ઘવાયેલા નિર્દોષ નાગરિકોને પણ રેડક્રોસ સારવાર પહોંચાડવા તત્પર બન્યું અને સક્ષમ પણ બન્યું. યુદ્ધભૂમિ પર અને યુદ્ધમાં હારેલા સૈનિકોને કેદમાં રાખો તોપણ તેમની સાથે કેવી વર્તણૂક કરવી તેને માટે માનવો જાગૃત થયા ને એના નીતિનિયમો ઘડાયા.

એક નવી સંવેદનાનો સંચાર થયો. બસ! આવું જ કાંઈ ૨૦૦૨ પછી અમદાવાદે અનુભવ્યું છે અને દાયકાની શાંતિ પછી અમદાવાદમાં એક સમન્વય, સૌજન્ય તથા સમજણનું સાતત્ય ઊભું થયું છે. આ શાંતિમાં ખરો સદ્‌ભાવ છે જે આજની પ્રજાને સમૃદ્ધિ તરફ દોરી રહ્યો છે. આ સમૃદ્ધિ ખાલી વ્યાવસાયિક, આર્થિક ક્ષેત્રે જ નથી, પરંતુ સામાજિક, ધાર્મિક, રાજકીય તથા વ્યક્તિગત ક્ષેત્રે પણ અનુભવાય છે. આજે અમદાવાદીને ગુજરાતી અને અમદાવાદી હોવાનું ગૌરવ સમજાયું છે અને તે ગુજરાતીપણાને પોતીકું બનાવીને તેમાં જ જીવવા ખંતથી આગળ ધપી રહ્યો છે. ભટ્ટ અને શુક્લ બંને મિત્રો નવી પેઢીની નવી સંવેદનાને જાણે બિરદાવી રહ્યા.



# ૯ : શેરીયુદ્ધ

'શેરીયુદ્ધ' શબ્દ મનમાં આવતાં જ શ્રી વિનોદ ભટ્ટે લખેલા પુસ્તક 'અમદાવાદ એટલે અમદાવાદ'ના કેટલાક અંશ ટપકાવવાનું મન થઈ જાય છે. તેઓએ 'અમદાવાદનું હૃદય ખાડિયા-રાયપુર પ્રકરણમાં નોંધ્યું છે, 'આ વિસ્તારમાં જન્મનાર બાળકોને ગળથૂથીમાં જ પથ્થર મળે છે. તે બધું જ ખાય છે, પચાવે છે... પછી તે અંબિકાની ફૂલવડી હોય, વાડીલાલનો આઇસ્ક્રીમ હોય, બરફનો ગોળો હોય કે પછી થ્રી નોટ થ્રીની ગોળી હોય. બધું જ પચાવવું એ કોઈ જુદી જ તાસીર છે. અહીંનાં છોકરાંની આંખોમાં મોતનેય ડરાવનાર તેજ છે. આ વિસ્તારમાં ગોળીબાર કરતી પોલિસને હંમેશા એ જ ડર રહે છે કે ગોળીઓ ખૂટી ન જાય! ખાડિયામાં આડેધડ ગોળીબાર થતા હોય પણ રાયપુર ચકલાના ટિળક કે ગોખલે પાનહાઉસ પાસે એકસોવીસનો મસાલો ચાવતો યુવાન આરામથી ત્યાં ઊભો રહેશે. ખાડિયામાંથી તોફાન ખસીને રાયપુર ચકલાના બસસ્ટેન્ડ સુધી પહોંચે ત્યારે પણ એ યુવાન જરાયે ઉતાવળ કર્યા વગર શાંતિથી ચાર ડગલાં ભરીને બાજુની ગલીમાં વળી જાય છે. તેમાં તેની હૃદયની ગતિ સહેજ પણ તેજ થતી નથી. પણ ખાડિયા માત્ર તોફાન જ કરે છે, એવી ગેરસમજ કરવા જેવી નથી, તે શાંત પણ એટલું જ છે. ખાડિયા પાસે એક આગવી શિસ્ત છે. ક્યારેક તમને એમ પણ લાગે કે તમે યુદ્ધનાં મેદાનમાં ઊભા છો, તો અડધા-પોણા કલાકના સમયગાળામાં જ

ખાડિયામાં
આડેધડ ગોળીબાર
થતા હોય પણ
રાયપુર ચકલાના
ટિળક કે ગોખલે
પાનહાઉસ પાસે
એકસોવીસનો
મસાલો ચાવતો
યુવાન આરામથી
ત્યાં ઉભો રહેશે.

જાણે કંઈ જ બન્યું નથી તેવું વર્તાવા લાગે!' એન.આર.આઈ મિત્ર પણ જાણે ઊંડા ભૂતકાળમાં ખોવાઈ ગયેલા ને જાણે વિનોદભાઈના આ કથનના પુરાવા તરીકે કહેતા હતા કે ૧૯૪૨ની સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળથી લઈને આજ દિન સુધી સૌથી વધારે સમય કર્ફ્યૂ ખાડિયામાં જ રહ્યો છે. કેમ! ૧૯૭૪માં નવનિર્માણનાં તોફાનો દરમ્યાન રેકોર્ડ બ્રેકિંગ કહી શકાય તેમ મહાશિવરાત્રિનાં દિવસે એક જ દિવસમાં ગોળીબારના ૨૦૦થી પણ વધારે રાઉન્ડ છોડાયા હતા, તો વળી ૧૯૮૫ના માર્ચ મહિનામાં તો હદ પાર થઈ ગઈ હતી... ત્યારે એક જ દિવસમાં ટીયરગેસના ૧૦૦૦થી પણ વધારે રાઉન્ડ છોડવામાં આવ્યા હતા... રાયપુરની હૉસ્પિટલમાં આ દિવસે સાચા 'ટીયર્સ' (અશ્રુઓ)થી કરુણતા સભર એક બનાવ બની ગયો હતો, જેમાં આટલા બધા ટીયરગેસ છોડવાને કારણે તાજા જ જન્મેલા બાળકનું ગૂંગળામણને કારણે મૃત્યુ થયું હતું, ને આ દિવસે ખાડિયાના મજબૂત જોરદાર યુવાનો પણ રડવું ખાળી શક્યા નહોતા એ વાત યાદ છે તને!

**૧૯૭૪માં નવનિર્માણનાં તોફાનો દરમ્યાન રેકોર્ડબ્રેકીંગ કહી શકાય તેમ મહાશિવરાત્રીનાં દિવસે એક જ દિવસમાં ગોળીબારના ૨૦૦થી પણ વધારે રાઉન્ડ છોડાયા હતા.**

વાતોના વડા ચાલતા હતા, ત્યાં આવીને ખાડિયાવાસી મિત્રનાં પત્ની પણ જોડાયા અને કહેવા લાગ્યાં કે 'અરે, ખાડિયા-રાયપુરનાં યુવાનોની તો વાત કરીએ એટલી ઓછી છે. જુદી-જુદી ચળવળો, આંદોલનો અને તોફાનો દરમ્યાન સૌથી વધારે સંખ્યામાં જેલવાસ ભોગવનાર ખાડિયા અને રાયપુરના યુવાનો હતા. રાયપુરમાં અંબિકા હૉટેલની ફૂટપાથ 'ખાડિયા ફૂટપાથ પાર્લામેન્ટ'નાં નામે પ્રખ્યાત હતી, જે ફૂટપાથ ઉપરથી રાજકીય ચળવળો દરમ્યાન સૌથી વધારે વ્યક્તિઓ જેલમાં ગઈ છે. ૧૪ વર્ષની કાચી ઉંમરનો પંકજ શાહ, સ્વ. બ્રહ્મકુમાર ભટ્ટ, સ્વ. અશોક ભટ્ટ, સ્વ. જયેન્દ્ર પંડિત, સ્વ. સુરેન્દ્ર પટેલ(દાસકાકા), શ્રી હરિન પાઠક જેમણે અનેક ચળવળો દરમ્યાન કારાવાસ ભોગવ્યો છે. આ ફૂટપાથે વિવિધ

વાતોના વડા ચાલતા હતા, ત્યાં આવીને ખાડિયાવાસી મિત્રનાં પત્ની પણ જોડાયા અને કહેવા લાગ્યાં કે 'અરે, ખાડિયા-રાયપુરનાં યુવાનોની તો વાત કરીએ એટલી ઓછી છે. જુદી-જુદી ચળવળો, આંદોલનો અને તોફાનો દરમ્યાન સૌથી વધારે સંખ્યામાં જેલવાસ ભોગવનાર ખાડિયા અને રાયપુરના યુવાનો હતા. રાયપુરમાં અંબિકા હૉટેલની ફૂટપાથ 'ખાડિયા ફૂટપાથ પાર્લામેન્ટ'નાં નામે પ્રખ્યાત હતી, જે ફૂટપાથ ઉપરથી રાજકીય ચળવળો દરમ્યાન સૌથી વધારે વ્યક્તિઓ જેલમાં ગઈ છે. ૧૪ વર્ષની કાચી ઉંમરનો પંકજ શાહ, સ્વ. બ્રહ્મકુમાર ભટ્ટ, સ્વ. અશોક ભટ્ટ, સ્વ. જયેન્દ્ર પંડિત, સ્વ. સુરેન્દ્ર પટેલ(દાસકાકા), શ્રી હરિન પાઠક જેમણે અનેક ચળવળો દરમ્યાન કારાવાસ ભોગવ્યો છે. આ ફૂટપાથે વિવિધ ચળવળ દરમ્યાન લડતના અનેક આગેવાનો ઊભા કર્યા છે. રાયપુર ફૂટપાથ પાર્લામેન્ટ જેવી જ સરદાર વલ્લભભાઈ પટેલની 'ભજિયાક્લબ' પણ ખાડિયા ચાર રસ્તા પર બેસતી હતી. આ બધી જ વાતોની સાક્ષી આપતી સૌથી વધારે ખાંભીઓ આજે પણ ખાડિયામાં મોજુદ છે, જે એ વખતના ખાડિયાના લડાયક અને શૂરવીર મિજાજનાં દર્શન કરાવે છે.

આ બધી જ વાતોની સાક્ષી આપતી સૌથી વધારે ખાંભીઓ આજે પણ ખાડિયામાં મોજુદ છે, જે એ વખતનો ખાડિયાનો લડાયક અને શૂરવીર મિજાજનાં દર્શન કરાવે છે.

આમ, સ્વાતંત્ર્ય સંગ્રામ અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીની ચળવળો બુદ્ધિ, શક્તિ અને વીરતાથી લડવામાં આવી હતી. આ લડાઈઓ હિંસક રીતે નહીં પરંતુ ગાંધીજીના આદર્શ પર અહિંસક રીતે પણ સરકારને મહાત્ કરતી હતી. ૧૯૪૨ની ચળવળના તો અનેક દાખલાઓ છે. તે વખતે બાળકોને શાળામાંથી જ ગેરીલા પદ્ધતિની લડાઈ વિશેનું બૌદ્ધિક જ્ઞાન અને કસરતો શીખવવામાં આવતા. આપણને વિચાર આવે કે આ યુવાનોમાં આ બાબતનું જ્ઞાન આવ્યું કેવી રીતે...? પરંતુ, અતીતમાં ડોકિયું કરીએ તો જાણવા મળે કે શાળામાંથી આવી બધી બાબતો વિશે જ્ઞાનનું પદાર્પણ કરવામાં

આવતું હોવાથી તેઓ શારીરિક અને માનસિક બંને રીતે ખરાબ કે આકસ્મિક સંજોગોનો હોંશિયારીપૂર્વક તત્કાલ સામનો કરી શકતા...

સત્ય ઘટના પર આધારિત પ્રસંગ વિશે પણ આપણે અહીં થોડું જાણીશું. આઝાદીના જંગમાં છાપાંઓમાં આઝાદીને લગતા સમાચાર બહુ જ ઓછા છપાતા હતા એટલે પત્રિકાઓ મારફતે લોકો સુધી આઝાદીને લગતા સમાચારો પહોંચાડવામાં આવતા હતા. મોટાભાગનું કાર્ય, તમને આશ્ચર્ય થશે કે બહેનોએ માથે લઈ લીધું હતું. કરફ્યૂ દરમ્યાન પણ આ પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે અવનવી યુક્તિઓ હાથ ધરવામાં આવતી. સિતાર, વાયોલિન જેવાં સંગીતનાં વાજિંત્રોમાં, ટિફિનમાં, દૂધના કેનમાં પત્રિકાઓ છુપાવીને લઈ જઈને લોકો સુધી પહોંચાડાતી. બહેનો આ કાર્ય હિંમતથી પાર પાડતી... અને આશાબહેન - ખાડિયાવાસી મિત્રનાં પત્ની ચહેરા પર ગર્વીલા હાવભાવ સાથે કહેવા જ ગયાં કે 'મને યાદ છે કે ૧૯૪૩ની સાલની આ ઘટના છે. સારંગપુરમાં આવેલી એક નવી પોળમાં એક નાના એવા મકાનમાં સાઈક્લોસ્ટાઈલ મશીન રાખવામાં આવ્યું હતું. ત્યાં જે પત્રિકાઓ છપાતી, જેમાં નવી નવી ખબરો છપાતી. તે પત્રિકાઓના બંડલને સંતાડીને બહેનો ઘરે લઈ આવતી. આ બંડલોની પત્રિકાઓ ૧૦ થી ૧૨ બહેનો દ્વારા ખૂબ સક્રિય રીતે વહેંચાતી, ખૂબ જ સાવધાનીથી અને ગુપ્ત રીતે! અને રસપ્રદ વાત તો એ છે કે આનું નેટવર્કિંગ પણ એટલું ઝડપભેર થતું કે મોટા ભાગના ઘરોમાં આ પત્રિકાઓ પહોંચી જતી અને આ કાર્ય ખૂબ જ વ્યવસ્થિતપણે ઑગસ્ટથી ફેબ્રુઆરી સુધી ચાલ્યું પણ ખરું... પરંતુ એકવાર ૧૯૪૪ના ફેબ્રુઆરી મહિનાની ચોથી તારીખે સૂતા પહેલાં ઘરમાં જ એક મહિલાએ પત્રિકાઓને સળગાવી નાખી અને જે વધેલી પત્રિકાઓ હતી તે બાંધીને તેનું બંડલ બનાવીને સંતાડી દીધું.

**સારંગપુરમાં આવેલી એક નવી પોળમાં એક નાના એવા મકાનમાં - સાઈકલોસ્ટાઈલ મશીન રાખવામાં આવ્યુ હતું. ત્યાં જે પત્રિકાઓ છપાતી, જેમાં નવીનવી ખબરો છપાતી.**

આ બધી વિધિ પતાવતા રાત્રે ૧૨ વાગ્યા ને ત્યાર પછી તે સૂઈ ગયા. લગભગ એકાદ વાગે ઘરનું બારણું જોરથી ખખડાવવામાં આવ્યું. તેમના પિતાજીએ નીચે જઈને દરવાજો ખોલ્યો અને જોયું તો બહાર પુષ્કળ પોલિસ ઊભી હતી, એટલું જ નહીં, તે અમારા આખાયે ઘરની ફરતે ગોઠવાઈ ગઈ હતી. એમાંથી પોલિસનો એક જવાન આગળ આવ્યો અને એક મહિલાના નામનું વોરન્ટ બતાવ્યું... તેમના પિતાજીએ એમ કહ્યું કે એને અત્યારે અડધી રાત્રે લઈ જવાને બદલે કાલે સવારે લઈ જજો, પણ પોલિસ તો એ જ વખતે લઈ જવાનો મક્કમ ઈરાદો કરીને આવી હતી. દરમ્યાન આ બધા જ કોલાહલથી જાગી જઈને તે મહિલા નીચે આવી ને કાંઈ પણ સમજે તે પહેલાં તો આસપાસ પોલિસ ગોઠવાઈ ગઈ. ભાગવાનો કોઈ માર્ગ નહોતો રહ્યો. ત્યારબાદ પોલિસે તેઓની પત્રિકા વહેંચવાની પ્રવૃત્તિ વિશે પૂછપરછ કરી. તેઓએ જવાબો આપ્યા. પણ પોલિસને તેમના જવાબોથી સંતોષ ન થયો એટલે ઘરની જડતી લેવા માંડી અને તેમની બહેન કલીના નામનું વોરન્ટ પણ બતાવ્યું. પોલિસે કલીને પણ પકડી પણ તેણે તો નાટ્યાત્મક ઢબે એમ કહ્યું કે 'કલી' તો બહારગામ ગઈ છે, તે તો અહીં નથી. ઘરનીયે જડતી લીધી, તેમાંથી પણ કંઈ હાથ લાગ્યું નહીં. પછી અચાનક પોલિસને શંકા ગઈ કે પેલી મહિલાએ શરીરમાં-વસ્ત્રોમાં કંઈક છુપાવ્યું છે. લેડીઝ પોલિસને બોલાવીને પેલી મહિલાની જડતી લેવડાવી. કંઈ જ મળ્યું નહી. આટલા વખતમાં તો આખીયે પોળ ભેગી થઈ ગઈ હતી. હવે વિદાયની વેળા આવી ગઈ હતી...

પિતાજીએ
એ દીકરીને
ગર્વભેર
તિલક કરી,
હાથમાં ગીતા આપી,
અને પિતાજી તથા
પોળવાસીઓએ
દીકરીને
સમ્માનભેર
અશ્રુભરી આંખે
વિદાય આપી...

પિતાજીએ એ દીકરીને ગર્વભેર તિલક કર્યું, હાથમાં ગીતા આપી, અને તેમણે તથા પોળવાસીઓએ દીકરીને સમ્માનભેર અશ્રુભરી આંખે વિદાય આપી...

તેઓ હિંમતથી પોલિસવેનમાં બેઠાં ને તેમને હવેલી પોલિસ

XO

સવારના
૮ વાગ્યાથી
ચાલુ થયેલા
આ યુધ્ધમાં
રચેલાપચેલા યુવાનોને
સાંજે પોલિસ
દ્વારા લાઉડસ્પીકરમાં
આદેશ મળ્યો કે
વિખરાઈ જાવ નહીં
તો
થોડીવારમાં ગોળીબાર
કરવામાં આવશે.

દરમ્યાન ખાડિયા જૂના ગેટથી બાલા હનુમાન તરફ જવાના રસ્તા પર થયેલું શેરીયુધ્ધ તો આજે ય મારા આંખ સામેથી હટતું નથી. એ વખતે ઉનાળાના ગરમ દિવસોમાં નવનિર્માણનું આંદોલન પૂરા જોશમાં હતુ. આ આંદોલનમાં આખાયે ગુજરાતમાંથી લગભગ ૧૦૦થી વધુ યુવાનો શહીદ થયા. ખાડિયામાં પણ આ આંદોલને ખાસો વેગ પકડ્યો હતો. મોંઘવારી સામેના વિરોધમાં થયેલા આ આંદોલનમાં રોજેરોજ લોકો ગોળીબારનાં ભોગ બનીને મૃત્યુના મુખમાં ધકેલાતા હતા. આ જ દરમ્યાન એક મહાભિષણ શેરીયુદ્ધ ખેલાયું, જેની શરુઆત સવારના પહોરથી થઈ હતી. 'રોટી રમખાણ' તરીકે પંકાયેલા આ તોફાનોથી પડેલા કર્ફ્યૂમાં પણ લોકો રસ્તા પર આવી ગયા હતા. આ પ્રમાણમાં પોલિસફોર્સ ઘણો ઓછો હતો, એટલે પોલિસ જલ્દીથી પોળમાં આવવાની હિંમત નહોતી કરતી. ટોળાને વિખેરવા માટે સવારે જ પોલિસે ટીયરગેસનો મારો ચલાવ્યો હતો. સામે યુવાનો સતત પથ્થરમારો કરતા. ગટરનાં ઢાંકણા કે જેને યુવાનો સુદર્શન ચક્ર કહેતા, તે પણ જોરથી હવામાં વીંઝતા. કેટલાંક હિંમતવાળા યુવાનો તો વળી ટીયરગેસના બાટલા રૂમાલથી હાથમાં પકડીને પોલિસ પર પાછા નાંખતા.

ટીયરગેસની માઠી અસર દૂર કરવા માટે યુવાનો મીઠાના પાણી ભરેલી ડોલમાં રુમાલ બોળી-બોળીને વારંવાર આંખે લગાડતા હતા. આ બધા સાથે પોલિસ ગમે તેટલી દોડીને આગળ આવે પણ જાણે વરસાદની મુશળધાર ધારા હોય તેમ સતત પથ્થરમારો થતો રહેતો. પોલિસવાનમાંથી માઇકમાંથી ચેતવણીઓ અપાતી પણ યુવાનો કેમે કરીને હટતા નહીં. સવારના ૮ વાગ્યાથી ચાલુ થયેલા આ યદ્ધમાં રચેલાપચેલા યુવાનોને સાંજે પોલિસ દ્વારા લાઉડસ્પીકરમાં આદેશ મળ્યો કે વિખરાઈ જાવ નહીં તો થોડીવારમાં ગોળીબાર કરવામાં આવશે. છોકરાઓ ન જ હટ્યા.

આખરે પોલિસે ગોળીબાર કર્યો... તે જ વખતે ઊંઘમાંથી ઊઠીને પોળને નાકે શું ચાલે છે, તે જોવા આવેલા યુવાનને ભાગ્યએ યારી ન આપી ને તેને વીંધીને ગોળી હવામાં ફેંકાઈ ગઈ. આ પહેલા હવામાં ઉડતા શાંતિના દૂત કબૂતરને વિંધીને ગોળી બીજા બે વ્યક્તિને વાગી. યુદ્ધ પર અચાનક પૂર્ણવિરામ પડી ગયું. ઘાયલની સારવાર અને એમ્બ્યુલન્સ માટે દોડાદોડ અને ધમાચકડી મચી ગઈ. ઘવાયેલાઓને હૉસ્પિટલ લઈ જવાય અને જ્યારે એમાંથી મૃત જાહેર કરાયા ત્યારે તો હાહાકાર મચી ગયેલો. આ શેરીયુદ્ધ એટલું ભીષણ હતું કે શેરીનો રસ્તો આખો લાલ રંગાઈ ગયો હતો... જાણે રસ્તા પર લાલ જાજમ પાથરી હોય! બીજા દિવસે જ્યારે પત્રકારો આવ્યા ત્યારે તેઓ ડરના માર્યો પૂછી રહ્યા હતા કે ક્યાંકથી પથ્થર તો નહીં આવે ને!

પોળની
ખડકીએથી...
સન્નાટો

અરે, દીકરાઓ તમને હું શેરીયુદ્ધની વાત કરું તો મઝા આવી જશે. એની ખાસિયત એ હોય છે કે તેની વ્યૂહરચના વારંવાર બદલાતી હોય છે. જ્યારે ખ્યાલ આવે કે દૂધ કે બીજી જીવન જરુરિયાતની ચીજવસ્તુઓની જરુર પડશે પણ બહાર જવાય એવું નથી તો યુવાનો પોલિસને મસકો મારવા પહેલા એ તપાસ કરી લાવશે કે પોલિસનું રેશન હજી આવ્યું નથી ને તેઓ ભૂખ્યા છે. ત્યારબાદ પોળના બુઝુર્ગને ચાનાં થર્મોસ સાથે મોકલશે ને તેઓ જાણે શાંતિના વિષ્ટિકાર હોય તેમ પોલિસસાહેબ કરીને પટાવીને વાત ચાલુ કરે. સવારના ભૂખ્યા છો, બંદોબસ્ત થઈ જશે - એમ વાતો કરશે. પહેલા તો પોલિસ 'છાશિયા' કરશે પણ પછીથી માની જશે. આ રીતે પોલિસની સાથે સંધિ કરીને બહાર ચીજવસ્તુઓ લાવવાનો માર્ગ ખુલ્લો કરી નાંખશે... આમ, કર્ફ્યુનાં અમલ છતાં પણ શેરીયુધ્ધ દરમ્યાન આવી બદલાતી વ્યુહરચનાઓથી પણ કામ પાર પાડવામાં આવતા.

દીકરાઓ તમને
હું શેરીયુધ્ધની
વાત કરું તો મઝા
આવી જશે.
એની ખાસિયત
એ હોય છે કે
તેની વ્યુહરચના
વારંવાર બદલાતી
હોય છે.

આશુતોષ ભટ્ટે વળી એક કિસ્સો યાદ કરતાં કહ્યું કે, ઘણીવાર એમ પણ બને કે તોફાનોમાં આમ તો નુક્સાન જ થાય પણ આ કિસ્સામાં એક માણસની પરિસ્થિતિમાં હકારાત્મક બદલાવ આવ્યો હતો એ વાત જાણવા જેવી છે. કર્ફ્યૂ દરમ્યાન છૂટછાટ અપાઈ ત્યારે એક પોલિયોગ્રસ્ત જુવાન હરિકુમાર વ્યાસ દુકાનેથી પાછા આવતા હતા. ઇલેક્ટ્રોનિક્સની દુકાનમાં એ સર્વિસ કરતા હતા. સાંજના સમયે કર્ફ્યૂ પડે એ પહેલા જ્યારે ઉતાવળમાં ઘરે પરત ફરતા હતા, ત્યારે એક મોટરકારની અડફેટે ચડીને એ પડી ગયા. લોકો ભેગા થઈ ગયા અને એમને હૉસ્પિટલ લઈ ગયા. એમની પાસે તો ઑપરેશનનાં ય પૈસા નહોતાં એટલે દુકાનના શેઠ અજય પટેલે ઑપરેશન માટે તેને પૈસા આપ્યા. સાજા થયા બાદ જ્યારે એ ઘરે એ આવ્યા ત્યારે કરુણ વાત એ હતી કે એમનો એક પગ નકામો બની ગયો હતો. આવી પરિસ્થિતિમાં એ કોઈ કામ કરી શકે તેમ ન હતા. ડૉ. મલ્લીનાથે મિત્રધર્મની ફરજ બજાવતા એક પોળવાસી મિત્ર તરીકે મદદે આવ્યા અને ખાડિયા વૉર્ડના કોર્પોરેટર ઘનશ્યામ મહેતા પાસે તેમના માટે એક ટેલિફોનબુથ મુકવાની પરમિશન અપાવી, જેના દ્વારા તે કંઈક નાણાં રળી શકે. તે વખતે લોકો બુથનો ઘણો ઉપયોગ કરતા. તેને ટ્રાઇસિકલ પણ અપાવી, જે રોટરી ક્લબ દ્વારા આપવામાં આવી. ધીમે ધીમે તેમના છોકરાઓએ આ બુથની સાથે બીજો કારોબાર પણ ફેલાવ્યો, જેમાં ટિકિટિંગનો વ્યવસાય શરૂ કર્યો, ત્યારબાદ કાપડની દુકાન પણ કરી. આજે એ વ્યક્તિ ખૂબ જ સારી સ્થિતિમાં છે, સધ્ધર છે અને શાંતિથી પોતાનું જીવન જીવે છે. એટલે જોયું ને છોકરાઓ, જીવનમાં વિકટમાર્ગ પણ કોઈકવાર આખીય પરિસ્થિતિ બદલી નાખે છે અને પોઝિટિવિટી છલકાઈ ઊઠે એવા દાખલા પણ બને.



# સાત : ટોળું અને ઝનૂન

અમે આ વાતોમાં એટલી હદે ઓતપ્રોત થઈ ગયા હતા કે વાત ન પૂછો... અમે પૂછ્યું કે, આ તોફાનોમાં ટોળાઓ જાનમાલને વધુ નુકસાન કરતા હતા એ વાત સાચી છે કે આશુતોષભાઈએ કહ્યું, હા દીકરીઓ જ્યારે લોકોના સમૂહને કોઈ રાજકીય લડત કે કોઈ ધર્મના નામે ઉપસાવે ત્યારે લોકોના સમૂહનું ટોળું વગર કારણ ઝનૂની બની જાય છે. ટોળામાં સામેલ લોકો કોઈ વિચારવિમર્શ વગર કોઈ એક વ્યક્તિ થકી દોરવાઈ જાય છે. આ પ્રક્રિયાને 'મોબ સાઈકોલૉજી' કહેવાય છે. આ સાઈકોલૉજીમાં ટોળાના મગજ ઉપર ઝનૂનનું ભૂત સવાર થઈ જાય.

ટોળામાં સામેલ લોકો કોઈ વિચારવિમર્શ વગર કોઈ એક વ્યક્તિ થકી દોરવાઈ જાય છે. આ પ્રક્રિયાને 'મોબ સાઈકોલૉજી' કહેવાય છે.

આવું ટોળું પોતાનું ઝનૂન, આક્રોશ કોઈ પણ વ્યક્તિ કે વસ્તુ પર ઉતારે, જેનાથી લાખો રૂપિયાની માલ-મિલકત કે જાનનો નાશ થાય. આવી મિલકત ખાનગી હોય કે સરકારી... ઝનૂને ભરાયેલું ટોળું 'હરિકેન' વાવાઝોડાની જેમ સર્વ નાશ નોતરે. આવું ટોળું માલમિલકતના નુકશાન સાથે લોહી વહાવતા પણ જરાયે અચકાતું નથી. અરે, ઘડીભર તો એવો વિચાર આવે કે આ આટલી હદ સુધીનું ઝનૂન, આવી રાક્ષસી તાકાત ટોળામાં આવતી ક્યાંથી હશે? સામાન્ય મનુષ્યો જ્યારે પાગલપણ કરતાં દેખાય ત્યારે તો સ્તબ્ધ જ થઈ જવાય કે શું આ ટોળું સારા-નરસાનો વિચાર પણ નહીં કરતું હોય! બસ, એવે વખતે તો મગજ પર એક ભૂત જ ઝનૂની બનીને સવાર થયેલું દેખાય જે આક્રોશભાવે પ્રગટ થાય... વાતને

આગળ ધપાવતા આશાબેન ભટ્ટ કહેવા લાગ્યા કે ...અને જ્યારે ટોળાનું ઝનૂન શાંત થાય છે, ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે અને ત્યારે ટોળામાંનો દરેક મનુષ્ય વિનાશની ભયાનકતા જોઈ, પામીને પસ્તાવા લાગે. શાંત પડ્યા પછી તેને વિચાર આવે છે કે આ મેં શું કરી નાખ્યું! ઝનૂની ટોળાને જ્યારે પણ રોકવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે રોકનાર માણસને હતો ન હતો કરી નાખી, પાડી-પછાડીને આગળ નીકળી જાય છે... પછી ભલેને રોકનાર વ્યક્તિ કોઈ મોટા ગજાની હોય, નેતા હોય કે પછી કોઈ પણ...

આશુતોષભાઈ જાણે એ વખતના સમયમાં સરી પડ્યા હોય તેમ ચહેરાની રેખાઓ તંગ થઈ ગઈ ને એકીશ્વાસે બોલતા ગયા કે, 'મને યાદ છે કે, કંઈક આવો જ અનુભવ ઈન્દુચાચા (ઈન્દુલાલ યાજ્ઞિક) અને સરદાર વલ્લભભાઈ પટેલને ૧૯૧૯ની સાલમાં થયો હતો. જલિયાનવાલા બાગની ઘટનાની તપાસ માટે તેઓ સ્વયં નીકળ્યા હતા... રસ્તામાં જ ગાંધીજીની ધરપકડના સમાચારથી રોષે ભરાયેલું ટોળું ભટકાઈ ગયું, જેના તેઓ ભોગ બનતા રહી ગયા હતા. આ આખીયે ઘટનાનું વર્ણન ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા ભાગ-૨માં પૃષ્ઠ ૧૭૪થી ૧૮૦માં સુંદર રીતે આલેખવામાં આવ્યું છે, તેના થોડાં અંશો આજે પણ મને યાદ છે... તેઓ લખે છે કે, 'તે જ દિવસે બપોરે અમે અનસૂયાબહેનને તાર કરીને તરત જ અમદાવાદના મજૂરોને શાંત પાડવા પાછા આવવાનો આગ્રહ કરેલો. ૧૧મીએ વલ્લભભાઈ અને હું (ઈન્દુલાલ યાજ્ઞિક) સવારમાં મેલ ઉપર તેમને મળવા ગયા ત્યારે શહેરની હડતાળ કાયમ હતી અને સેંકડો લાઠીધારી માણસોના મોટા ટોળા ધમધમ કરતા હતા. લોકોના સીના અને આંખોમાં અમને કાંઈક ઉલ્કાપાતની આઝાદી દેખાઈ. અમે તેનો સ્વાદ પણ ચાખ્યો. સ્ટેશન ઉપર અનસૂયાબહેનની મોટર તેમને લેવા આવેલી પણ તે ન

રસ્તામાં જ ગાંધીજીની ધરપકડના સમાચારથી રોષે ભરાયેલું ટોળું ભટકાઈ ગયું, જેના તેઓ ભોગ બનતા રહી ગયા હતા.

આવ્યા, તેથી અમે તેમની મોટરમાં બેસી પાછા ફરતા હતા, ત્યારે બેકાબૂબ બનેલા ટોળાંએ એ જ મોટરના હૂડ ઉપર લાઠીઓ ફટકારી.'

એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે, જો આવા બેકાબૂ બનેલા ટોળાનો ભોગ જો મહાન વ્યક્તિઓ પણ બનતી હોય તો બીજાઓ એટલે કે સામાન્ય માણસનું ગજુ શું! આવા ટોળાને કોઈ નેતા નથી હોતો. તે તો ગમે તે રીતે, ગમે તે બાજુએ દોરાવાથી તોડફોડનો આશરો લઈ લે છે. અમદાવાદ અને ભારતમાં પણ આવા ઝનૂની ટોળાના રોષનો ભોગ બની હજારો નિર્દોષ લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે. આવી જ એક દુ:ખદ ઘટના અમદાવાદમાં બની હતી, જે સાંભળતા, યાદ કરતા તો મારા રૂંવાડા ઉભા થઈ જાય છે.

અરે ભાઈ, ચાલો કડક-મીઠી ચાનો બીજો રાઉન્ડ કરો... આપણી વાતો કાંઈ આજે એમ આપણને જલ્દી છોડશે નહીં... જુઓ, સાંભળો... આશુતોષભાઈ બોલ્યા.

અંગ્રેજોની
કુટનીતિને લીધે
આપણા દેશના
ભાગલા પડે
તેવી નોબત
આવી હતી.
છાપામાં
રોજરોજ
નવા સમાચારો
આવતા હતા.

આ ઘટના આઝાદી પ્રાપ્તિ પહેલાની છે. આઝાદી મળવાની તૈયારીઓ ચાલી રહી હતી. અંગ્રેજોની કુટનીતિને લીધે આપણા દેશના ભાગલા પડે તેવી નોબત આવી હતી. છાપામાં રોજરોજ નવા સમાચારો આવતા હતા. લોકો આઝાદીની બેસબરીથી રાહ જોતા હતા. દેશના ભાગલા પડશે તેવું લગભગ નક્કી હતું. ભારતમાં જ્યાં મુસ્લિમોની વસતી વધારે હતી, ખાસ કરીને પંજાબ, નોર્થ-વેસ્ટ, ફ્રંટિયર સિંધ અને બંગાળ આ બધા જ પ્રાંતોના જાતિના ધોરણે વિભાજન થવાની ક્વાયત ચાલતી હતી. આ ઈલાકાઓમાં જ્યાં જ્યાં મુસ્લિમ બહુમતી હતી, ત્યાંથી હિન્દુભાઈઓ હિજરત કરવા જવા લાગ્યા હતા. બિચારા પોતાનો પ્રદેશ છોડતા ખૂબ વ્યથિત હતા. બિહાર, ઉત્તરપ્રદેશ તથા દેશના

બીજા ભાગોમાંથી પણ મુસ્લિમો પાકિસ્તાન તરફ જવા અધીરા બન્યા હતા. ચારેકોર અફરાતફરીનો માહોલ હતો. લોકોમાં ભય અને દહેશતનો માહોલ હતો. દેશમાં ચોતરફથી, જુદા જુદા ખૂણાઓમાંથી કોમી હિંસાના સમાચાર આવતા હતા. લોકો બહાવરા બની ગયા હતા... હવે શું થશેની જિજ્ઞાસાવૃત્તિ લોકોના ચહેરા પર ચિંતાના ભાવ સાથે દેખાતી હતી. સમગ્ર ભારતવર્ષની જુબાન પર બસ એક જ પ્રશ્ન હતો... કે હવે શું થશે?

અમદાવાદ પણ આ બધાથી બાકાત નહોતું... કારણ બન્યો રથયાત્રાનો પ્રસંગ! ૧૯૪૬માં રથયાત્રા જમાલપુરમાં આવેલા જગન્નાથજી મંદિરેથી નીકળીને રાબેતા મુજબના રૂટ ઉપર આગળ વધીને જ્યારે કાળુપુર દરવાજા પાસે આવી ત્યારે રાજમહેલ હોટેલમાંથી સોડા વોટરની બોટલો અચાનક જ ફેંકાવા લાગી. સેંકડો લોકો ઘાયલ થયા. હવે બંને કોમના મગજ પર સવાર થયેલું ઝનૂન દેખાવા લાગ્યું હતું ને આમ અમદાવાદમાં ૧૯૪૬માં કોમી તોફાનોની અહીંથી શરૂઆત થઈને ધીમેધીમે આ તોફાનો સમગ્ર શહેરમાં પ્રસરી ગયા.

**હવે શું થશેની જિજ્ઞાસાવૃત્તિ લોકોના ચહેરા પર ચિંતાના ભાવ સાથે દેખાતી હતી. સમગ્ર ભારતવર્ષની જુબાન પર બસ એક જ પ્રશ્ન હતો... કે હવે શું થશે?**

ચ્હાની પ્યાલીઓ આવી ગઈ ને ગરમાગરમ ચ્હાના ઘૂંટડા લેતા ગરમાગરમ વાતોની ચર્ચા પણ જોર પકડતી ગઈ. આશુતોષભાઇ વિદેશવાસી મિત્ર, તેમના પત્ની, બંને ત્રીસી વટાવી ચૂકેલા દીકરાઓ, અમે, આશાબહેન સૌ જાણે આ વાતોમાં ખોવાઈ ગયા હતા. ખાડિયાવાસી આશુતોષભાઈએ વળી વાતને વેગ આપતાં કહ્યું, 'આવા સમયે આપણા શાંતિદૂત સમા પૂજ્ય બાપુ આપણી વચ્ચે હયાત હતા. તેમની આગેવાની હેઠળ તે સમયના કોંગ્રેસના નેતાઓ જેમ કે, ભારતના પ્રથમ વડા પ્રધાન સ્વ. જવાહરલાલ નેહરૂ, નાયબ મુખ્ય પ્રધાન લોહપુરૂષ સ્વ. વલ્લભભાઈ પટેલ, તે સમયના કોંગ્રેસના પ્રમુખ

સ્વ. આચાર્ય કૃપલાનીજી, મૌલાના અબ્દુલ કરીમ આઝાદ, રાજાજી, રાજેન્દ્ર પ્રસાદ વગેરે દ્વારા દેશમાં ઠેર-ઠેર શાંતિ સમિતિઓની રચના કરવામાં આવી હતી. વિસ્થાપિત થયેલા પરિવારોને શરૂઆતમાં રાહત છાવણીઓમાં રાખવામાં આવ્યા હતા ને ધીમે-ધીમે તેમને કામધંધો મળે, રહેવા આવાસ મળે તેવી વ્યવસ્થાઓ પણ કરવામાં આવી હતી, જ્યારે આ હિજરતીઓ પોતાનો મુલક, ઘરબાર, માલમિલકત છોડીને આવ્યા, ત્યારે તેઓ બિલકુલ નિરાધાર અને કંગાળ હાલતમાં આવ્યા હતા. ઉપર આભ અને નીચે ધરતીવાળા આ હિજરતીઓ શરૂઆતમાં 'નિર્વાસિત' તરીકે ઓળખાયા... ભારતમાતાના આ સપૂતો આજે તો પગભર થઈ ગયા છે અને ભારતના બીજા વાસીઓ સાથે ખભેખભા મિલાવીને દેશની પ્રગતિ માટે કામ કરી રહ્યા છે.

જ્યારે આ હિજરતીઓ પોતાનો મુલક, ઘરબાર, માલમિલકત છોડીને આવ્યા, ત્યારે તેઓ બિલકુલ નિરાધાર અને કંગાળ હાલતમાં આવ્યા હતા.

૧૯૪૬ના સમયની અને તે દરમિયાન દેશનું વિભાજન થયું, તેની વાત તમે સાંભળી... દેશના બે ભાગ થયા. નવા જન્મેલા દેશને પાકિસ્તાન તરીકે ઓળખવામાં આવ્યો. આમ, પાકિસ્તાનનો જન્મ જ ધિક્કાર અને ઝનૂનમાંથી થયો ને કદાચ એથી જ આજે બંને દેશને આઝાદી મળે ૬૦ કરતાં યે વધારે વર્ષ વીતી ગયા, પરંતુ આજેય એ ભાગલા દરમિયાન ઊભી થયેલી કડવાશ, ઘૃણા, નફરત શમી નથી. આઝાદી પછી પણ બે પડોશી દેશો વચ્ચે ત્રણ યુદ્ધો થયાં, પણ શાંતિ ક્યાંય ન થઈ. પેઢીઓ બદલાઈ ગઈ, લોકો પણ બદલાઈ ગયા... છતાં પણ એ જ ધિક્કાર સાથે આજે પણ પ્રજા જીવી રહી છે.

'અરે, આ તો વાતમાંથી વાત નીકળી ને ક્યાં સુધી પહોંચી ગયા... બિલકુલ પોળ જેવું થયું...! પેલું ગીત છે ને 'પોળની અંદર પોળ, ગલીમાં ગલી, ખડકીને અડકીને ગલી જાય સીધી શેરીમાં

મળી! એમ જ આપણી વાતોનું છે. આજે...' આશાબહેન બોલ્યાં.

ચાલો, આપણે ફરીથી મૂળ વાત પર આવીએ. દેશમાં ઠેર-ઠેર જે શાંતિસમિતિઓની રચના થઈ હતી, તેની સાથે વસંતરાવ હેગિષ્ટે અને રજબ અલી લાખાણી સંકળાયેલા હતા. જ્યારે તેઓએ જોયું કે આખોયે દેશ નફરત અને ઝનૂનની આગમાં હોમાઈ રહ્યો હતો, ત્યારે આ નવયુવાનો હિંદુ અને મુસ્લિમ વચ્ચે ભાઈચારો કેમ વધે તે માટે ખૂબ મહેનત કરતા હતા. બંને તરવરિયા યુવાનો આશાસ્પદ મિટીંગો દ્વારા ભાઈચારાનો સંદેશ અમદાવાદના ખૂણે-ખૂણે પોતાના બીજા સાથી યુવાનોને પહોંચાડતા હતા. સ્વ. વસંતલાલ તો લાલદરવાજા પાસે આવેલા અખાડામાં પણ સક્રિય હતા તથા ભદ્રમાં આવેલા કોંગ્રેસ હાઉસ કે જે અત્યારે સરદાર પટેલ કોંગ્રેસ હાઉસ તરીકે જાણીતું છે ત્યાં બંને જણા રોજ સાંજે જતા.

આખોયે દેશ
નફરત અને ઝનૂનની
આગમાં હોમાઈ
રહ્યો હતો,
ત્યારે આ નવયુવાનો
હિંદુ અને મુસ્લિમ
વચ્ચે ભાઈચારો કેમ
વધે તે માટે ખૂબ
મહેનત કરતા હતા.

૧૯૪૬ની પહેલી જુલાઈની એ સાંજ હતી. બંને મિટીંગમાં બેઠા હતા અને શહેરમાં શાંતિ કેવી રીતે કરવી તેની ચર્ચામાં વ્યસ્ત હતા, ચિંતિત હતા. એટલામાં એક યુવાન, પરસેવે રેબઝેબ ને છાતી શ્વાસથી ધમણની જેમ ફૂલતી હતી, તે દોડીને તેમની પાસે આવ્યો ને લગભગ ચીસ પાડીને બોલ્યો કે, જમાલપુરમાં તોફાન થયું છે... તેઓ અને સાથે બેઠેલા બધા જ વિચારમાં પડી ગયા કે શું કરવું? ક્ષણભરના વિચાર બાદ વસંતરાવ અને રજબ અલી એકીશ્વાસે બોલી ઊઠ્યા કે અમે ત્યાં જઈશું. ખોટે રસ્તે જનારા લોકોને સમજાવીશું. મિટીંગમાં બેઠેલા બીજા યુવાનોએ તેઓને ના પણ પાડી કે અત્યારે ત્યાં જવું એ ખતરાથી ખાલી નથી, જાનનું જોખમ છે ત્યાં. પરંતુ રજબ અલી અને વસંતરાવ ટસથી મસ ન થયા અને ત્યાં જવા ઊભા થઈ ગયા.

પોળની
ખડકીએથી...
સન્નાટો

તેમની સાથે બીજા બે મિત્રો જોડાયા. તેઓ સૌ જમાલપુર ખાંડની શેરી તરફ જવા રવાના થઈ ગયા. ત્યાં પહોંચીને જોયું તો બંને કોમનાં ટોળાં ઝનૂની બની ચૂક્યાં હતાં. બંને જણા કંઈ સમજે અથવા સમજાવવાનો પ્રયત્ન કરે તે પહેલાં તો ટોળાએ તેમના પર હુમલો કરી દીધો. ઝનૂની ટોળાએ બંનેને એટલી બર્બરતાથી કુહાડીથી માર્યા કે તેમના ચહેરા ઓળખાય એવા ન રહ્યાં. દેશની એકતા માટે વસંતરાવ હેગિષ્ટે અને રજબ અલી લાખાણી શહીદ થઈ ચૂક્યા હતા, જે પાછળથી તેમની ચંપલ પરથી ઓળખાયા હતા. તેમની સાથે આવેલા બે યુવાનો ટોળામાંથી છટકીને ભાગ્યા હતા ને કોંગ્રેસ હાઉસમાં વાટ જોતા તેમના મિત્રોને આ દુઃખદ સમાચાર આપ્યા હતા. આખુંય શહેર શોકમાં ગરકાવ થઈ ગયું હતું. આજે પણ ખાંડની શેરી પાસે આવેલી તેમની ખાંભી પર ૧ જુલાઈએ લોકો ફૂલહાર ચઢાવે છે. ગાંધીજીથી શરૂ કરીને વસંતરાવ, રજબ અલી જેવા અનેક યુવાનોએ કોમી હિંસા રોકવા બલિદાન આપ્યાં છે, છતાં આજે પણ ક્યાંક આવી આગ ભડકી ઊઠે છે, જ્યાં સુધી જુદી-જુદી કોમો વચ્ચેની આગ બુઝાશે નહીં, ત્યાં સુધી કર્ફ્યૂ અને અત્યાચારનો ક્રમ શું ચાલુ જ રહેશે?

જ્યાં સુધી
કોમો-કોમો વચ્ચેની
આગ બુઝાશે નહીં,
ત્યાં સુધી
કરફ્યુ અને
અત્યાચારનો ક્રમ
શું ચાલુ જ રહેશે -
એ એક પ્રશ્ન છે.

એનઆરઆઈ મિત્રે પૂછ્યું કે, આ વસંતરાવ એટલે પેલા હેમલત્તાબહેનના... એટલે આશાબહેને અધવચ્ચેથી જ કહ્યું કે, શહીદ વીર વસંતરાવ એટલે જાણીતા સામાજિક કાર્યકર અને સ્વાતંત્ર્ય સેનાની હેમલતાબહેન હેગિષ્ટેના નાના ભાઈ. હેમલતાબહેને જ્યારે ૧૪ વર્ષની ઉંમરે બ્રિટિશ રાજ્યના રાજાને લગતી કવિતા 'ગોડ સેવ ધ કિંગ' ગાવાનો ઈનકાર કરીને તેના સ્થાને ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલમાં વંદેમાતરમ્ ગાવાનું શરૂ કર્યું ત્યારે તેમને પોતાની શાળા ઉપરાંત બીજી ૭ શાળાઓમાંથી રસ્ટિકેટ કર્યા હતા, તેમજ બ્રિટિશર સત્તાધારીઓએ તેમને આખાયે

યુ.કે.માં ક્યાંય એડમિશન માટે પ્રતિબંધ મૂક્યો હતો. આપણા સ્વ. પ્રભુતાબહેન કવીશ્વર પણ આમાંના એક વિદ્યાર્થિની હતા. પાછળથી ગાંધીજીના કહેવાથી સરદાર પટેલે મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની સ્થાપના કરીને તેમને તેમાં એડમિશન આપ્યું હતું. આવી બહાદુર બહેનનો લાડકો ભાઈ કે જેણે કોમી એકતા માટે શહાદત વહોરી તે વીર શહીદ વસંતરાવ અને શહીદ રજબઅલી આજે મૃત્યુ પછી પણ સમાજને એકતા અને ભાઈચારાનો સંદેશો આપે છે.



વીર શહીદ
વસંતરાવ અને
શહીદ રજબઅલી
આજે મૃત્યુ પછી પણ
સમાજને એકતા
અને ભાઈચારાનો
સંદેશો આપે છે.


શહીદો અમર રહો
इस जगह १९४२ के "हिन्द छोडो"
उमाकान्त मोतिराम कडीया
प्रथम शहीद हुअे थे।

યુ.કે.માં ક્યાંય એડમિશન માટે પ્રતિબંધ મૂક્યો હતો. આપણા સ્વ. પ્રભુતાબહેન કવીશ્વર પણ આમાંના એક વિદ્યાર્થિની હતા. પાછળથી ગાંધીજીના કહેવાથી સરદાર પટેલે મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની સ્થાપના કરીને તેમને તેમાં એડમિશન આપ્યું હતું. આવી બહાદુર બહેનનો લાડકો ભાઈ કે જેણે કોમી એકતા માટે શહાદત વહોરી તે વીર શહીદ વસંતરાવ અને શહીદ રજબઅલી આજે મૃત્યુ પછી પણ સમાજને એકતા અને ભાઈચારાનો સંદેશો આપે છે.



**વીર શહીદ
વસંતરાવ અને
શહીદ રજબઅલી
આજે મૃત્યુ પછી પણ
સમાજને એકતા
અને ભાઈચારાનો
સંદેશો આપે છે.**


શહીદો અમર રહો
इस जगह १९४२ के "हिन्द छोडो"
स्वातंत्र्य संग्राम की वेदी पर अंग्रेजी हकूमत की
गोलीसे 'उमाकान्त मोतिराम कडीया'
अपना खून देकर भारत-माँ को मुक्त कराने
प्रथम शहीद हुओ थे।

# આઠ : એકમેકની ઓથ

હવે બંને દીકરાઓ પરમ અને સત્ય બંને જાણે આ બાબતનો ઘણો અંદાજો મેળવી ચૂક્યા હતા... તે લોકો સામે જાણે એક ઈતિહાસ તાદશ્ય થઈ રહ્યો હતો... પરમે અચાનક પ્રશ્ન છેડ્યો કે કાકા, આવા બધા તોફાનો, તોડફોડ, પથ્થરમારો વગેરે માત્ર આંદોલનકારીઓ પોલિસ સામે જ કરતા હતા કે પછી કોઈ વાર કોઈ અસામાજિક તત્ત્વો પણ તેને ગેરલાભ ઉઠાવી જતા હશે?

ખાડિયાવાસી મિત્રે કહ્યું કે, બહુ ઇન્ટેલિજન્ટ પ્રશ્ન કર્યો તે બેટા... જો સાંભળ, કર્ફ્યૂ દરમિયાન, તોફાનો દરમિયાન કે કર્ફ્યૂ છૂટ્યા પછી ઘણા અસામજિક તત્ત્વો સક્રિય થઈ જતાં અને જ્યારે ટોળું તોડફોડ કરતું ત્યારે અથવા તો ટોળું એકઠું થયું હોય ત્યારે ચૂપચાપ તેમાં ભળી જઈને ખાનગી તેમજ જાહેર મિલકતની તોડફોડ કરીને ટોળાને પણ તેઓ ઉશ્કેરતા. આ અવસ્થાનો લાભ લઈને બીજા જોડાયેલા અસામાજિક તત્ત્વો લૂંટફાટ પણ કરતાં. નિર્દોષ લોકોને તો ખ્યાલ પણ ન આવતો કે તેઓના ભોળપણનો અસામાજિક તત્ત્વો દ્વારા કેવી સિફતથી લાભ ઉઠાવાતો! આ સીલસીલો તોફાનો અને કર્ફ્યૂ દરમિયાન સતત ચાલતો અને જોવાની બાબત તો એ હતી કે લૂંટનો માલ લઈને અસામાજિક તત્ત્વો તો ક્યાંય રફુચક્કર થઈ જાય અને આસપાસ ઊભેલા નિર્દોષ લોકો પોલિસની ઝપટમાં આવી જાય. અરે, ઘણીવાર તો

જોવાની બાબત
તો એ હતી કે
લૂંટનો માલ લઈને
અસામાજિક
તત્ત્વો તો ક્યાંય
રફુચક્કર થઈ જાય
અને આસપાસ
ઉભેલા નિર્દોષ
લોકો પોલિસની
ઝપટમાં આવી જાય.

પોળની
ખડકીએથી...
સન્નાટો

એવી એવી ઘટના બને કે તમને માન્યામાં ન આવે અને થાય કે આવું થાય જ શી રીતે?

૧૯૭૫ની સાલ દરમિયાન થયેલા નવનિર્માણના આંદોલન દરમિયાન ગાંધી રોડ ખબર છે તમને... ગાંધી રોડ પર બનેલી એક સત્ય ઘટના કે જેમાં ચોરે પોલિસ ઊંઘે છે તે સાબિત કરી દીધું હતું...

રાત ધીમે ધીમે પસાર થઈ રહી હતી. પ્રહર પર પ્રહર થતા હોય તેમ પોલિસના કડક બૂટના અવાજ સિવાય નીરવ શાંતિ હતી.

એમાં બન્યું હતું એવું કે... તોફાનોને લીધે કર્ફ્યૂ સતત ચાલુ હતો. પોલિસ પેટ્રોલિંગ સતત ચાલુ હતું. કર્ફ્યૂના સૂમસામ રસ્તાઓ ઉપર પોલિસ અને પોલિસવાન સિવાય કંઈ દેખાતું ન હતું. રાત્રિ ભેંકાર ભાસી રહી હતી. રાત ધીમે ધીમે પસાર થઈ રહી હતી. પ્રહર પર પ્રહર થતા હોય તેમ પોલિસના કડક બૂટના અવાજ સિવાય નીરવ શાંતિ હતી. પ્રહર વીતતા જતા હતા. રાત્રિના અંધકામાં કૂતરાના ભસવાનો અવાજ જાણે કંઈક વિચિત્ર ચાડી ખાતો હતો. થોડી થોડી વારે પડતા ઘડિયાળના ડંકાથી સમયની ખબર પડતી હતી કે, તે વખતે કેટલા વાગ્યા છે! આમ જ સમય વીતતા વીતતા અંધકાર પ્રકાશ તરફ ગતિ કરવા લાગ્યો. લોકો પણ જાગ્રત થવા લાગ્યા અને સવારની ગુલાબી તાજી હવામાં શ્વાસ લે ન લે તે પહેલાં તો માઠા સમાચાર આવ્યા કે પતાસા પોળની પોલિસચોકીની સામેની દુકાનોનાં તાળાં તૂટ્યાં છે અને રાત્રે દુકાનોમાંથી માલની લૂંટફાટ કરીને લૂંટારા ફરાર થઈ ચૂક્યા છે. પોલિસ પણ આ બધું જોઈને અચંબામાં પડી ગઈ હતી અને હાંફળીફાંફળી થઈ ગઈ. જે પોલિસો રાત્રે એ તરફ ડ્યૂટી પર હતા તેઓને ધમકાવવામાં આવ્યા કે તેઓ કરતા શું હતા! કર્ફ્યૂમાં આટલા કડક પોલિસ બંદોબસ્ત હેઠળ ચોરી થઈ શી રીતે તે સૌ માટે એક પ્રશ્ન હતો - પોલિસો માટે પણ! 'કર્ફ્યૂમાં

પોલિસચોકીની સામે જ ચોરી', 'ચોર જાગતો રહ્યો, પોલિસ ઊંઘતી રહી', 'પોલિસનું નાક કાપતો ચોર' વગેરે હેડલાઈન સાથે જાહેરમાં ઘણા જ પ્રત્યાઘાતો દેખાયા. જોકે ધીરે ધીરે વાત લોકોના મનમાંથી ભૂંસાતી પણ ગઈ પણ અમુક અસામાજિક તત્ત્વોએ સાબિત કરી બતાવ્યું કે કર્ફ્યૂ હોય કે કડક બંદોબસ્ત, તેઓ સિફતપૂર્વક ચોરી કરી શકે છે...

અને તમને ખબર છે, આ તો જે વાત કહી તે ચોર ચોરી કરીને ભાગી ગયા તેવી વાત હતી, પરંતુ એ વખતે કેટલાક સાહસિક અને હિંમતવાન યુવાનોએ પોતાના જાનના જોમખે દુકાનો તૂટતી અને લૂંટતી પણ બચાવી છે. આવા એક-બે પ્રસંગો મને યાદ આવે છે. અરે આશા, તને યાદ છે, પેલા એકાદ-બે કિસ્સાના તો આપણે સાક્ષી છીએ. ૧૯૭૪ના નવનિર્માણના આંદોલન સમયની આ વાત છે. સાંભળજો હોં દીકરાઓ - દીકરીઓ, મારી વાતોથી થાક્યા તો નથી ને? આજે મારી વાતો તો જાણે ખૂટતી જ નથી.

આ મારા મિત્રે બધી વાતોની યાદ એવી તો ખોલાવી દીધી છે કે જાણે એ ભૂતકાળ આજે મારી અંદર જીવંત બનીને બોલી રહ્યો છે! એ વિષે વાત કરું તે પહેલાં એ કિસ્સાના 'નાયક' નટવરભાઈ રાણા વિષે તમને થોડી વાતો કરું. તમે તેમના વિષે જાણશો ને તો આ કિસ્સો તમે વધુ ઓતપ્રોત થઈને જાણી શકશો... એ નટવરભાઈ એ વખતે ચાલતી ખાડિયા વ્યાયામશાળાના એક કસાયેલા વડીલ હતા. કસાયેલો બાંધો, મજબૂત અને તંદુરસ્ત શરીર... કેમ મિત્ર તને તો યાદ હશે એ નટવરભાઈ... યાદ છે પેલા કુસુમમાસીની હવેલી સામે રહેતા હતા! નાની વયથી જ ૧૯૪૨ની આઝાદીની ચળવળમાં તે ઘણા જ સક્રિય હતા. ઈન્દુચાચા અને બ્રહ્મકુમાર ભટ્ટ કે જેઓ આ આઝાદીની ચળવળના અગ્રણીઓ ગણાતા હતા, તેઓની સાથે નટવરભાઈ રાણા

જોકે ધીરે ધીરે
વાત લોકોના
મનમાંથી ભૂંસાતી
પણ ગઈ
પણ અમુક
અસામાજિક તત્ત્વોએ
સાબિત કરી
બતાવ્યું કે કર્ફ્યૂ
હોય કે કડક
બંદોબસ્ત.
તેઓ સિફતપૂર્વક
ચોરી કરી શકે છે...

પડછાયાની જેમ રહે. અરે, ૧૯૫૬ની મહાગુજરાતની ચળવળમાં પણ તેઓનો ભાગ આગળ પડતો હતો. નટવરભાઈ ગમે તેવા કપરા સંજોગોમાંય ડરે કે ડગે નહીં અને આવી પડતા દરેક સંકટનો તેઓ જબરી હિંમતથી સામનો કરતા...

ભદ્ર કોંગ્રેસહાઉસ પાસેથી કોંગ્રેસ હાઉસ સામેના સર્કલ સામે મૂકવામાં આવેલી એક ખાંભી જ્યારે પોલિસો દ્વારા વહેલી સવારના દૂર કરવામાં આવી તે સમયે નટવરલાલ ત્યાં હાજર હતા. પોલિસને થાપ આપી સૌ પ્રથમ ખબર વહેતી મૂકનારા પણ તેઓ જ હતા. આ પછી તો શહેરમાં બેહદ તોફાન ફાટી નીકળ્યાં. ખાંભી પાછી મૂકવા માટે સત્યાગ્રહ થયો, તે પછીથી ખાંભી સત્યાગ્રહ તરીકે જાણીતો થયો. અને ખાસ જાણવા જેવી વાત તો એ છે કે એ સત્યાગ્રહ વિશ્વમાં સૌથી લાંબા સમય સુધી એટલે કે લગભગ એક વર્ષ સુધી ચાલેલો સત્યાગ્રહ છે. આ સત્યાગ્રહ કોઈ પણ જાતના બ્રેક પડ્યા વગર શાંતિપૂર્ણ રીતે ચાલ્યો હતો. ટૂંકમાં, કહેવાનું તાત્પર્ય એ હતું કે નટવરભાઈ બુદ્ધિ અને તાકાત બંનેથી કસાયેલા વ્યક્તિ હતા.

ખાંભી પાછી મૂકવા માટે સત્યાગ્રહ થયો, તે પછીથી ખાંભી સત્યાગ્રહ તરીકે જાણીતો થયો, અને ખાસ જાણવા જેવી વાત તો એ છે કે એ સત્યાગ્રહ વિશ્વમાં સૌથી લાંબા સમય સુધી એટલે કે લગભગ એક વર્ષ સુધી ચાલેલો સત્યાગ્રહ છે.

અરે, સાંભળો... સાંભળો... એક બીજી વાત સાંભરી આવે છે આ વાત પરથી... એ વખતે ૧૯૭૪ની સાલમાં નવનિર્માણનું આંદોલન પૂરજોશમાં ચાલી રહ્યું હતું. અમે એટલે હું, નટવરલાલ અને દીપક પટેલ ચાલતા-ચાલતા ખાડિયા ચાર રસ્તા થઈ, બાલાહનુમાન આગળ થઈને પાનકોરનાકા પહોંચ્યા ને ત્યાંથી ભદ્રકાળી માતાનાં દર્શન કરીને ધીમે-ધીમે પાછા ફરી રહ્યા હતા. ત્રણ દરવાજા વટાવી પાનકોર નાકા થઈને જેવા રતનપોળ પાસે આવ્યા કે એક ટોળું ‘દુકાનો બંધ કરો, દુકાનો બંધ કરો’ એવી બૂમો પાડતું પાડતું ધસી આવ્યું. દરેકના હાથમાં પથ્થરો હતા. આ

પથ્થરો તેઓ દુકાનો પર ફેંકતા હતા, છુટ્ટા ઘા કરતા હતા. બંધ દુકાનોના શટર પર પણ લાકડી પછાડી પછાડીને મોટે-મોટેથી ગાળો બોલતા હતા. નાસભાગ મચી ગઈ હતી. લોકો ગભરાઈને ભાગવાના રસ્તા શોધવા લાગ્યા હતા. દુકાનદારો પોતપોતાની દુકાનોના શટરો પાડવા લાગ્યા હતા. પેલું તોફાની ટોળું તો ગમે એમ તોડફોડ કરતું ગાંધી રોડ પર આવેલી ચંદ્રવિલાસ હૉટેલ તરફ આગળ વધવા લાગ્યું. ચંદ્રવિલાસ હૉટેલની બાજુમાં મેડા ઉપર એક ચાઇનીઝ ડૉક્ટરનું દવાખાનું હતું, ત્યાં પહેલાં માછલીઓના એકવેરિયમ જેવું કંઈક બનાવેલું હતું. આ વિનાશકારી ટોળાનું ધ્યાન એ તરફ ગયું ને એકવેરિયમ પર તેઓએ પથ્થરમારો ચલાવ્યો. કાચનું એક્વેરિયમ પથ્થર વાગતાં જ તૂટી પડ્યું ને માછલીઓ જમીન પર પડીને તરફડી તરફડીને મરી ગઈ.

અમે અને બીજા બધા જ લોકો સામેની ફૂટપાથ પર ઊભા ઊભા આ વિનાશક તમાશો જોતા હતા. અચાનક કોણ જાણે કેમ પણ એ ટોળું પાછું ફર્યું અને રતનપોળના નાકે આવીને ઊભું રહ્યું. દરમિયાન એક વેપારીએ હિંમત કરીને મેડા પરથી કોઈ વસ્તુ ટોળા પર ફેંકી. તેનો આશય એ હશે કે આવું કંઈક ફેંકવાથી કદાચ એ ટોળું વિખેરાઈ જાય કે ભાગી જાય... પરંતુ આ ટોળાએ તો એ વેપારી પર વળતો પથ્થરોનો વરસાદ વરસાવ્યો. પથ્થરોનો મારો થતાં જ, તે જે પાળી ઉપર ઊભો હતો ત્યાંથી તેણે ગુમાવ્યું. તે નીચેના છાપરા પર પડીને એવો ગબડ્યો કે નીચે પછડાય... પણ અચાનક તેના હાથમાં કંઈક વસ્તુ આવી ગઈ ને તે એક ફિલ્મી દૃશ્યની જેમ અધ્ધર હવામાં લટકવા લાગ્યો. અમારા લોકોના તો જીવ તાળવે ચોંટી ગયા... ટોળાનો પથ્થરમારો હજી પણ ચાલુ હતો. એટલામાં તો અમારી સાથે ઉભેલા નટવરભાઈને શું સૂઝ્યું કે ટોળામાંથી એક મવાલી જેવો માણસ કે જે હાથમાં પાઈપ પકડીને

પોળની
ખડકીએથી...
સન્નાટો

પણ અચાનક
તેના હાથમાં કંઈક
વસ્તુ આવી ગઈ
ને તે એક ફિલ્મી
દૃશ્યની જેમ અધ્ધર
હવામાં લટકવા લાગ્યો.
અમારા લોકોના તો
જીવ તાળવે
ચોંટી ગયા...

પોળની
ખડકીએથી...
સન્નાટો

ઊભો હતો ને બીજા હાથે પથ્થરો મારતો હતો તેના હાથમાંથી તેમણે વીજળીવેગે દોડીને પાઇપ ખૂંચવી લીધી.

પેલો મવાલી કંઈ સમજે, કંઈ રિએક્ટ કરે તે પહેલાં તો નટવરલાલ પાઇપ દ્વારા તેને જ ઝૂડવા લાગ્યા. આ જોઈને કોણ જાણે કેમ અમારામાં પણ હિંમત આવી. અમે પણ દોડ્યા ને મવાલીઓને મારવા લાગ્યા. આ બધું જોઈને અત્યાર સુધી ડરીને દૂર ઊભા રહીને તમાશો જોનાર વેપારીઓ, લોકો પણ બીજા મવાલી જેવા લોકો પર તૂટી પડ્યા. અચાનક વળતા હુમલાથી તેઓ ગભરાઈ ગયા ને પથ્થરો ફેંકીને ભાગવા લાગ્યા, પણ તેઓની કારી ફાવી નહીં, કારણ કે તેઓ ચારેબાજુથી ઘેરાઈ ગયા હતા. ત્યાં તો પેટ્રોલિંગ કરતી પોલિસ પણ આવી ચઢી ને બરાબર મેથીપાક ખાધેલા અસામાજિક તત્ત્વોથી ભરેલા ટોળાને વાનમાં બેસાડીને રવાના થઈ ગઈ. પેલો લટકી રહેલો વેપારી હજીયે એમ જ લટકતો હતો, તેને સૌએ મળીને ઉતાર્યો ને રિક્ષામાં બેસાડી દવાખાને પહોંચાડ્યો. વેપારીઓએ અને બીજા બધા લોકોએ નટવરલાલની કામગીરીને બિરદાવી. ત્યાર બાદ ધીમે-ધીમે લોકો વિખરાવા લાગ્યા ને અમે પણ કંઈક સારું કરી શક્યાના સંતોષ સાથે ઘર તરફ ચાલી નીકળ્યા.

ત્યાર બાદ
ધીમે-ધીમે
લોકો વિખરાવા
લાગ્યા ને
અમે પણ
કંઈક સારું કરી
શક્યાના સંતોષ
સાથે ઘર તરફ
ચાલી નીકળ્યા.

આવો જ બીજો બનાવ ખાડિયા ગેટ પાસે બન્યો હતો. ખાડિયાવાસી ભટ્ટસાહેબ તો જાણે ટાઇમમશિન દ્વારા એ જ દિવસોમાં પહોંચી ગયા હોય તેમ આગળ કહેવા લાગ્યા. ૧૯૮૫નાં તોફાનો દરમિયાન ખાડિયા ગેટ પાસે સંચારબંધી હોવા છતાં સારંગપુર તરફથી એક ટોળું ધસી આવ્યું ને ત્યાં ચાર રસ્તા પાસે આવેલી દુકાનો પર પથ્થરો મારવા લાગ્યું ને લાકડીઓ પછાડવા લાગ્યું એટલામાં હું ત્યાં જ આવી ગયો હતો. આ વાતનો પણ હું સાક્ષી છું હોં... મોટાં મોટાં અવાજો થવાથી લોકો પોળમાંથી બહાર

નીકળવા લાગ્યા કે શું થઈ રહ્યું છે...

અમુક લોકોએ દોડીને ત્યાં જઈને આ બધું અટકાવવાની કોશિષ કરી. હું પણ ટોળાં પાસે પહોંચી ગયો હતો. મને માલૂમ પડ્યું કે આ અસામાજિક તત્ત્વોનું ટાર્ગેટ 'પૃથ્વીરાજ સાઇકલ સ્ટોર' હતું. તેઓ એ દુકાનના શટર પર લાકડીઓ પછાડતા હતા ને તાળું તોડવાનો પણ પ્રયાસ કરતા હતા. સતત જોરદાર પ્રહારોથી તાળું તૂટી ગયું. શટર ખોલતાં જ જોયું તો તેની પાછળ વળી બીજું શટર હતું. તેઓ હવે એ બીજા શટર પર પણ પ્રહારો કરવા લાગ્યા. અમે બધા અંદર-અંદર વાત કરવા લાગ્યા કે આ ખૂબ ખોટું થઈ રહ્યું છે. આપણે અહીં આમ ઊભા છીએ અને આપણી સામે જ આમ દુકાન તોડે છે. આ લોકોનો આપણે કંઈ જ સામનો કરતા નથી! વળી ટોળામાંથી કોઈક બોલ્યું કે, 'જોયું ને એ લોકો પાસે પાઇપો છે, આપણી પાસે તો સામનો કરવા કંઈ પણ નથી. નકામા ટીપાઈ જઈશું.' મારાથી ન રહેવાયું. મેં કહ્યું, જો આ લોકોને રોકીશું નહીં તો આ દુકાનો તોડનારી ટોળકી કાલે ઊઠીને આપણાં ઘર તોડશે. આ લોકોને અટકાવવા જ જોઈએ. આટલું બોલીને હું ટોળા તરફ ચાલવા લાગ્યો, જોરદાર બૂમ પાડી... થોડીવાર માટે તો જાણે તે લોકો અટકી ગયા હોય એમ લાગ્યું. પણ પાછા થોડીવારમાં વળી શટર પર પાઇપો ફટકારવા લાગ્યા. હું તો ટોળા અને શટરની વચ્ચે જઈને ઊભો રહી ગયો. મારી હિંમત જોઈને ત્યાં ઊભેલા લોકોમાંથી બે-ત્રણ ધસી આવ્યા અને ટોળાને જબરજસ્તી દૂર ખસેડવા લાગ્યા. ટોળામાંથી બૂમો પડવા લાગી કે અમે દુકાનો તોડીને રહીશું, પણ અચાનક તેઓને ડર લાગ્યો કે અવાજ અને ગરમાગરમી વધવાથી પોલિસ ન આવી જાય. તેઓ પાછા વળી ગયા ને ચાલવા લાગ્યા. અમે ત્યાં જ ઊભા રહ્યા; રાતના ૧૨ વાગ્યા સુધી જાગ્યા અને ત્યાર બાદ એમ લાગ્યું કે હવે



મારી હિંમત
જોઈને ત્યાં
ઊભેલા લોકોમાંથી
બે-ત્રણ ધસી
આવ્યા અને
ટોળાને
જબરજસ્તી દૂર
ખસેડવા લાગ્યા.

પોળની
ખડકીએથી...
સન્નાટો

વાતાવરણ શાંત છે એટલે ઘરે ચાલ્યા ગયા. સવારે ઊઠ્યા ત્યારે સમાચાર સાંભળવા મળ્યા કે તમારા લોકોના ગયા બાદ એ ટોળું પાછું આવ્યું હતું અને પૃથ્વીરાજ સાઇકલ સ્ટોરની સામે આવેલી વિનય વૉચ કંપનીના શટર તોડી, અંદર લૂંટફાટ કરીને ઘડિયાળો ઉઠાવી ગયા હતા. આ બનાવ બન્યા પછી કેટલીયે વારે પોલિસ આવી હતી ને લૂંટની ફરિયાદ દાખલ કરીને જરૂરી કાગળિયાં તૈયાર કર્યાં હતાં... ત્યાર બાદ રોજનીશી પતાવીને બેઠો હતો પણ આ સમાચાર વિષે જ મનમાં વિચાર ચાલ્યા કરતા હતા કે અસામાજિક તત્ત્વો તોફાનોને બહાને ઘણું જ નુકસાન પહોંચાડે છે... ત્યાં તો લગભગ દસેક વાગ્યાના સુમારે એક વડીલકાકા આવ્યા અને મારી તરફ જોઈને હાથ જોડવા લાગ્યા. તેમણે કહ્યું કે, તેઓ પૃથ્વીરાજ સાઇકલ સ્ટોરના માલિક છે અને તેઓ ગળગળા અવાજે બોલતા જતા હતા કે તેમની દુકાનમાં ૩૦થી ૪૦ લાખ રૂપિયાનો માલ હતો, નવો જ સ્ટોક આવ્યો હતો, વીમો પણ હજી ઊતરાવ્યો ન હતો.. કહેવા લાગ્યા કે, ભટ્ટસાહેબ તમે મારી લાજ રાખી... ઉપકારકૃત ભાવસહિત તે મને કહેવા લાગ્યા કે, રાત્રે જ તેમના પર ફોન આવ્યો હતો કે દુકાન પર હુમલો થયો છે, પણ કર્ફ્યૂ હોવાથી પોલિસે આવવા ન દીધો. સવારે જ્યારે માંડ અહીં પહોંચ્યો ત્યારે લોકો દ્વારા આખીયે ઘટનાની જાણ થઈ... માટે તમારો ખાસ આભાર માનવા જ આવ્યો છું... તેવું ગદ્ગદિત સ્વરે કહેવા લાગ્યા. આવી રીતે જ્યારે ટોળું તોડફોડ કરતું હોય ત્યારે જો હિંમતપૂર્વક સામનો કરવામાં આવતો તો જાનમાલનું રક્ષણ પણ કરી શકાતું.

તેઓ ગળગળા
અવાજે બોલતા
જતા હતા કે
તેમની દુકાનમાં
૩૦થી ૪૦ લાખ
રૂપિયાનો
માલ હતો,
નવો જ સ્ટોક
આવ્યો હતો,
વીમો પણ
હજી ઊતરાવ્યો
ન હતો...



# નવ : પોળનો સંપ

હિંમત, જુસ્સો, ખુમારી, પુણ્યપ્રકોપ... દયા, સંવેદના, સંપ - આ બધાય સંસ્કૃતિનાં મૂલ્યો જાણે કસાઈ જતાં કર્ફ્યૂ અને તોફાનો દરમિયાન. અમદાવાદના કોટ વિસ્તારની પોળમાં એક સહજીવન પાંગરતુ અને જીવન જીવવાનાં સુંદર મૂલ્યોની સમજણ સમૂહજીવનની શૈલી કુદરતી રીતે આપી દેતી આવનાર પેઢીને. તોફાનો અને કર્ફ્યૂ જેવા કપરા કાળમાં એ મૂલ્યોની બરોબર ચકાસણી થઈ જતી.

ક્યાંક
લોહીના સંસ્કારો
દીપી ઊઠતા
તો ક્યાંક
આંતરિક કટુતા
કોઈને પોશ પોશ
આંસુએ
રડાવી મૂકતી.

માનવીની પ્રકૃતિ જ છે કે સારા સાથે ભલે નરસું. તોફાનો દરમિયાન જ્યારે ક્રોધ, ઘૃણા, અભિમાન, ઈર્ષ્યા, ભય, અસલામતી, અનીતિ, કાવાદાવા, કુસંપ અને ઝનૂન - બધાય કુભાવના રાક્ષસ પણ પૂરજોશે ઝપાઝપી પર આવી જતા ત્યારે માનવતાનાં મૂલ્યોની એક આકરી પરખ થઈ જતી. ક્યાંક લોહીના સંસ્કારો દીપી ઊઠતા તો ક્યાંક આંતરિક કટુતા કોઈને પોશ પોશ આંસુએ રડાવી મૂકતી. ઝનૂન અને અત્યાચાર ક્યારેક કડવાં સંભારણાં બને એવી ઘટનાઓનાં મૂળ બનતાં તો તોફાનો દરમિયાન ક્યારેક પોળના રહીશોનાં સંસ્કાર અને મૂલ્યો એવાં ખીલતાં કે ૧૦૦ ટચનાં સુવર્ણ સમી લાગણીના માનવ વ્યવહારમાં દર્શન થતા.

દીકરા પરમ અને સત્ય અને મિત્ર શુકલને સંબોધતા ભટ્ટ બોલ્યા, 'તમે ગુજરાતી હોવાનું ગૌરવ અનુભવો છો, પણ શું એ

ગૌરવને ખરેખર આંતરિક બળ મળે એવી આપણી વાતો, યાદો અને મૂલ્યોનાં તમારે ખરેખરાં દર્શન કરવાં છે?' ભટ્ટની આંખ સંવેદનાની સુંદરતાથી શોભતી હતી.

'હા, કાકા. તમે અમને તોફાનો દરમિયાન કોઈ સુંદર સંભારણાં બંધાયાં હોય તો જણાવો ને...' સત્ય બોલ્યો.

૨૦૦૨માં જ્યારે ભયંકર તોફાનો ચાલી રહ્યાં હતાં ત્યારે નરોડા પાટિયા વિસ્તારમાં થોડા મુસલમાનોને એક રૂમમાં પૂરીને જીવતા સળગાવી દેવાનું એક હિચકારું કૃત્ય થયું હતું, એ કૃત્યની પાછળ ગોધરાકાંડમાં રેલવેના ડબ્બામાં પૂરીને ભઠ્ઠીમાં જેમ કોલસા હોમાય તેમ હિન્દુઓને બાળી મુકાયા હતા તે પાછળનો ક્રોધ એ એક પ્રબળ પરિબળ હતું. ગોધરાકાંડનો જવાબ આપવા હિન્દુઓનું લોહી ઊકળી રહ્યું હતું પછી બન્યો નરોડા પાટિયાકાંડ.

આ બધી નીચ હેવાનિયતની હવામાં જેમની બુદ્ધિ કુમાર્ગે નહોતી વળી એવા કેટલાય મુસ્લિમભાઈઓ અને હિન્દુભાઈઓ તે સમયે પણ હતા. '૨૦૦૨માં નરોડા પાટિયાકાંડ થયો પછી હું રીલિફ રોડ પાસે આવેલી આરબગલીમાં ચાલતી દુકાનમાં ગયો હતો.' ભટ્ટ કહેતા જતા હતા. 'આ ગલી પાસે જુમસન ચેમ્બર્સ આવેલી છે ત્યાં હિન્દુઓ અને મુસલમાનભાઈઓની દુકાનો છે. આ દુકાનમાં થોડા હિન્દુભાઈઓ બેઠા હતા. કામકાજમાં વ્યસ્ત હું પણ વાતચીત ને ખરીદીમાં લાગેલો. ત્યાં તો ઝનૂને ચડેલા મુસલમાનોનું ટોળું આવ્યું. ખુલ્લા હથિયાર, વિકૃત હાવભાવ, બસ એક બદલો લેવાનું ભૂત સવાર હતું ટોળાના એક એક સદસ્યના માથા પર. હાજર રહેલા સૌ હિન્દુઓ નાસભાગ કરવા લાગ્યા. અમે બધા જોતજોતામાં ભેગા થઈને એક હિન્દુની દુકાનમાં ભરાઈ ગયા. આજુબાજુથી મુસલમાનભાઈઓ જે સૌ વેપારધંધો છોડીને ભાગ્યા હતા તે

આ બધી
નીચ હેવાનિયતની
હવામાં કુમાર્ગે
જેમની બુદ્ધિ
નહોતી વળી
એવા કેટલાય
મુસ્લિમભાઈઓ
અને હિન્દુભાઈઓ
તે સમયે
પણ હતા.

અમે સૌ ફડફડતે ચિત્તે કેદ બકરાઓને કસાઈખાને લઈ જતાં હોય તેમ અડોઅડ શાંત બેસી રહ્યા હતા. બહારથી ઘોંઘાટ, હોકારા ને ઘાંટાના સ્પષ્ટ ને અસ્પષ્ટ અવાજો આવી રહ્યા હતા.

ટોળાને રોકવા દોડ્યા. એક બુર્ઝુગ અમારી પાસે આવ્યા ને અમે કાંઈ કહીએ તે પહેલાં બહારથી દુકાને તાળું મારીને ચાલ્યા ગયા. અમે સૌ ફડફડતે ચિત્તે કસાઈખાને લઈ જવાતાં બકરાંઓની જેમ અડોઅડ ખિન્ન અને સ્તબ્ધ બેસી રહ્યા હતા. બહારથી ઘોંઘાટ, હોકારા ને ઘાંટાના સ્પષ્ટ ને અસ્પષ્ટ અવાજો આવી રહ્યા હતા. બસ મોટા ને મોટા થઈ રહ્યા હતા. કેટલાક તો અંદર દુકાનમાં રડવા લાગ્યા તો વળી એકાદ-બે બેહોશ થઈ ગયા.

'ક્યાં છે? મારો, બાળી મૂકો, મારો'ના નારા મોટામસ થઈ ગયા હતા. એક પડકાર સંભળાયો. 'કૌન ચાહિએ?' એક પડકાર સંભળાયો નીડર, અડીખમ અવાજ. 'હિન્દુ બકરે' વળતી ત્રાડ સંભળાઈ.

'યહાં કોઈ નહીં હૈ, સિર્ફ મુસલમાન હી તો હૈ, હમકો હી માર ડાલોગે ક્યા?' - અવાજ વધુ ઘેરાયો.

'યહીં કહીં હોંગે, ઢૂંઢો હમને દેખે થે.' પ્રત્યુત્તર સંભળાયો.

'મૈં ને કહા કિ યહાં આજ કોઈ હિન્દુ નહીં આયા.' અવાજ અડીખમ રહ્યો. 'સબ જાઓ.' અવાજ બુલંદ બન્યો. બીજા અવાજ જોડાયા. તોફાનીઓના ટોળા માટે મુસલમાન દુકાનદારભાઈઓ એક થયાં. 'જાઓ, વાપીસ જાઓ.'

ટોળાના દોડવાના અવાજ, ઘોંઘાટ, ચિચિયારી, બૂટના થડ... ધડ... થડ... ધડ. ધીમે-ધીમે કોલાહલ બંધ થતો લાગ્યો. લગભગ દસેક મિનિટ પસાર થઈ ગઈ. એક-એક ક્ષણ ભારેખમ હતી. થોડીવારે કારંજ પોલિસ સ્ટેશનેથી પોલિસવાન આવી. પોલિસના રક્ષણ હેઠળ મુસલમાનભાઈઓએ ધીમે રહીને દુકાન ખોલી. લગભગ ૫૦ જેટલાં હિન્દુ દુકાનદાર અને ખરીદદારો આ દુકાનમાં ફસાયેલા હતા. થોડા થોડા પોલિસવાનમાં ગોઠવાયા ને રક્ષણ

હેઠળ બધાયને પોલિસે સલામત ઠેકાણે પહોંચાડ્યા.

'એક ગોધરાકાંડ અને બીજા નરોડા પાટિયા કાંડ જેવો થરથરાવી મૂકે એવી હેવાનિયત છતી કરે એવો કાંડ થતો અટકી ગયો. મુસલમાનભાઈઓએ કળ, સમયસૂચકતા અને એક સ્થિર સમજણનાં આધારે હિન્દુઓનું રક્ષણ કર્યું. અસત્યની ઓથે એમણે જીવન બચાવ્યા. જાણે વેર-ઝેર અને બદલો વાળવાની એક ઝેરી વૃત્તિને તેમણે મારી નાખી અને અમર મિત્રતા સ્થાપી. આવા મુસલમાનભાઈઓનું હૃદયથી અભિવાદન. આવા સમયે એમણે યાદ રાખ્યું ને સાબિત કરી બતાવ્યું કે આપણે સૌ ભાઈ-ભાઈ છીએ. કોઈ હિન્દુ નથી કે કોઈ મુસલમાન નથી. આપણે સૌ સ્વજન છીએ. ગુજરાતી છીએ. અમદાવાદી છીએ અને સૌ એક છીએ. આ પ્રસંગને કેટલાય હિન્દુ-મુસલમાનભાઈઓ વાગોળે છે. યાદ કરે છે ને કહે છે વેર ન શમે વેરથી, વેર તો શમે ખાલી પ્રેમથી.' ભટ્ટ ગળગળા થઈ રહ્યા હતા.

બેય લેખિકાઓ દંગ હતી. શુક્લનાં સુપુત્રો અવાક્ થઈ આ ઘટના સાંભળી રહ્યા હતા. 'અરે આવા તો ઘણાય બનાવ છે.' ભટ્ટે આગળ ચલાવ્યું.

'એક બનાવ આપણા ખોખરા-મહેમદાવાદ વિસ્તારમાં બન્યો હતો ચાલો એની વાત કહું. ૧૯૮૫નાં તોફાનો દરમ્યાન થોડી જ વાર પહેલાં એક અઠવાડિયાથી વિસ્તારમાં કર્ફ્યૂ હતો તે છૂટ્યો હતો. ક્યારે તે પાછો લાદવામાં આવશે તેની કાંઈ જાણ નહોતી. ચારેકોર જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની ખરીદી માટે દોડભાગ હતી. બૅન્કોમાં ભીડ, દુકાનોમાં ભીડ. સૌ પોતાનાં કામો પતાવવામાં વ્યસ્ત હતા. એમાં એક મુસલમાન ચાચા ગભરાયેલા, બુમરાણ કરતાં બૅન્કમાં ઘૂસી ગયા ને બૅન્કનો સ્ટાફ કાંઈ સમજે તે

આવા સમયે એમણે યાદ રાખ્યું ને સાબિત કરી બતાવ્યું કે આપણે સૌ ભાઈ-ભાઈ છીએ. કોઈ હિન્દુ નથી કે કોઈ મુસલમાન નથી.

પહેલા તેમણે રોકકળ માંડી.

'મને બચાવો. મને મારી નાખશે.' એમની આંખો ચકળવકળ હતી. ચહેરો ભયગ્રસ્ત. એમને જોઈને મેનેજર એમની કેબિનમાંથી બહાર ધસી આવ્યા. હું ત્યાં બેન્ક આગળ આવેલી એક દૂધની ડેરીમાં વધુ દૂધની થેલીઓ મળી જાય તેની તપાસે આવ્યો હતો. હું પણ કાગારોળ સાંભળીને બેન્કમાં ઘૂસ્યો.

હું ત્યાં
બેન્ક આગળ આવેલી
એક દૂધની ડેરીમાં
વધુ દૂધની થેલીઓ
મળી જાય તેની
તપાસે આવ્યો હતો.
હું પણ કાગારોળ
સાંભળીને
બેન્કમાં ઘૂસ્યો.

'એને લોકરમાં લઈ જા અને લોકરનું શટર તરત વાસી દે.' બેન્કમાં મેનેજર પટાવાળાને કહેતા મેં સાંભળ્યા. મેનેજરનો ઈશારો ચાચા સામે હતો. પટાવાળાએ સિફતથી કામ પતાવ્યું.

થોડીવારમાં હિન્દુઓનું શસ્ત્ર ટોળું બેન્કમાં ધાડ પાડતું હોય એમ ધસી આવ્યુ. 'ક્યાં છે પેલો મુસલટો ડોસો?' ત્રાડ સંભળાઈ. બધા સ્થિર થઈ ગયા. ગભરાટ ફેલાઈ ગયો.

મેનેજરની મુદ્રા સ્થિર હતી.

'અહિંયા કોઈ નથી.' તે બોલ્યા. 'જોઈ લો બધે.'

...ત્રણેક મિનિટ માંડ થઈ હશે ને પોલિસની ગાડીની સાઈરન સંભળાઈ. માનવતાવાદી ચતુર મેનેજર રજનીકાન્ત મહેતાની બુધ્ધિ પર મને માન થઈ ગયુ. ટોળું સાઇરનનો અવાજ સાંભળતા જ નાસભાગ કરતું ચાલ્યું ગયું. હું તરત જ મેનેજર તરફ ગયો ને વાત માંડી.

'ભાઈ! આ તમે ખૂબ સારું કર્યું.' મેં કહ્યું.

મેનેજરે કહ્યું, 'ભાઈ આ તો એક ફરજ છે.' તેમણે પોલિસને વાતની જાણ ત્યારે જ કરી દીધી હતી. જ્યારે તેમણે ચાચાને લોકરમાં લઈ જવાનો આદેશ કર્યો. પોલિસની ગાડી બેન્કની આગળ આવી પહોંચી.

મેનેજરે બહાર આવીને પોલિસના વડાને વાત કરી. પટાવાળાને સૂચન કરીને ચાચાને લોકરમાંથી બહાર કઢાવ્યા ને પોલિસની ગાડીમાં હેમખેમ રવાના કરી દીધા.

હું વળી પાછો ગયો મેનેજર પાસે. 'ભાઈ તમે ખૂબ જ સારું કર્યું.' મેં ફરી કહ્યું.

'અરે શું સારું! આવું તો વળી કરે જ છૂટકો. આમ આપણે જ આપણા વડીલોને અને ભાઈઓને નહીં બચાવીએ તો આ વેરની વણઝાર આપણને ક્યાં લઈ જશે?' તેમણે કકળતે જીવે કહ્યું. એમની નાનકડી પુત્રી એમના ઑફીસનાં ટેબલ પર બેઠી હતી. તેની તરફ જોતા મેં કહ્યું 'શું નામ છે બેબી?'

તેણીએ તીરછી નજર કરી ને નાનકડું હસતાં-હસતાં બોલી 'દક્ષા'. મેં મેનેજરને પૂછ્યું, 'તમારા જેવી જ છે આ તમારી બેબલી.'

'હા ને આજે આ પ્રસંગ જોઈનેય કાંઈક તો શીખી હશે. કદાચ કોઈનો જીવ બચાવવા એ ય જુઠ્ઠું બોલશે. શીખશે માનવતાનાં પાઠ. બસ આવતીકાલ આ પેઢી જ બદલશે આપણા શહેરની.' મેનેજર બોલ્યા.

'હા ને આજે આ
પ્રસંગ જોઈને ય
કાંઈક તો
શીખી હશે.
કદાચ કોઈનો
જીવ બચાવવા
એ ય જુઠ્ઠુ બોલશે.
શીખશે
માનવતાનાં પાઠ.
બસ આવતીકાલ
આ પેઢી જ બદલશે
આપણા શહેરની.'

મારી આંખમાં એક શહેરનું સૌમ્ય, વિકસિત, શાંત ચિત્ર બનવા માંડ્યુ. હું દક્ષાની આંખોને જોઈ જ રહ્યો. નાની-નાની આંખો, મોટા મોટા હાવભાવ, ઝીણાં-ઝીણાં સપનાં, અંદર સળવળતી જીવન જીવવાની રીતો. એ કાંઈક શીખતી હતી ચોક્કસ. એ કદાચ અમદાવાદને બદલવાનું શીખતી હતી. બસ ભટ્ટ અટક્યા.

થોડીવાર ચુપકીદી રહી. પોળની ખડકીએ મળેલી આ સભામાં. બે ત્રીસી વટાવી ચૂકેલા સેકન્ડ જનરેશન ઇન્ડિયન અમેરિકન

ગુજરાતી યુવકો સત્ય અને પરમ, પત્રકાર બહેનો પ્રિયા અને પાર્થિવી તથા ખાડિયાવાસી ગુજરાતી આશુતોષભાઈ અને તેમના જૂના પોળવાસી મિત્ર રમેશભાઈ શુક્લ. ડાયરો જામતો જતો હતો.

'અરે મારા મિત્ર રમણલાલનો અનુભવ કહું.' ભટ્ટ થોડીવારે બોલ્યા. રમણલાલ રાઠોડ - ખાડિયા વોર્ડમાં મ્યુનિસિપલ શાળા નં-૩૦, રાયપુર. રાયપુર હનુમાનના ખાંચામાં આવેલી મ્યુનિસિપલ શાળામાં એક આસિસ્ટન્ટ શિક્ષક. એ સમયે ખાડિયા વોર્ડમાં ૧ થી ૩૨ નંબર સુધીની શાળાઓ હતી, ને દરેક શાળામાં ૪૦૦ ઉપર બાળકો હતાં. ખાડિયા, રાયપુર, ભવાનપુરાની પીઠ, દોલતખાના, ખસીપુરા સૌ વિસ્તારનાં બાળકો ખાડિયાની શાળામાં ભણવા આવતાં. ૧થી ૭ ધોરણ સુધી મફત શિક્ષણની વ્યવસ્થા મ્યુનિસિપલ સ્કૂલ બૉર્ડ દ્વારા કરવામાં આવતી. વ્યાયામ હરીફાઈ, વિજ્ઞાન મેળાઓ, નેતાઓની જન્મજયંતિ, રાષ્ટ્રીય તહેવારો, વાર્ષિક ઉત્સવો, પ્રવૃત્તિઓથી અને ભણતરના કારભારથી શાળાઓ ધમધમતી રહેતી. એ સમયના ખાડિયાના મુખ્ય નેતા અશોકભાઈ ભટ્ટના સક્રિય રસ અને જાગૃતિ ભરી પ્રવૃત્તિઓને કારણે ખાડિયાની શાળાઓ પણ ગુજરાત રાજ્યની પ્રથમ હરોળની શાળાઓમાં ગણાતી. આવી પ્રથમ હરોળની શાળામાં રમણલાલ ભણાવતા. એ શાળામાં બાર શિક્ષક હતા ને એમાંના રમણલાલ એક. સમગ્ર શાળાનાં સંચાલકો, શિષ્યો અને સહકાર્યકરો તેમની સાથે સન્માન અને આદરથી વર્તણૂક કરતા.

શાળામાં ૪૦૦ ઉપર બાળકો હતા. ખાડિયા, રાયપુર, ભવાનપુરાની પીઠ, દોલતખાના, ખસીપુરા સૌ વિસ્તારનાં બાળકો ખાડિયાની શાળામાં ભણવા આવતા.

શાળાની મુખ્ય કચેરી મ્યુનિસિપલ કોઠામાં ગોળલીમડામાં હતી અને શાળાનાં વહીવટી કામે રમણલાલને અવાર નવાર ત્યાં જવું પડતું. ૧૫ માર્ચ ૧૯૮૫, એ દિવસે શહેરનું વાતાવરણ સવારથી જ તંગ હતું. બપોર પછી ઘેરી તંગદિલી છવાઈ. શાળાના શિક્ષકોનું

પગાર બિલ ૧૫ તારીખ પહેલા મુખ્ય કચેરીએ પહોંચતું કરવું પડતું. એ છેલ્લો દિવસ હતો. ખાડિયાથી ગોળલીમડા તરફ રમણલાલ બપોરે ત્રણેક વાગ્યાનાં સુમારે સ્કુટર પર નીકળ્યા. આસ્ટોડિયા સુધી પહોંચ્યા તો તેમને કંઈક વિચિત્ર જણાયું. સન્નાટો, કોઈ અવરજવર નહિ. તે આગળ વધ્યા. ગોળલીમડા પહોંચ્યા ને ત્યાંથી બંસીલાલ પેંડાવાળાની દુકાન સામેના મ્યુનિસિપલ ઑફિસનાં દરવાજા બાજુ વળાંક લેતા હતા.

વળાંક પર તેમને પંદરેક માણસોના ટોળાએ રોકી પાડ્યા. એકે પૂછ્યું 'તું કોણ છે?' - તે જવાબ આપે તે પહેલા બીજો બોલ્યો 'સાલો! વચેટ લાગે છે.' ભયંકર હાસ્ય. રમણલાલ ગભરાઈ ગયા, રડમસ થયા. કાંઈ બોલે તે પહેલા ધોલધપાટ ચાલુ થઈ ગઈ ને પછી શસ્ત્રના પ્રહાર.

રમણલાલના માથામાં કોઈએ લોખંડની પાઇપ ફટકારી. માથું ફાટી ગયું. લોહી વહેવા લાગ્યું. ટોળું તેમના સ્કુટરનું પેટ્રોલ કાઢીને તેમને સળગાવી મૂકવાની પેરવીમાં હતું. ત્યાં તો પોલિસની ગાડી નીકળી. સાઇરન સાંભળીને ટોળું નાસભાગ કરતું પલાયન થઈ ગયું. રમણલાલ પોલિસની ગાડી તરફ લથડિયાં ખાતા દોડ્યા પણ ગાડી પુરપાટ પસાર થઈ ગઈ. કોઠાનો દરવાજો બંધ હતો. રમણલાલ લોહીલુહાણ હાલતમાં સુરતી ખમણ હાઉસનાં ખાંચામાં વળી ગયા ને બેભાન થઈને પડ્યા.

કોઠાનો દરવાજો બંધ હતો. રમણલાલ લોહીલુહાણ હાલતમાં સુરતી ખમણ હાઉસનાં ખાંચામાં વળી ગયા ને બેભાન થઈને પડ્યા.

ત્યાં આવેલી પોળના રહીશોએ જોયું. બાળકો ભેગાં થઈને એમણે પોળના નાકા સુધી ઢસડી લાવ્યા. વડીલોએ એમને ઉપાડ્યા ને ઘરમાં લઈ ગયા. એક ભાઈએ એમને ઓળખ્યા. 'અરે! આ તો શિક્ષક છે. ભટ્ટના મિત્ર છે ને વળી આપણી પોળોના બાળકોને ભણાવે છે.' તે પોળના રહીશે ઓળખ આપી રમણલાલની.

અજંપો, બીક,
ભય... કર્ફ્યૂ...
સન્નાટો અને
લોહીથી લથબથ
માણસો ને લાશો...
ફાયરબ્રિગેડનો
અવાજ ને
પોલિસની
સાઇરનો...

રમણલાલના આખાયે શરીરે ઘા પડ્યા હતા. લોહી દદડી રહ્યું હતું. માથું ફાટી ગયું હતું. પ્રાથમિક સારવાર પોળના રહીશોએ કરી. મને પણ ફોનથી જાણ કરી. મેં પોલિસ અને ફાયરબ્રિગેડને જાણ કરીને એમને વાડીલાલ મોકલવાની વ્યવસ્થા ગોઠવી.

રમણલાલને વાડીલાલમાં દાખલ કરવામાં આવ્યા. એ દિવસનો એમનો ૭૩મો કેસ હતો. એમની પહેલા ૭૨ ઘાયલના ઇમરજન્સી કેસ આવ્યા હતા. સમગ્ર શહેરમાં કર્ફ્યૂ હતો, જપ્તો હતો, છતાંય છમકલાં ને સ્ટેબિંગનો સીલસીલો ચાલુ રહ્યાના સમાચાર હતા. વાડીલાલના વોર્ડમાં કલ્પાંત, ડુસકા, ગમગીની, ઊંહકારા ને વેદનાથી કણસતા ચહેરાની હારમાળા હતી. કેટલાક પર ત્યાં સફેદ ચાદર માથા સુધી ઓઢાડેલી હતી ને આજુબાજુ કકળાટ ને ઉકળાટ હતો. શહેરનો એક પણ માણસ સલામત નહોતો. અજંપો, બીક, ભય... કર્ફ્યૂ... સન્નાટો અને લોહીથી લથબથ માણસો ને લાશો... ફાયરબ્રિગેડનો અવાજ ને પોલિસની સાઇરનો...

રમણલાલ આખી રાત વાડીલાલમાં રહ્યા...

...સાત દિવસ સુધી શહેરમાં કર્ફ્યૂગ્રસ્ત વાતાવરણ રહ્યું. વાડીલાલમાં દાખલ થયેલા દર્દીઓનાં સગાં કે મિત્રો કોઈ ખબર પૂછવા પણ પહોંચી શક્યા નહોતા. સમાચારપત્રોમાં નોંધ છપાઈ કે રમણલાલનું અવસાન થયું છે. આ માઠા સમાચારથી ખિન્ન થઈ રમણલાલની બે દીકરી એક ૧૫ વર્ષની ને એક ૧૦ વર્ષની - બંનેએ અન્નજળનો ત્યાગ કર્યો હતો. એમના ઘાયલ પિતા વાડીલાલમાં હતા અને કદાચ હવે એમની હયાતિના વધુ કોઈ જ ખબર પહોંચ્યા નહોતા. રમણલાલ લગભગ ત્રીજા દિવસે ભાનમાં આવ્યા ને તેમને દીકરીઓની ખૂબ ચિંતા લાગી. તે મંજૂરી વગર વાડીલાલમાંથી નીચે ઉતર્યા.

એક રિક્ષાવાળાને એમણે ખૂબ કાકલૂદી કરી. રમણલાલને આખાય શરીરે પાટા ને ચહેરા પર ચિંતા. 'બસ મારી દીકરીઓ પાસે મને લઈ જાવ.' એક જ રટણ. રિક્ષાવાળો માંડ એકનો બે થયો ને રમણલાલને લઈ બહેરામપુરા જવા રાજી થયો.

રમણલાલ જ્યારે ઘરે પહોંચ્યા તો બંને દીકરીઓ મોંફાટ રડી પડી. પાછા બાપુ જોવા મળશે કે નહીં એવી આશંકાથી પીડાતી તે બંને અન્ન ને જળનો એકેય દાણો લીધા વગર ચાર દિવસથી રાહ જોતી હતી.

**પાછા બાપુ જોવા મળશે કે નહીં એવી આશંકાથી પીડાતી તે બંને અન્ન ને જળનો એકેય દાણો લીધા વગર ચાર દિવસથી રાહ જોતી હતી.**

આજે પણ જ્યારે મોર્નિંગ વોક પર રમણલાલ એમની પુત્રીઓ સાથે મળે છે ત્યારે આ પ્રસંગ અચૂક યાદ આવી જાય છે. કાંકરિયા તળાવ પર અમે મિત્રો મળીએ ને કોઈકવાર અમદાવાદની યાદો અને વીતેલી ગઈ કાલની વાતોએ ચડી જઈએ, ત્યારે અનેરા આનંદ સાથે આવા કેટલાય યાદગાર પ્રસંગોના દૃશ્યો ખડા થઈ જાય છે. અમારા મન બસ મળી જાય છે. યાદ આવી જાય છે કપરી ક્ષણો અને એમાં એકબીજાની પડખે રહીને સહન કરેલો સમય. ભટ્ટ નવી પેઢીને જૂના સંબંધો અને વીતેલી ગઈ કાલમાં ખેંચી ગયા



# ૬૯ : પોળવાસીઓનો પ્રેમ

પોળની
ખડકીએથી...
સન્નાટો

...વીતેલી ગઈ કાલમાં ક્યાંક સંબંધોની મધુરતા હતી જે મંદ મંદ હાસ્ય જગાડતી, તો ક્યાંક હતો આક્રોશ. તો ક્યાંક હતું પારાવાર દુ:ખ. પોળની ખડકીએ જામેલા નાનકડા દરબારની મજામાં એક અજબ સંવાદ હતો, ભારેખમ ભાવનાઓનું અનોખું મિશ્રણ હતું અને નવી-જૂની પેઢીને અમદાવાદની ગઈ કાલમાં લય કરી દે એવો જાદુઈ રસ હતો.

ક્યાંક માનવ કટુતાની બર્બરતા, ઝનૂન હતાં, ક્યાંક જુવાળ ને ક્રાન્તિની સચોટ ભાવના તો ક્યાંક જીવનને ઉજાળી જાય તેવો મીઠો પ્રેમ હતો. જાણે એક પેઢી બીજી પેઢીને તેના શહેર સાથેના સંબંધની ધરોહર સોંપી રહી હતી.

'રાત ખૂબ જામી છે.' શુકલ બોલ્યા. 'છોકરાઓને અને આ બહેનોને હવે નીંદર આવતી હશે. આપણી વાતો તો નહિ ખૂટે પણ હવે વિરામ કરીએ. કેમ?'

'ના. કાકા. અમે સહેજે નથી ધરાયા.' પરમ બોલ્યો આશુતોષભાઈને ઉદ્દેશીને, 'પપ્પા, કાકાને કહેવા દો. હજુ કાંઈ સાંભળવું છે.' તેણે શુકલને વિનવણી કરી.

**દીકરા, મારાથી ય યાદ કર્યા વગર નથી રહેવાતું ને આ સ્પર્ધાત્મક જીવનશૈલીમાં આજે ક્યાં કોઇને સંભારણા વાગોળવાનો ય સમય મળે છે?**

'દીકરા, મારાથી ય યાદ કર્યા વગર નથી રહેવાતું ને આ સ્પર્ધાત્મક જીવનશૈલીમાં આજે ક્યાં કોઈને સંભારણાં વાગોળવાનો

ય સમય મળે છે? આજે એવી ઘડીઓ મળી છે તો શા માટે ચૂપ 'દીકરા, મારાથી ય યાદ કર્યા વગર નથી રહેવાતું ને આ સ્પર્ધાત્મક જીવનશૈલીમાં આજે ક્યાં કોઈને સંભારણાં વાગોળવાનો ય સમય મળે છે? આજે એવી ઘડીઓ મળી છે તો શા માટે ચૂપ રહેવું?' ભટ્ટે પ્રશ્ન મૂક્યો.

'ચાલ તને પશાકાકાના મોહનની વાત કહું. થોડે દૂર પખાલીની પોળમાં એમનું મકાન. તોફાન દરમિયાન જ્યારે ટીયરગેસ છોડવામાં આવે ત્યારે સૌથી વધુ ગેસના ગોટા એમના મકાન પર આવે. પોળમાં નાકે જ સામે એમનું મકાન. ૧૯૮૫ દરમિયાન ખૂબ જ તોફાનો થયા હતા ને ટીયરગેસનો મારો તો બેફામ રહ્યો હતો. આ જ સમયે મોહનને ન્યૂમોનિયા થયો હતો. પશાકાકા ને કાકી ખૂબ ચિંતામાં રહેતા. ગેસના ધુમાડા વધતા જાય ને મોહનની બિમારી વધે. મોહન ઉધરસે ચડી જાય. શ્વાસ ધીમા થઈ જાય. મા-બાપના જીવ જાણે તાળવે ચોંટી જાય. કાકી રડતા જાય ને છોકરાની સેવા કરતા જાય. એવામાં બાજુવાળા બહેનની નજર ગઈ.

ગેસના ધુમાડા વધતા જાય ને મોહનની બિમારી વધે. મોહન ઉધરસે ચડી જાય. શ્વાસ ધીમા થઈ જાય. બંને મા-બાપના જીવ જાણે તાળવે ચોંટી જાય.

'મોહનિયાને કેમ છે?' બહેન બોલ્યા. કાકી તો છૂટે મોંએ રડી પડ્યાં. 'બહેન, નથી સહન થતું. ટીયરગેસના ગોટેગોટા ઘરમાં ઘૂસી જાય છે ને છોકરાની બીમારી વધતી જાય છે.' બાજુવાળા બહેનને જાણે ફાળ પડી.

બહેન પાછળના દરવાજે છૂપી ગલીમાં થઈને બીજી પોળમાં નીકળ્યા. અંદર-અંદરના રસ્તે થઈને બીજા પડોશી પાસે દેસાઈની પોળ સુધી આવી ગયા. એમના મિત્ર મગનભાઈના ઘરે અંદર આવીને તેમણે વાત માંડી.

'અલ્યા ભાઈ! તમારું ઘર પોળમાં ઘણે ખરું અંદર ખરું કેમ?

આપણે પોળના નાકે ટીયરગેસનો શેલ પડે તો તમારે કેટલો ધુમાડો આવે?'

મગનકાકા વળી ઠંડે કલેજે જવાબ આપે, 'અમારે કાંઈ બહુ ના આવે. હા, થોડી વાસ આવે પણ બારી બંધ કરો તે પછીં કાંઈ બહુ અસર નહીં. કેમ બહેન તમરો શું કામ પડ્યું. કાંઈ માંડીને તો વાત કરો.'

'ભાઈ, પશાકાકાના મોહનિયાને ન્યૂમોનિયાની બીમારી થઈ છે. વળી, એમનું ઘર એવી રીતે પવનની દિશામાં છે કે સૌથી વધુ ટીયરગેસનો ધુમાડો એમના ઘરની આજુબાજુ વળી જાય છે. દીકરાની બીમારી વધતી જાય છે ને મા-બાપ ખૂબ જ ચિંતા કરે છે. તે આપણે મોહનને તમારે ત્યાં લઈ આવવો છે. થોડા સમય માટે હવાફેર થશે તો વળી કદાચ સારું થશે. મને આવો વિચાર થાય છે.' બહેને ખુલાસો કર્યો.

મગનકાકા તૈયાર. 'હા, કેમ નહીં? વળી આ તો ફરજ. અલ્યા મનુની મા આમ આવજે.' મનુની મા હાજર. ત્રણેય જણા વાત કરીને બીજા બે પડોશીને ભેગા કરે. પંચ પાછલા રસ્તે ગયું પશાકાકાને ત્યાં.

'કાકા, તમારા મોહનિયાને અમારે ઘેર થોડાક દિ લઈ જઈએ.' મગનકાકા બોલ્યા. 'અમારે ઘેર ટીયરગેસના ગોટા નથી બાઝતા. હવાફેર થશે ને એને સારું થઈ જશે.'

પશાકાકાને ડુમો ભરાય છે. ગળગળા થઈ જાય છે. કાકી આભારવશ થઈને બાજુવાળા બહેન તરફ જુએ છે. 'તમે તો ખરેખર... બહેન...' કાકી હાથ જોડી દે છે. બાજુવાળા બહેનના મુખ પર લાલાશ ફરી વળે છે. સંકોચ અનુભવતા તે કહે, 'ના બહેન. તમારો દીકરો તે પોળનો દીકરો ને આપણે પોળવાસી



તે આપણે
મોહનને તમારે ત્યાં
લઈ આવવો છે.
થોડા સમય માટે
હવાફેર થશે તો
વળી કદાચ સારું
થશે. મને આવો
વિચાર થાય છે,'
બહેને
ખુલાસો કર્યો.

'પોળના મકાન
જેમ અડોઅડ
હોય છે તેમ
પોળવાસીઓના
હૃદય પણ
લગભગ
લગોલગ જ
હોય છે.'
ભટ્ટ મોહનિયાની
વાત પૂરી
કરતા બોલ્યા.

એકબીજાને પડખે નહીં ઊભા રહીએ તો વળી બીજા કોઈ આવશે? હાથ ના જોડશો. આ તો આપણા સંબંધ અને આ પડોશીપણાને ના લજવશો.'

મીઠાં મનામણાં ને અંતે મોહનને પાછળના રસ્તે લઈને પંચ મગનકાકાને ત્યાં પહોંચે છે ને તોફાનોના અંત સુધી મગનકાકાને ત્યાં જ મોહન રહે છે. આજેય આ બધાય પરિવારો વચ્ચે ઘનિષ્ઠતા છે. ભલે ને પોળ છોડીને પશાકાકાનું પરિવાર કોટ વિસ્તારની બહારના અમદાવાદના પશ્ચિમ વિસ્તાર તરફ ચાલ્યું ગયું ને મગનકાકાનું કુટુંબ પરદેશ સ્થળાંતર કરી ગયું. પણ, ઘનિષ્ઠતા સચવાઈ ગઈ. તોફાનોએ એમને એક અનોખી તક આપી અને તે હતી પોતાની અંદર રહેલા મનુષ્યત્વને ખીલવવાની. તે બંને પરિવારે તે તકને ઓળખી, ઝડપી પણ લીધી અને સુંદર સંબંધો વિકસ્યા.

'પોળના મકાન જેમ અડોઅડ હોય છે તેમ પોળવાસીઓનાં હૃદય પર લગભગ લગોલગ જ હોય છે.' ભટ્ટ મોહનિયાની વાત પૂરી કરતા બોલ્યા.

મોહનની વાત પૂરી થઈ ન થઈ, ત્યાં તો વળી મરિયમની વાત યાદ આવી ગઈ ભટ્ટને!

કપરા સંજોગોમાં ક્યારેક કોઈ બે હૃદય વચ્ચેની આછી પાતળી મૈત્રી વધુ ગાઢ બની જતી. ભટ્ટના એક મિત્ર ભરતભાઈ. એ મણીનગરના રહેવાસી. એમનું ઘર બરોબર મણીનગર અને શાહઆલમની સરહદ પર - જાણે હિન્દુસ્તાન અને પાકિસ્તાનની સરહદ હોય એવી તંગદિલી રહેતી. આ વિસ્તારમાં કોમી રમખાણોનાં સમયે ભટ્ટને ભરતભાઈના મુસ્લિમ મિત્રની દીકરી મરિયમની વાત યાદ આવી ગઈ.

પોળની
ખડકીએથી...
સન્નાટો

'સાંભળો, મારા મિત્ર ભરતભાઈએ કેવું સાહસ કર્યું હતું તે કહું.' ભટ્ટ બોલ્યા. 'ફેબ્રુઆરી, ૨૮, ૨૦૦૨ પછીનાં કોમી હુલ્લડો દરમ્યાનની આ વાત છે. ભરતભાઈના મુસ્લિમ મિત્રનાં ઘરે પરગામે પરણાવેલ દીકરી મરિયમ એનાં નાનાં ભૂલકાંઓને લઈને રહેવા આવી હતી. આ મિત્રનું ઘર કાગડાપીઠ વિસ્તારમાં આવતું હોવાથી ત્યાં સજ્જડ કરફ્યૂ લાગી ગયો હતો. ૪ થી ૫ દિવસનાં કર્ફ્યુ દરમ્યાન ઘરની દૂધ, અનાજ, શાક જેવી જીવનજરૂરી વસ્તુઓ ખૂટી પડી. દીકરીનાં ચાર સંતાન દૂધ વગર રડવાં લાગ્યાં હતાં. મિત્રએ પરેશાન થઈ ભરતભાઈનો સંપર્ક સાધ્યો. વળી ભરતભાઈએ હિંમત કરી. એમનું ઘર કરફ્યૂગ્રસ્ત ક્ષેત્રની બહાર હતું. તે દૂર બજારે જઈ શાક, દૂધ, ફળો, અનાજ વગેરે લઈ આવ્યા. વળતો મિત્રને ફોન કર્યો કે સરહદે આવી જાવ. થેલીઓ લઈને તે ઉપડ્યા ને બરોબર કરફ્યૂગ્રસ્ત વિસ્તારની હદે આવેલા રોડ ડિવાઇડર પર સામગ્રી મૂકી દીધી. થોડીવારે લપાતા છુપાતા તેમના મુસલમાન મિત્ર આવી ચડ્યા અને બધોય સામાન ઘરભેગો કરી ગયા.

દીકરીનાં નાનાં નાનાં ભૂલકાંઓનું કલ્પાંત બંધ થયું. મુસ્લિમ મિત્ર ખૂબ ગળગળા થયા. હજી આજેય ભરતભાઈ અને એમના કાગડાપીઠવાસી મિત્ર એ કપરાં સમય અને સાહસને યાદ કરે છે. આમ કેટકેટલાય સંબંધો કરફ્યૂની આડમાં પાકા થયા છે, ઊભા થયા છે. કપરા કાળમાં અડોઅડ ઊભા રહીને મિત્રતાઓ એવી વિકસી છે આપણા અમદાવાદમાં. આ સંભારણાં જીવનને ઉષ્મા અને આંખોને ઉમળકાને ઝળઝળિયાંથી અલંકૃત કરી જાય છે.' ભટ્ટે મરિયમની વાત પૂરી કરી.

કેટકેટલાય
સંબંધો કરફ્યૂની
આડમાં પાકા
થયા છે,
ઊભા થયા છે.
કપરા કાળમાં
અડોઅડ ઊભા
રહીને મિત્રતાઓ
એવી વિકસી છે
આપણા
અમદાવાદમાં.



# અગિયાર : ભાઈચારો

બીજી આવી યાસ્મીનની વાત તમને કરું. ભટ્ટે આગળ ચલાવ્યું. ૨૮ ફેબ્રુઆરી, ગોધરાકાંડ બાદ થયેલાં કોમી રમખાણોનાં કારણે અમદાવાદના મોટા ભાગના વિસ્તારમાં કર્ફ્યૂનો અમલ કરાયો. લોકોને અવરજવર તથા જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ લેવાનો પણ સમય નહોતો મળ્યો. શાહઆલમ ટોલનાકા આગળ મેઇન રોડ - રોડની એક બાજુ હિન્દુઓની વસાહતો ને બીજી તરફ મુસ્લિમ સમુદાયનાં રહેઠાણ. અહીંયા કર્ફ્યૂનો ખૂબ જ જાપ્તો. હિન્દુ વસાહતોમાં રહેતા અમારા એક મિત્રને સામે રહેતાં મુસ્લિમ પડોશીઓ સાથે ઘણા સારા સંબંધ.

ભટ્ટના મિત્ર શંકરલાલનું ઘર મણિનગર પોલિસ સ્ટેશનની હદમાં પડે, ત્યાં કર્ફ્યૂ ન લાગે ને સામે આવેલાં બધાં જ મકાન પર કર્ફ્યૂનો અમલ થઈ જાય. મુસ્લિમ વસાહતમાં રહેતી યાસ્મીનનાં રઝીબ સાથે નવાં લગ્ન થયેલાં ને તે ભારે પેટ હતી. રઝીબ કાંઈક કામે ગોધરા ગયો હતો. તે અમદાવાદ આવવા માટે સ્ટેશન પર જ હતો જ્યારે આ કમનસીબ ઘટના બની. ઘણા નિર્દોષ મુસલમાન ભાઈઓ સાથે તે પણ પોલિસની ઝપટમાં આવી ગયો ને તેને જેલભેગો કરવામાં આવ્યો. યાસ્મીન એકલી, ગર્ભવતી. એને ખૂબ જ બીક લાગતી હતી. યાસ્મીનનાં મા-બાપ સૌ ઘણે દૂર શહેરના બીજા વિસ્તારમાં પાલડી-જુહાપુરા બાજુ રહેતા હતા ને રઝીબના

તે અમદાવાદ આવવા માટે સ્ટેશન પર જ હતો જ્યારે આ કમનસીબ ઘટના બની. ઘણા નિર્દોષ મુસલમાન ભાઈઓ સાથે તે પણ પોલિસની ઝપટમાં આવી ગયો ને તેને જેલભેગો કરવામાં આવ્યો.

મા-બાપ ગોધરા. યાસ્મીને ખૂબ હિંમત રાખીને બે-ત્રણ દિવસ ભટ્ટના મિત્ર શંકરલાલનું ઘર મણિનગર પોલિસ સ્ટેશનની હદમાં પડે, ત્યાં કરફ્યૂ ન લાગે ને સામે આવેલાં બધાં જ મકાન પર કરફ્યૂનો અમલ થઈ જાય. મુસ્લિમ વસાહતમાં રહેતી યાસ્મીનનાં રઝીબ સાથે નવાં લગ્ન થયેલાં ને તે ભારે પેટ હતી. રઝીબ કાંઈક કામે ગોધરા ગયો હતો. તે અમદાવાદ આવવા માટે સ્ટેશન પર જ હતો જ્યારે આ કમનસીબ ઘટના બની. ઘણા નિર્દોષ મુસલમાન ભાઈઓ સાથે તે પણ પોલિસની ઝપટમાં આવી ગયો ને તેને જેલભેગો કરવામાં આવ્યો. યાસ્મીન એકલી, ગર્ભવતી. એને ખૂબ જ બીક લાગતી હતી. યાસ્મીનનાં મા-બાપ સૌ ઘણે દૂર શહેરના બીજા વિસ્તારમાં પાલડી-જુહાપુરા બાજુ રહેતા હતા ને રઝીબના મા-બાપ ગોધરા. યાસ્મીને ખૂબ હિંમત રાખીને બે-ત્રણ દિવસ કરફ્યૂ દરમિયાન ઘરમાં રઝીબની વાટ જોઈ. પછી તો ચિંતા વધતી ગઈ. એક દિવસ તેને લઈને શંકરલાલના મુસ્લિમ મિત્રો શંકરલાલના ઘરે આવ્યા.

'આપ ઉસકો થોડે દિન પનાહ દે દો. આપકે ઘરસે અપને મા-બાપ કે પાસ ચલી જાયેગી, ક્યોં બચ્ચી?' રૂસ્તમભાઈએ યાસ્મીન તરફ જોતા કહ્યું,

'કાકા, યે હમારી લડકી જૈસી હૈ. પેટ મેં બચ્ચા હૈ ઔર આદમી કા કોઈ પતા નહીં અબ તક. અકેલી ડર કે મારે...' રૂસ્તમભાઈ આગળ ન બોલી શક્યા. 'આપ ઉસકો થોડે દિન પનાહ દે દો. આપકે ઘરસે અપને મા-બાપ કે પાસ ચલી જાયેગી, ક્યોં બચ્ચી?' રૂસ્તમભાઈએ યાસ્મીન તરફ જોતાં કહ્યું, 'હા, ભઈસાબ.' યાસ્મીન રડતા બોલી. 'આપ કા શુકર કભી નહીં ભૂલુંગી.'

શંકરલાલને પોતાની દીકરી જ દેખાઈ યાસ્મીનમાં. 'ના બેટી, અભી સે યહા આ જાવ. ઇસ ઘર કો અપના હી સમજો. જબ તક ચાહો તબ તક રહના.'

યાસ્મીન શંકરલાલના ઘરે રહી. બાજુના ઘરમાં રહેતી બિરવા

સાથે મૈત્રી જામી. બિરવાનાં પિતા ચંદુલાલની કાપડની દુકાન. તેની માતા નહોતી. બિરવા ભણે, ઘરકામ કરે ને પિતાની સંભાળ રાખે. તેને યાસ્મીન સાથે ખૂબ જ ફાવી ગયું.

એક દિવસ યાસ્મીન અને બિરવા હીંચકે ઘરની પરસાળમાં બેઠા હતા. માર્ચ મહિનાના પંદરેક દિવસ વીતી ગયા હતા. બધુ શાંત પડ્યું જતું હતું.

ત્યાં તો મુસલનભાઈઓ માઠા સમાચાર લાવ્યા. 'રઝીબ કો નહિ છોડેંગે.' એકે કહ્યું. શંકરલાલ સમજ્યા. તેમને પારાવાર ગ્લાનિ થઈ. તે બાજુમાં પડોશી ચંદુલાલને ત્યાં હીંચકા પર ઝૂલતી યાસ્મીનને આ શી રીતે સમજાવવું તે પર વિચાર-વિમર્શ કરી રહ્યા હતા. તેઓ લાકડી ખખડાવતા ચંદુલાલને ત્યાં ઊપડ્યા. બેય બહેનપણીઓની વાતો ચાલતી હતી.

'અભી થોડા માહોલ ઠીક હૈ.' યાસ્મીન બોલી. 'અબ રઝીબ આ જાયેંગે. મેરે તો આઠવા મહિના ચલ રહા હૈ, વો આયે તબ કુછ બાત બને.'

બિરવા છણકી, 'તેરે કો જાને કી બડી જલદી હૈ! યહાં હૈ તો મેરે કો એક સહેલી મિલ ગઈ હૈ... તું જાયેગી તો ફિર વો હી અકેલાપન...'

'અરે! બેટા યહાં આઓ...' શંકરલાલ આવી પહોંચ્યા. તેમની પાછળ પાંચ-છ મુસલમાન ભાઈઓ અને રૂસ્તમભાઈ પણ સાથે હતા. યાસ્મીનનો ચહેરો મલક્યો. તે કદાચ વિચારતી હતી કે તેને લેવા આવ્યા છે.

બંને જણી જોડે શંકરલાલ પાસે ગઈ. શંકરલાલની જીભ ન ઊપડી. તે વળીને રૂસ્તમભાઈ તરફ જોવા લાગ્યા.

પોળની
ખડકીએથી...
સન્નાટો

યાસ્મીનના માથે
આભ તૂટ્યું.
તેને જબરજસ્ત
આંચકો લાગ્યો.
તે નીચે
પડવા લાગી.
તેણે પેટ
પકડી લીધું.
તેને બિરવાએ
પકડી.

રૂસ્તમભાઈ આગળ આવ્યા. યાસ્મીનના ખભે હાથ મૂકીને તે ગંભીર સ્વરે બોલ્યા, 'બેટી, વો લોગ રઝીબ કો નહિ છોડેંગે. વો અભી ભી જેલમેં હૈ.' યાસ્મીનના માથે આભ તૂટ્યું. તેને જબરજસ્ત આંચકો લાગ્યો. તે નીચે પડવા લાગી. તેણે પેટ પકડી લીધું. તેને બિરવાએ પકડી. યાસ્મીનની કારમી ચીસ ચાલુ થઈ ગઈ. તેને ખૂબ જ દુઃખાવો ઉપડ્યો. અસહ્ય વેદના. પારાવાર દુઃખ. તે ફસડાઈ પડી.

તે ભાનમાં આવી ત્યારે તે પ્રસૂતિગૃહમાં હતી. ડૉક્ટર તેને સમજાવી રહ્યા હતા કે તેને તાત્કાલિક ઑપરેશન કરીને બાળકો કાઢી લેવા પડશે. તે કાંઈ સમજે એમ લાગતું નહોતું. રૂસ્તમભાઈ, શંકરલાલ, ચંદુલાલ અને બિરવા બધાય તેની પડખે હતા. તેમણે જરૂરી કાગળિયાં અને ખર્ચાની વ્યવસ્થા કરી. યાસ્મીનને બે જોડિયાં બાળક જન્મ્યાં - પુત્રી અને પુત્ર.

લગભગ ત્રણેક મહિના થઈ ગયા. યાસ્મીન હજુય શંકરલાલના ઘરે જ હતી. બિરવા ત્યાં રોજ આવતી. યાસ્મીનને મદદ કરતી. તેનાં બાળકો અને તેની સંભાળ પણ રાખતી.

એક દિવસ યાસ્મીન ખૂબ જ વિચારમગ્ન બેઠી હતી. બિરવા આવી. યાસ્મીનનો પુત્ર સૂતો હતો ને પુત્રી રડી રહી હતી. 'અરે ઈસકો તો દેખ. કિતના રો રહી હૈ...' બિરવા બોલી.

જોતજોતામાં
પંજાબી ડ્રેસનું
નાનકડું સલૂન કર્યું.
બેય બહેનપણીઓ
સલૂન ચલાવે.
યાસ્મીન સારું
કમાવા લાગી.

'બિરવા, મેરે કો કુછ કામ કરના હૈ.' યાસ્મીન બોલી. 'ઉસકો દૂધ ચાહિયે. મેં દોનો કો નહિ દે પાતી ઔર તુમ સબ મેરે લિયે કિતના ખર્ચ...' યાસ્મીન રડવા લાગી. 'મેરે કો ઈસ હાલ મેં મેરે મા-બાપ કે પાસ નહિ જાના...'

'તું ચિંતા મત કર. મૈં સબ સમજતી હૂં.' બિરવા યાસ્મીનની પીઠ પર હાથ પસવારવા લાગી. બિરવાએ રાત્રે તેના પિતાને વાત

કરી. બીજે દિવસે ચંદુલાલ જાતે યાસ્મીન પાસે આવ્યા. 'બેટી મેરા હાથ બટાયેગી?' એમણે વહાલથી પૂછ્યું.

ચંદુલાલને કાપડની દુકાન. યાસ્મીન સુંદર ભરતકામ જાણે. યાસ્મીન સુંદર ભરતકામ કરીને કાપડ તૈયાર કરવા લાગી. બિરવા નવી-નવી જાતના ડ્રેસ તૈયાર કરાવવા લાગી. જોતજોતામાં પંજાબી ડ્રેસનું નાનકડું સલૂન કર્યું. બેય બહેનપણીઓ સલૂન ચલાવે. યાસ્મીન સારું કમાવા લાગી. શંકરલાલના ઘરે રહેતાં રહેતાં બેય બાળકોનો ઉછેર થવા લાગ્યો.

બિરવા ને ચંદુલાલ મણિનગર છોડીને વસ્ત્રાપુર તરફ સ્થળાંતર કરી ગયા. પણ સંબંધનો શિરસ્તો એ જ રહ્યો. બિરવા વસ્ત્રો મોકલે, યાસ્મીન ભરતકામ કરે. બિરવાએ મોટું સલૂન કર્યું. તે વસ્ત્રો વેચે ને સારું વળતર આપે યાસ્મીનને. યાસ્મીનનાં બાળકો અંગ્રેજી મીડિયમની સારી સ્કૂલમાં ભણે. મોટાં થયાં...

૨૦૧૨નો માર્ચ મહિનો આવ્યો...

બાળકો દસેક વર્ષનાં થઈ ગયાં... ગોધરાકાંડનો કેસ ચાલતો હતો ને થોડાક નિર્દોષ મુસલમાન ભાઈઓ જે વર્ષોથી કેદ હતા તે છૂટ્યા...

રઝીબ હાંફળો ફાંફળો... શાહઆલમ પહોંચ્યો. વર્ષોનાં વહાણા વાયા હતા. રૂસ્તમભાઈ તેને શંકરલાલ પાસે લઈ ગયા. શંકરલાલને ત્યાં ઘંટડી મારી. યાસ્મીનની પુત્રીએ દરવાજો ઉઘાડ્યો. અજાણ્યા પુરૂષને જોતા એ થોડી ગભરાઈને દોડતી અંદર આવી.

'મમ્મી ! કોઈ હૈ...' તે અંદર દોડી ગઈ.

શંકરલાલ અંદર ટીવી જોતા હતા ને યાસ્મીન બહાર ડોકાઈ, 'કૌન હૈ?'

**રઝીબ આવી ગયો હતો. યાસ્મીન ચોધાર આંસુએ રડી પડી. 'બેટા રિયાન, બેટા તૈસનીમ યહાં આઓ.' એ વધુ બોલી ન શકી.**

બસ રઝીબ ને યાસ્મીનની નજર મળી. દસ વર્ષમાં યાસ્મીન એક જ વાર જેલ પર મળવા ગઈ હતી રઝીબને. રઝીબે વિનંતી કરી હતી, 'તું યહા નહીં આના ઔર બચ્ચો કો કુછ નહિ બતાના... ખાલી બોલના એક દિન બાબા આયેંગે...'


- બસ એ આ જ દિવસ હતો! રઝીબ આવી ગયો હતો. યાસ્મીન ચોધાર આંસુએ રડી પડી. 'બેટા રિયાન, બેટા તસનીમ યહાં આઓ.' એ વધુ બોલી ન શકી. બાળકો દોડતાં આવ્યાં. એના અવાજમાં કાંઈ માર્મિકતા હતી. તે સાંભળીને શંકરલાલ પણ દોડી આવ્યા.

...પોળની ખડકીએ બેસીને આ વાત સાંભળતાં સૌની આંખો છલકાઈ ગઈ. રામ-સીતાનું મિલન થતું હોય એવા કાંઈ ભાવ થયા.

'બાબા યે રઝીબ હૈ...' યાસ્મીને શંકરલાલને કહ્યું. રૂસ્તમભાઈ આવીને બાળકોને ખેંચી લાવ્યા. 'યે તુમ્હારે બાબા હૈ બચ્ચોં...' તે બોલ્યા.

રઝીબ અને યાસ્મીન રડી રહ્યા હતા. શંકરલાલ ને રૂસ્તમભાઈ ભેટી પડ્યા. બાળકો ચૂપચાપ ઊભાં રહ્યાં. બસ રઝીબને તાકી રહ્યા...

...પોળની ખડકીએ બેસીને આ વાત સાંભળતાં સૌની આંખો છલકાઈ ગઈ. રામ-સીતાનું મિલન થતું હોય એવા કાંઈ ભાવ થયા.



# બાર : શહાદત

'ભટ્ટકાકા, તમે તો અમને જાણે એ '૪૨ની ચળવળવાળી સદીઓથી ૨૦૦૨ના કપરા કાળની વાતોથી - અમદાવાદની ગઈ કાલમાં પહોંચાડી દીધા...' સત્ય બોલ્યો. 'અમને કરફ્યૂની અસરો વિષે અને તેને કારણે થતી સમસ્યાઓ વિષે ઘણું જ જાણવા મળ્યું.' પરમે કહ્યું. આશાબહેન બોલ્યા, 'અરે! આ બંને દીકરાઓનું ગુજરાતી તો જુઓ... બંનેની ભાષા ઘણી જ સમૃદ્ધ છે, બાકી આટલા વર્ષોથી અમેરિકામાં રહેનારાઓની ભાષા આટલી સુંદર કેવી રીતે હોઈ શકે!' 'કાકી, પપ્પા અને મમ્મીએ નાનપણથી જ અમને આપણી માતૃભાષા તરફ વાળ્યા છે. અમારું ભાષાભંડોળ વધે તે માટે અમને સતત તેઓ ગુજરાતી પુસ્તકો વાંચવા માટે પ્રેરિત કરતા હતા. આ બધી પોળની વાતો સાંભળીને તો અમને આજે એટલું બધું જાણવા મળ્યું છે કે વાત ન પૂછો.' અમે વચમાં જ બોલી ઊઠ્યા કે, 'અરે હા, કરફ્યૂ દરમિયાન પડતી અગવડો, ગોળીબાર કે તોફાનોમાં મૃત્યુ પામેલા સ્વજનોનો શોક, ક્યાંક માલ-મિલકત લૂંટાયાનો વિષાદ, તોફાનો દરમિયાન કુટુંબથી વિખૂટા પડેલાઓના આંસુ એ બધું તો ખરું... પણ તમે એ પણ કહી શકો કે આવાં તોફાનોમાં પડોશી-પડોશી વચ્ચે કે ભાઈ-ભાઈ અજાણ્યા હોય તો પણ એકતા કેટલી બધી દેખાઈ આવી છે! સૌ કોઈ પોતાના જાતભાઈ માટે કે પડોશી માટે કે પછી બીજી કોમ માટે પણ મરી ફિટ્યા છે. મેં તો એવું પણ સાંભળ્યું છે કે એક મુસ્લિમ

આ બધી પોળની વાતો સાંભળીને તો અમને આજે એટલું બધું જાણવા મળ્યું છે કે વાત ન પૂછો.

મહિલાને પ્રસૂતિ થવાની હતી... તેને હૉસ્પિટલ ખસેડવી જરૂરી હતી. તોફાન-કર્ફ્યૂના માહોલમાં લઈ જવામાં અગવડ પડી રહી હતી ત્યારે તેમના હિંદુ પડોશીઓએ એક વયસ્ક મહિલાને બોલાવીને તેમના ઘરમાં તે મુસ્લિમ મહિલાની પ્રસૂતિ કરાવી હતી.' આશાબહેને કહ્યું કે, 'હા, એ વાત તદ્દન સાચી છે. હા, એક વાત તો કહેવી જ પડે કે આ તોફાનોમાં જેટલું લોહી રેડાયું છે ને તેના કરતાં જરૂર પડે લોકોએ એકબીજાને લોહી આપ્યું છે વધારે...'

આશુતોષભાઈએ વાતને આગળ ધપાવતાં કહ્યું કે, 'તોફાનો અમદાવાદને એક છૂપો ભાઈચારો શીખવી ગયાં. ઘણી વાર તો એવું પણ બન્યું હતું કે તોફાનોમાં થયેલા આર્થિક નુકસાનને કારણે ઘણા પરિવારો માનસિક રીતે નાસીપાસ થઈ ગયા હોય તો તેઓને માનસિક હિંમત સાથે ચા-નાસ્તો પણ બીજા લોકો પૂરો પાડતા. આટઆટલાં તોફાનો થયાં પણ આવી અંદર-અંદર મદદ અને સેવાની ભાવનાએ, એક પોતીકાપણાએ સમાજના તાણાવાણા છૂટા ન પડવા દીધા. જોકે એકવાર આ તોફાનોના ભોગ બનેલા પરિવારોને પોતાનું જીવન પાટા પર લાવતાં વર્ષોનો સમયગાળો નીકળી જાય છે. કષ્ટદાયક અને કરુણ ઘટનાઓથી ભરેલાં આ તોફાનોમાંથી આપણે પોઝિટિવિટી તો જોઈ જ શકીએ છીએ, પરંતુ સમાજ પર તેનાથી કેટલી વિપરીત અસરો પેદા થઈ છે તે પણ આપણે જોયું જ ને! ખરેખર, એ તોફાનો અને કર્ફ્યૂ સમાજ પર એક અભિશાપરૂપ હતાં... ભારત અને પાકિસ્તાનના જે ભાગલા પડ્યા તેનાં વર્ષો પછી પણ આજે કોમી તંગદિલીના ઘા રૂઝાયા નથી. કર્ફ્યૂ દરમિયાન, તોફાનો દરમિયાન પોળોના રહીશો જે પ્રકારે વહીવટ કરતાં તે વાતો ખરેખર જાણવા જેવી છે.' આશુતોષભાઈએ કહ્યું, 'કર્ફ્યૂ દરમિયાન જીવન જરૂરિયાતની

'તોફાનો અમદાવાદને એક છૂપો ભાઈચારો શીખવી ગયા. ઘણી વાર તો એવું પણ બન્યું હતું કે તોફાનોમાં થયેલા આર્થિક નુકસાનને કારણે ઘણા પરિવારો માનસિક રીતે નાસીપાસ થઈ ગયા હોય.

ચીજવસ્તુઓ જ્યારે ઘરમાં ખૂટી જાય ત્યારે, ઘરમાં ઘણીવાર દૂધ પણ ન હોય, શાકભાજી પણ ના હોય... એવા સંજોગોમાં પોલિસ સાથે સંધિના નાટ્યાત્મક સંવાદો કરી, પોલિસને પટાવી, મનાવીને ખાવા-પીવાની વસ્તુઓ કે ચા-પાણીની વ્યવસ્થા કરીને પોતાનું કામ કઢાવી લેતા ચતુર પોળવાસીઓ એમતેમ કરીને પોતાનું જીવન નિભાવી લેતા. અરે, એ વખતે જ્યારે ઘરવખરી અને કાચી સામગ્રી આવે ને એટલે એ માટે લાઇનો લાગે, શરૂઆતમાં તો ધક્કામુક્કી અને મારામારી થઈ જતી. પછી વડીલો કડક અવાજે સૌને લાઇનમાં વ્યવસ્થિતપણે ઊભા રહેવાનું કહેતા. ક્યારેક યુવાનો તોયે ન સમજતા અને મામલો બીચકી જતો. પછી સૌ એકબીજાને ખાતરી આપતા કે દરેકને વસ્તુઓ મળશે, કોઈ રહી નહીં જાય. ત્યાર બાદ સમજાવટથી આખીયે ઘટનાનો વહીવટ થતો. યુવાનો-વડીલો-મહિલાઓ સુંદર કામગીરી બજાવતા. જેને જે વસ્તુની જરૂર હોય તે તેમના સુધી પહોંચાડવા પ્રયત્ન કરતા. ઘણીવાર આ વહીવટ સંપીને ચાલતો અને ક્યારેક રિસામણાં, મનામણાં પણ થતા. કોઈક ઘરમાં નાનાં બાળકો હોય અને દૂધની કે દવાની જરૂર ઊભી થાય તો આખીયે પોળ તે પરિવારને વહારે દોડી જતી. અરે, બેનમૂન સંપનાં દર્શન કર્યાં છે એ વખતે પોળના રહેવાસીઓમાં! અને વહીવટ, સંપ અને બાર્ટર ઇકોનોમીનું એક સુંદર દૃષ્ટાંત બની રહેતી આ પોળમાં ગજબનાં વ્યવહાર જોવા મળતા. માંદગી સમયે, કંઈક દુઃખજનક પરિસ્થિતિના સમયે કે આપત્તિના સમયે પોળવાસીઓ દ્વારા જે આત્મીયતાપૂર્વક વહીવટ કરવામાં આવતો તે વાત દાદ માગી લે તેવી હતી. આર્થિક મદદ માટે પણ સૌ તૈયાર રહેતા અને વખત આવે એકબીજાનું ઘણું જ કરી છૂટતા. અરે, શું વાત કરું... મારી પાસે તો આ વાત માટે એક જ શબ્દ છે બસ પોળ આખીયે એક પરિવારમાં પરિવર્તિત થઈ જતી. સુખ અને

અરે, એ વખતે
જ્યારે ઘરવખરી
અને કાચી સામગ્રી
આવે ને
એટલે એ માટે
લાઇનો લાગે,
શરૂઆતમાં તો
ધક્કામુક્કી
અને મારામારી
થઈ જતી.

દુ:ખના સમયે હંમેશા આવો માહોલ અમે જોયો છે, કેમ રમેશ!' 'અરે હા, અહીં આવા જ પોળકલ્ચરમાં તો હું ઊછર્યો છું. ખાડિયાનું જ પાણી છે મારા લોહીમાં... બાળપણ અને કિશોરાવસ્થાના એ અમુક બનાવો તો આજે હજી પણ મારા માનસપટ પર એવા જ તરોતાજા છે. મને યાદ છે કે એ વખતે જ્યારે કર્ફ્યૂ લાગેલો હોય ત્યારે ઘરના બધા જ સભ્યો હાજર હોય... કોઈ બહાર તો જઈ જ ના શકે! પોળમાં તો જાણે મહિલામંડળ જામે અને એમાં પછીથી પુરૂષો પણ જોડાઈ જાય. સમૂહમાં બેસીને અલકમલકની વાતો થાય. પત્તા અને કેરમ જેવી દેશી રમતોની મહેફિલ જામે. નાનાં બાળકો અને યુવાનો ક્રિકેટ પણ રમે. ક્રિકેટની રમત તો એવું જોર પકડે કે એમાં મોટી ઉંમરના પુરૂષો પણ જોડાય. દરમિયાન કોઈ ટીવી જોઈને આવ્યું હોય તો કે રેડિયો પર કંઈક સમાચાર સાંભળીને આવ્યું હોય તો તે સાંભળેલી પરિસ્થિતિનું વર્ણન કરે. ગુજરાતી સમાચાર તો સૌ ધ્યાનથી સાંભળે કે કર્ફ્યૂમાં છૂટ ક્યારે આપવાના છે? પોલિસ દરેક એરિયામાં વારાફરતી છૂટ મૂકે. દરેક એરિયામાં સમય અને સમયગાળો અલગ-અલગ રાખવામાં આવતો. ઘણીવાર તો ફોન પર અફવાના પડીકાંઓ 'પાસ' થાય. કર્ફ્યૂ લાગેલો હોય તે દરમિયાન આવી જાતજાતની રમતો, વાતો અને વહીવટમાં સમય પસાર થઈ જાય. કર્ફ્યૂમાં વીતાવેલો એ સમય, એ વહીવટ વગેરે આજે પણ ખૂબ યાદ છે. અમે નાના હતા ત્યારે એ વખતે પોળમાં એકબીજાને વસ્તુ પહોંચાડવાની હોય ત્યારે અમને વડીલો ખૂબ દોડાવતા. અમે હોંશે-હોંશે દોડીને કામ કરી આવતાં. સમાચાર લઈને આવતા ને વડીલો હંમેશા કહેતા કે આ બધાં બાળકોના કિલકિલાટથી તોફાન અને કર્ફ્યૂમાં જે ભયગ્રસ્ત વાતાવરણ પેદા થઈ જાય છે, તેમાં જાણે રાહત મળે છે. આ બધાની સાથે મને

ગુજરાતી સમાચાર
તો સૌ ધ્યાનથી
સાંભળે કે કર્ફ્યૂમાં
છૂટ ક્યારે
આપવાના છે?
પોલિસ દરેક
એરિયામાં
વારાફરતી
છૂટ મૂકે.

યુવાન શહીદ વીર વિનોદ કિનારીવાલાનું નામ તો કેમે કરીને નથી વિસરાતું...' આશુતોષ ભટ્ટ બોલ્યા.

તેમણે કહ્યું, 'કેવળ ૧૭ વર્ષની કુમળી તરૂણાવસ્થા... એક સુખી ઘરનો કુળદીપક... જે ભૂમિ પર તેનું લોહી રેડાયું, તે જ ગુજરાત કૉલેજનો ઇન્ટર સાયન્સનો વિદ્યાર્થી.. આઝાદીની ચળવળનો પ્રથમ દિવસ... ધ્વજવંદન કરવાનું સૌએ નક્કી કર્યું હતું... ગુજરાત કૉલેજ પર સૌ એકઠા મળવાના હતા... આગલે જ દિવસે કોઠારીની પોળ આગળ વિનોદ ઘવાયો હતો પણ તે એ દિવસે ઘરે ન બેસી રહ્યો. મારા ખ્યાલ પ્રમાણે તેને ન જવાનું પણ કહેવામાં આવ્યું હતું, પણ તે વીર યુવાનનું દિલ હાથમાં ન રહ્યું ને તે મેદાને પડવા હાલી નીકળ્યો... ભાન ભૂલેલી અંગ્રેજ સરકારી સત્તા કારતૂસો અને ગોળીઓ ભરી ખડી હતી... નિ:શસ્ત્ર યુવાનોને હલ્લો કરવા આવેલા જોઈ તેઓએ વધુ ઝડપથી બંદૂકો ઉગામી... વિનોદ ન જ હટ્યો... છાતી ધરીને ઊભો રહેલો એ... ઉપરથી તેણે પડકાર નાખ્યો કે... ઓ બાયલાઓ... આ રહી ખુલ્લી છાતી. લગાવો તમારી ગોળી એમાં... અને એટલામાં જ જાલીમોએ ગોળી છોડી ને ગોળી સીધી જ વિનોદની છાતીમાં પેસી ગઈ... અરે લોહીનો ફુવારો ઊડ્યો હતો જાણે... એનું પ્રાણપંખેરૂં ઊડી ગયું... વિનોદનું મૃત્યુ અમર છે. તે તો ભારતના જવાનોની પ્રેરણા છે, આજે પણ... આ દીકરાઓને બતાવજે વિનોદની ખાંભી... ગુજરાત કૉલેજની એ ભૂમિને તેણે અમર બનાવી દીધી છે. ૯ ઑગસ્ટે એની ખાંભી પર હારતોરા થાય છે... જાણીતા સમાજવાદી શ્રી જયપ્રકાશ નારાયણના હાથે તેની ખાંભીની અનાવરણ વિધિનો ભવ્ય પ્રસંગ એ કૉલેજના પહેલા જ સત્રનો એક યાદગાર પ્રસંગ છે. વિનોદ કિનારીવાલાનું એ એક ઉત્કટ દેશપ્રેમનું પ્રેરણાત્મક સ્મારક કાલે આપણે ભૂલ્યા વગર દીકરાઓને બતાવીશું...'

નિ:શસ્ત્ર યુવાનોને
હલ્લો કરવા
આવેલા જોઈ
તેઓએ વધુ ઝડપથી
બંદૂકો ઉગામી...
વિનોદ ન જ હટ્યો...
છાતી ધરીને
ઊભો રહેલો એ...
ઉપરથી તેણે
પડકાર નાખ્યો કે...
ઓ બાયલાઓ...
આ રહી
ખુલ્લી છાતી.

સાંગણકરે વીર વિનોદ કિનારીવાલા વિષે પુસ્તક લખેલું ત્યારે એ પ્રસંગે મોરારજી દેસાઈએ કહેલું કે, 'આજના વિદ્યાર્થીઓ - યુવાનો સ્વરાજની લડત સમયનાં ત્યાગ અને બલિદાન યાદ રાખીને આજે ત્યાગ અને સેવાની ભાવના જાગ્રત રાખે એ જ બહુ મહત્ત્વની વાત છે.'

આજના વિદ્યાર્થીઓ - યુવાનો સ્વરાજની લડત સમયના ત્યાગ અને બલિદાન યાદ રાખીને આજે ત્યાગ અને સેવાની ભાવના જાગ્રત રાખે એ જ બહુ મહત્ત્વની વાત છે.



# તેર : અજબ પોળની ગજબ સંસ્કૃતિ

'દીકરાઓ તમે કેટલું ધ્યાનથી બધું સાંભળી રહ્યા છો! અમેરિકામાં જન્મેલા અને ઉછરેલા બાળકોને-દીકરાઓને આપણા દેશની વાતોમાં, સંસ્કૃતિ વિષે જાણવામાં આટલો બધો રસ હોય તો તેનું શ્રેય ચોક્કસ તેના માતા-પિતાને જાય છે. ત્યાં રહીને પણ આટલી સુંદર ગુજરાતી ભાષા, આવો વિનય-વિવેક અને આ બધી વાતોમાં આટલો ઊંડો રસ... હું તો ખુશ થઈ ગયો... આજે દીકરાઓ તમારે લીધે... આ મારા મિત્ર રમેશ અને ભાભીને લીધે એ જૂનાં સંસ્મરણો વાગોળીને હું અત્યંત નાજુક લાગણીઓ અનુભવી રહ્યો છું...' ભટ્ટ સાહેબ બોલી ઊઠ્યા.

સત્ય અને પરમ બંને એકસાથે કહેવા લાગ્યા... 'પણ, કાકા... તમે કેટલું ઝીણવટથી હકીકતનું વર્ણન કરી રહ્યા છો. જાણે અમે કોઈ દૃશ્ય જોતા હોઈએ, તેમ તમારી વાતોને અમારા માનસપટમાં ચલચિત્રની જેમ ઝીલી રહ્યા છીએ. આ બધું જ્ઞાન મેળવીને તો અમારું અહીં આવવું સફળ થઈ ગયું...'

રાત તો ઘણી થઈ ગઈ હતી... પણ કોઈ ઊઠવાનું નામ લેતા ન હતા. સૌ કોઈ એવી વાતોમાં જકડાઈ ગયા હતા કે ભૂતકાળના એ સમયે તેમને વર્તમાનમાં આગોશમાં લઈ લીધા હતા.

રાત તો ઘણી થઈ ગઈ હતી... પણ કોઈ ઊઠવાનું નામ લેતા ન હતા. સૌ કોઈ વાતોમાં એવા જકડાઈ ગયા હતા કે ભૂતકાળના એ સમયે તેમને વર્તમાનના આગોશમાં લઈ લીધા હતા. ભૂતકાળમાં જીવી જાણનારી અને ભૂતકાળને સાંભળી રહેલી - બંને પેઢીઓ આજે એક સમયમાં જીવી રહી હતી.. માત્ર શાબ્દિક-માર્મિક

અસરથી... અમે બંને એકબીજાં સાથે થોડી ગુસપુસ કરી રહ્યા હતા આ બધી... એટલામાં તો વળી કો'ક બોલ્યું કે આ બધી તોફાનો, કર્ફ્યૂ વગેરે વાતો તો સાંભળી પણ મને પોળ, પોળની સંસ્કૃતિ, તેનું અસ્તિત્વ, બાંધકામ વિષે જાણવું છે. અમે જોયું તો પરમ આ વાત ભટ્ટ સાહેબને કહી રહ્યો હતો. ભટ્ટ સાહેબ બોલ્યા કે, પરમ રહ્યો તો આર્કિટેકનો જીવને... અમેરિકામાં રહેરહે તેણે પોળ વિષે જાણવા માટે મને ઈ-મેઇલ પણ કર્યો હતો... 'કેમ પરમ!'

'હા, પણ પછી તમે એમ કહ્યું હતું ને કે બેટા, તું અહીં આવવાનો જ છું ને ત્યારે વિસ્તારપૂર્વક તને બધું જ સમજાવીશ. ખરેખર તો આજે એમ જ નક્કી કર્યું હતું કે આ પોળના ઇતિહાસ વિષે આજે તમારી જોડે ચર્ચા કરીશ, પણ આ બધી વાતોમાં એવો તો ખોવાઈ ગયો કે પોળ વિષે જાણવાનું બાકી જ રહી ગયું...

ભટ્ટસાહેબ, ૭૫ની ઉંમરેય કોઈ યુવાનને શરમાવે તેવી તાકાત ધરાવતા હતા... આટઆટલી વાતોથી ન તો તેઓ થાક્યા હતા કે ન કંટાળ્યા હતા... બસ બે-ત્રણ વાર એમની કડક-મીઠી ચાના સબડકા સાંભળ્યા હતા... તેઓ તરત જ બોલ્યા કે, 'દીકરા બાકી બિલકુલ નથી રહી એ વાતો... ચાલ હું તને પોળ વિષે માંડીને વાત કરું... આજની રાત આપણે આપણી સંસ્કૃતિની વાતોને નામ જ કરી નાખીએ... તો સાંભળો,' વચમાં આશાબહેનને કહેવું ન ચૂક્યા કે 'ભાઈ, કડક-મીઠી ચાનો ફરી એક વાર બંદોબસ્ત કરજો... પછી હસવા લાગ્યા કે, અમે ખાડિયાવાળા અમદાવાદીઓ તો ચાના ઘરાડી કહેવાઈએ...'

**આ બધી તોફાનો, કર્ફ્યૂ વગેરે વાતો તો સાંભળી પણ મને પોળ-પોળની સંસ્કૃતિ - તેનું અસ્તિત્વ-બાંધકામ વિષે જાણવું છે.**

'તો, સાંભળો દીકરાઓ, આશુતોષભાઈ બોલ્યા... વાતને આગળ ધપાવતા તેમણે કહ્યું, 'પહેલવહેલું ૧૪મી સદીમાં પોળનું અસ્તિત્વ

# તેર : અજબ પોળની ગજબ સંસ્કૃતિ

'દીકરાઓ તમે કેટલું ધ્યાનથી બધું સાંભળી રહ્યા છો! અમેરિકામાં જન્મેલા અને ઉછરેલા બાળકોને-દીકરાઓને આપણા દેશની વાતોમાં, સંસ્કૃતિ વિષે જાણવામાં આટલો બધો રસ હોય તો તેનું શ્રેય ચોક્કસ તેના માતા-પિતાને જાય છે. ત્યાં રહીને પણ આટલી સુંદર ગુજરાતી ભાષા, આવો વિનય-વિવેક અને આ બધી વાતોમાં આટલો ઊંડો રસ... હું તો ખુશ થઈ ગયો... આજે દીકરાઓ તમારે લીધે... આ મારા મિત્ર રમેશ અને ભાભીને લીધે એ જૂનાં સંસ્મરણો વાગોળીને હું અત્યંત નાજુક લાગણીઓ અનુભવી રહ્યો છું...' ભટ્ટ સાહેબ બોલી ઊઠ્યા.

સત્ય અને પરમ બંને એકસાથે કહેવા લાગ્યા... 'પણ, કાકા... તમે કેટલું ઝીણવટથી હકીકતનું વર્ણન કરી રહ્યા છો. જાણે અમે કોઈ દૃશ્ય જોતા હોઈએ, તેમ તમારી વાતોને અમારા માનસપટમાં ચલચિત્રની જેમ ઝીલી રહ્યા છીએ. આ બધું જ્ઞાન મેળવીને તો અમારું અહીં આવવું સફળ થઈ ગયું...'

**રાત તો ઘણી થઈ ગઈ હતી... પણ કોઈ ઉઠવાનું નામ લેતા ન હતા. સૌ કોઈ એવી વાતોમાં જકડાઈ ગયા હતા કે ભૂતકાળના એ સમયે તેમને વર્તમાનમાં આગોશમાં લઈ લીધા હતા.**

રાત તો ઘણી થઈ ગઈ હતી... પણ કોઈ ઊઠવાનું નામ લેતા ન હતા. સૌ કોઈ વાતોમાં એવા જકડાઈ ગયા હતા કે ભૂતકાળના એ સમયે તેમને વર્તમાનના આગોશમાં લઈ લીધા હતા. ભૂતકાળમાં જીવી જાણનારી અને ભૂતકાળને સાંભળી રહેલી - બંને પેઢીઓ આજે એક સમયમાં જીવી રહી હતી.. માત્ર શાબ્દિક-માર્મિક

અસરથી... અમે બંને એકબીજાં સાથે થોડી ગુસપુસ કરી રહ્યા હતા આ બધી... એટલામાં તો વળી કો'ક બોલ્યું કે આ બધી તોફાનો, કર્ફ્યૂ વગેરે વાતો તો સાંભળી પણ મને પોળ, પોળની સંસ્કૃતિ, તેનું અસ્તિત્વ, બાંધકામ વિષે જાણવું છે. અમે જોયું તો પરમ આ વાત ભટ્ટ સાહેબને કહી રહ્યો હતો. ભટ્ટ સાહેબ બોલ્યા કે, પરમ રહ્યો તો આર્કિટેકનો જીવને... અમેરિકામાં રહેરહે તેણે પોળ વિષે જાણવા માટે મને ઈ-મેઇલ પણ કર્યો હતો... 'કેમ પરમ!'

'હા, પણ પછી તમે એમ કહ્યું હતું ને કે બેટા, તું અહીં આવવાનો જ છું ને ત્યારે વિસ્તારપૂર્વક તને બધું જ સમજાવીશ. ખરેખર તો આજે એમ જ નક્કી કર્યું હતું કે આ પોળના ઇતિહાસ વિષે આજે તમારી જોડે ચર્ચા કરીશ, પણ આ બધી વાતોમાં એવો તો ખોવાઈ ગયો કે પોળ વિષે જાણવાનું બાકી જ રહી ગયું...

ભટ્ટસાહેબ, ૭૫ની ઉંમરેય કોઈ યુવાનને શરમાવે તેવી તાકાત ધરાવતા હતા... આટઆટલી વાતોથી ન તો તેઓ થાક્યા હતા કે ન કંટાળ્યા હતા... બસ બે-ત્રણ વાર એમની કડક-મીઠી ચાના સબડકા સાંભળ્યા હતા... તેઓ તરત જ બોલ્યા કે, 'દીકરા બાકી બિલકુલ નથી રહી એ વાતો... ચાલ હું તને પોળ વિષે માંડીને વાત કરું... આજની રાત આપણે આપણી સંસ્કૃતિની વાતોને નામ જ કરી નાખીએ... તો સાંભળો,' વચમાં આશાબહેનને કહેવું ન ચૂક્યા કે 'ભાઈ, કડક-મીઠી ચાનો ફરી એક વાર બંદોબસ્ત કરજો... પછી હસવા લાગ્યા કે, અમે ખાડિયાવાળા અમદાવાદીઓ તો ચાના ઘરાડી કહેવાઈએ...'

**આ બધી તોફાનો, કર્ફ્યૂ વગેરે વાતો તો સાંભળી પણ મને પોળ-પોળની સંસ્કૃતિ - તેનું અસ્તિત્વ- બાંધકામ વિષે જાણવું છે.**

'તો, સાંભળો દીકરાઓ, આશુતોષભાઈ બોલ્યા... વાતને આગળ ધપાવતા તેમણે કહ્યું, 'પહેલવહેલું ૧૪મી સદીમાં પોળનું અસ્તિત્વ

આવેલું એમ કહેવાય છે. પોળ શબ્દ એ સંસ્કૃત શબ્દ 'પ્રતોલિ' પરથી આવ્યો. પ્રતોલિનો અર્થ થાય - દરવાજાની અંદર- અને ખાસ જાણવા જેવી વાત તો એ છે કે કૃષ્ણ ભગવાનના આર્કિટેક્ટ વિશ્વકર્માએ સૌ પ્રથમવાર પોળ કલ્ચરનો કન્સેપ્ટ આપ્યો હતો. આ પોળ કલ્ચર તેની અમુક ચોક્કસ વિશેષતાઓને લીધે આજે વિશ્વભરમાં મશહૂર છે.

પોળના આર્કિટેક્ચર જેવો જ પોળવાસીઓનો સ્વભાવ હોય છે- જેમ મકાનની દીવાલો એક મકાનની દીવાલ, બીજાં મકાનની દીવાલને અડીને હોય તેવાં જ તેમનાં દિલ હોય છે. દિલ પણ એકબીજાં સાથે અડેલાં ને મળેલાં હોય છે. જે-તે પોળમાં જે-તે કોમ એકસાથે રહે તે પરથી પોળનાં નામ આપવમાં આવતા - મોટે ભાગે તેવી પ્રથા વધુ ચાલતી. તહેવારોની ઊજવણી પણ સમૂહમાં જ થતી. ઉત્તરાયણ હોય, હોળી હોય કે દિવાળી કે પછી નવરાત્રિ... સૌ પોળવાસીઓ સાથે મળીને જ તહેવારો ઊજવે. પોળની ઉત્તરાયણ માટે તો આજે પણ એટલો જ ક્રેઝ છે. દીકરાઓ... આ વર્ષે તમે ઉત્તરાયણ અહીં કરવાનું પ્લાન કરીને ફરીથી આવો... એકવાર પોળની ઉત્તરાયણનો આનંદ લેશો ને તો તે ભૂલી નહીં શકો... અચ્છા, ચલો પાછો બીજી વાતોએ ચઢી ગયો... આપણે પોળ વિષે વાત કરતા હતા ને...

હા તો, પોળમાં દરેક મકાનની અંદર ખુલ્લી જગ્યા હોય... જો આ દેખાય છે ને... એને 'ચોક' કહેવાય. પોળમાં બહાર જે ખુલ્લી જગ્યા હોય એને 'ચોકઠું' કહેવાય અને બજારમાં જે ખુલ્લી જગ્યા દેખાય તેને 'ચૌટું' કહેવાય. આવાં બધાં નામ એ વખતે ચલણમાં હતા. પોળના મકાનમાં પ્રવેશો એટલે પહેલો આવે તે ઓટલો... જો સત્ય બારણું ખોલ... જો આ ઓટલો કહેવાય. પ્રવેશો પછી એટલે



પોળમાં દરેક
મકાનની અંદર
ખુલ્લી જગ્યા હોય...
જો આ દેખાય છે ને...
એને 'ચોક' કહેવાય.
પોળમાં બહાર જે
ખુલ્લી જગ્યા હોય
એને 'ચોકઠું' કહેવાય

આપણે બેઠા છીએ ને તે ભાગ ખડકી કહેવાય. મોટા ભાગના ઘરોમાં ખડકીમાં, ઓટલા પર કે ચોકમાં હીંચકા જોવા મળે જ. જો બિલકુલ આવી ઢબના... જૂના પ્રકારની કોતરણી, ચિત્રકામ, નકશીકામથી ભરપૂર... બેનમૂન... પછી પરસાળ આવે. બે ઓરડા... ઓરડા એટલે સમજો છો ને...' આશાબહેન બોલ્યા વચમાં જ... પરમ કહેવા લાગ્યો... 'રૂમ... અમને ખબર છે, ઓકે!' 'બહુ જ સરસ... તો એ ઓરડાઓમાં પણ વિશેષતા હતી. બે ઓરડા સાથે હોય તેમાંથી એકને ઓરડો કહેવામાં આવતો અને બીજાને ગોઝાર. ગોઝાર એટલે કે ગઝર એટલે સ્ટોરરૂમ... બોલો, આ શબ્દ તો નહીં જ ખબર હોય તમને કોઈને... કેમ!' રમેશ શુકલ બોલ્યા... 'આશુતોષભાઈ, આ શબ્દ તો હું પણ ભૂલી ગયેલો... વાહ, યાર... આજે તો શું સંસ્મરણો તાજાં થઈ રહ્યા છે! ખરેખર, પોળ કલ્ચરમાં એક આગવી વિશેષતા છે. માત્ર બાંધકામમાં જ નહીં, લોકોમાં પણ... સમૂહમાં કામ કરવાની સમજદારી... જોઇન્ટ લીડરશિપ - મદદરૂપ થવાની ભાવના... પોતીકાપણું, વડીલોનું સન્માન... મહિલાઓની આમન્યા... પુરૂષોની સહકારથી કામ પૂરું પાડવાની હોંશિયારી... સમૂહમાં રમાતી રમતો... અરે ! આ બધું તો ખરું જ પણ આંદોલન પણ પોળના જ સફળ થાય છે ને... બહારનાં ક્યારેય નહીં!

બે ઓરડા સાથે
હોય તેમાંથી
એકને ઓરડો કહેવામાં
આવતો અને
બીજાને ગોઝાર.
ગોઝાર એટલે કે
ગઝર એટલે
સ્ટોરરૂમ...

'અને તમારે જો પોળનો આખોયે ઇતિહાસ જાણવો હોય તો આ આશાબહેન એ વિષે ખૂબ જ જ્ઞાન ધરાવે છે.' 'અરે, દીકરાઓ મને જે પણ ખબર છે તે તમને કહેવા ખૂબ તત્પર છું, તમારો આ વિષયમાં આટલો રસ જોઈને... માણેકચોક એટલે અમદાવાદ શહેરનો સૌથી પ્રાચીન વિસ્તાર... રાત અને દિવસ તે ધમધમતો જ હોય. સવારે દુકાનો, હાટડીઓ પર ખરીદી માટે લોકોની ભીડ જામી હોય અને રાત્રે ત્યાંનું ખાણીપીણી બજાર... જોરદાર

આવેલું એમ કહેવાય છે. પોળ શબ્દ એ સંસ્કૃત શબ્દ 'પ્રતોલિ' પરથી આવ્યો. પ્રતોલિનો અર્થ થાય - દરવાજાની અંદર- અને ખાસ જાણવા જેવી વાત તો એ છે કે કૃષ્ણ ભગવાનના આર્કિટેક્ટ વિશ્વકર્માએ સૌ પ્રથમવાર પોળ કલ્ચરનો કન્સેપ્ટ આપ્યો હતો. આ પોળ કલ્ચર તેની અમુક ચોક્કસ વિશેષતાઓને લીધે આજે વિશ્વભરમાં મશહૂર છે.

પોળની
ખડકીએથી...
સન્નાટો

પોળના આર્કિટેક્ચર જેવો જ પોળવાસીઓનો સ્વભાવ હોય છે- જેમ મકાનની દીવાલો એક મકાનની દીવાલ, બીજાં મકાનની દીવાલને અડીને હોય તેવાં જ તેમનાં દિલ હોય છે. દિલ પણ એકબીજાં સાથે અડેલાં ને મળેલાં હોય છે. જે-તે પોળમાં જે-તે કોમ એકસાથે રહે તે પરથી પોળનાં નામ આપવમાં આવતા - મોટે ભાગે તેવી પ્રથા વધુ ચાલતી. તહેવારોની ઊજવણી પણ સમૂહમાં જ થતી. ઉત્તરાયણ હોય, હોળી હોય કે દિવાળી કે પછી નવરાત્રિ... સૌ પોળવાસીઓ સાથે મળીને જ તહેવારો ઊજવે. પોળની ઉત્તરાયણ માટે તો આજે પણ એટલો જ ક્રેઝ છે. દીકરાઓ... આ વર્ષે તમે ઉત્તરાયણ અહીં કરવાનું પ્લાન કરીને ફરીથી આવો... એકવાર પોળની ઉત્તરાયણનો આનંદ લેશો ને તો તે ભૂલી નહીં શકો... અચ્છા, ચલો પાછો બીજી વાતોએ ચઢી ગયો... આપણે પોળ વિષે વાત કરતા હતા ને...

પોળમાં દરેક
મકાનની અંદર
ખુલ્લી જગ્યા હોય...
જો આ દેખાય છે ને...
એને 'ચોક' કહેવાય.
પોળમાં બહાર જે
ખુલ્લી જગ્યા હોય
એને 'ચોકઠું' કહેવાય

હા તો, પોળમાં દરેક મકાનની અંદર ખુલ્લી જગ્યા હોય... જો આ દેખાય છે ને... એને 'ચોક' કહેવાય. પોળમાં બહાર જે ખુલ્લી જગ્યા હોય એને 'ચોકઠું' કહેવાય અને બજારમાં જે ખુલ્લી જગ્યા દેખાય તેને 'ચૌટું' કહેવાય. આવાં બધાં નામ એ વખતે ચલણમાં હતા. પોળના મકાનમાં પ્રવેશો એટલે પહેલો આવે તે ઓટલો... જો સત્ય બારણું ખોલ... જો આ ઓટલો કહેવાય. પ્રવેશો પછી એટલે

આપણે બેઠા છીએ ને તે ભાગ ખડકી કહેવાય. મોટા ભાગના ઘરોમાં ખડકીમાં, ઓટલા પર કે ચોકમાં હીંચકા જોવા મળે જ. જો બિલકુલ આવી ઢબના... જૂના પ્રકારની કોતરણી, ચિત્રકામ, નકશીકામથી ભરપૂર... બેનમૂન... પછી પરસાળ આવે. બે ઓરડા... ઓરડા એટલે સમજો છો ને...' આશાબહેન બોલ્યા વચમાં જ... પરમ કહેવા લાગ્યો... 'રૂમ... અમને ખબર છે, ઓકે!' 'બહુ જ સરસ... તો એ ઓરડાઓમાં પણ વિશેષતા હતી. બે ઓરડા સાથે હોય તેમાંથી એકને ઓરડો કહેવામાં આવતો અને બીજાને ગોઝાર. ગોઝાર એટલે કે ગઝર એટલે સ્ટોરરૂમ... બોલો, આ શબ્દ તો નહીં જ ખબર હોય તમને કોઈને... કેમ!' રમેશ શુકલ બોલ્યા... 'આશુતોષભાઈ, આ શબ્દ તો હું પણ ભૂલી ગયેલો... વાહ, યાર... આજે તો શું સંસ્મરણો તાજાં થઈ રહ્યા છે! ખરેખર, પોળ કલ્ચરમાં એક આગવી વિશેષતા છે. માત્ર બાંધકામમાં જ નહીં, લોકોમાં પણ... સમૂહમાં કામ કરવાની સમજદારી... જોઈન્ટ લીડરશિપ - મદદરૂપ થવાની ભાવના... પોતીકાપણું, વડીલોનું સન્માન... મહિલાઓની આમન્યા... પુરૂષોની સહકારથી કામ પૂરું પાડવાની હોંશિયારી... સમૂહમાં રમાતી રમતો... અરે ! આ બધું તો ખરું જ પણ આંદોલન પણ પોળના જ સફળ થાય છે ને... બહારનાં ક્યારેય નહીં!

બે ઓરડા સાથે હોય તેમાંથી એકને ઓરડો કહેવામાં આવતો અને બીજાને ગોઝાર. ગોઝાર એટલે કે ગઝર એટલે સ્ટોરરૂમ...

'અને તમારે જો પોળનો આખોયે ઇતિહાસ જાણવો હોય તો આ આશાબહેન એ વિષે ખૂબ જ જ્ઞાન ધરાવે છે.' 'અરે, દીકરાઓ મને જે પણ ખબર છે તે તમને કહેવા ખૂબ તત્પર છું, તમારો આ વિષયમાં આટલો રસ જોઈને... માણેકચોક એટલે અમદાવાદ શહેરનો સૌથી પ્રાચીન વિસ્તાર... રાત અને દિવસ તે ધમધમતો જ હોય. સવારે દુકાનો, હાટડીઓ પર ખરીદી માટે લોકોની ભીડ જામી હોય અને રાત્રે ત્યાંનું ખાણીપીણી બજાર... જોરદાર

લોકપ્રિયતા ધરાવે છે. એ માણેકચોકમાં આવેલી મુહૂર્તની પોળ એ શહેરમાં સ્થપાયેલી સૌ પ્રથમ પોળ હોવાનું મનાય છે, ત્યાર બાદ તો એ વિસ્તારમાં ઘણા ફેરફારો થયા હશે.

જુમ્મા મસ્જિદની બાજુમાં અહમદ શાહ બાદશાહ કે જેઓએ અમદાવાદ શહેર વસાવ્યું, તેમનો રોજો બંધાવ્યો હતો - જે બાદશાહનો હજીરો કહેવાય છે અને તેની બાજુમાં તેમણે જ બંધાવેલો 'રાણીનો હજીરો' આવેલો છે. એનઆરઆઈ માટેનું એ ખાસ શોપિંગ સ્પોટ છે એટલું જ નહીં અમદાવાદીઓ તો આ જગ્યાએ શોપિંગ માટે આજે પણ એટલો જ ક્રેઝ ધરાવે છે. હિંદુ અમીર રાયરાયાએ રાયપુર અને રાયખડ વસાવ્યા. રાયપુર ભજિયા હાઉસના ભજિયા ખાધા હતા ને આપણે ગઈ કાલે જ... અને સલ્તનત સમયના દસ્તાવેજો પરથી તો એમ સાબિત થાય છે કે, હાજા પટેલની પોળ, ખાડિયા એ મુગલકાળથી પણ પહેલા વસેલા છે. ટંકશાળ પણ જોવા લઈ જઈશું... તમને... કાળુપુરની એ ટંકશાળમાં મુઘલ સામ્રાજ્યના સમયમાં સોનાના સિક્કા પડતા હતા. જ્યારે ૧૬૮૧ની સાલમાં અમદાવાદમાં હુલ્લડ થયું હતું - દુકાળને લીધે - ત્યારે નુકસાન બાદ ભદ્રની અંદરના મહેલોને રીપેર કરવામાં આવ્યા હતા. ખબર છે ને તમને ત્રણ દરવાજા પણ તેની બેનમૂન કારીગરી માટે કેટલા મશહૂર છે!

**રાયપુર ભજિયા હાઉસના ભજિયા ખાધા હતા ને આપણે ગઈ કાલે જ... અને સલ્તનત સમયના દસ્તાવેજો પરથી તો એમ સાબિત થાય છે કે, હાજા પટેલની પોળ, ખાડિયા એ મુગલકાળથી પણ પહેલા વસેલા છે.**

આ અમદાવાદના ભદ્રના કિલ્લાનો પાયો સૌ પ્રથમ ઈ.સ. ૧૪૧૧માં નાખવામાં આવ્યો હતો, ને આ ભદ્રનો કિલ્લો બંધાવવો શરૂ થયો એટલે લોકોનો વસવાટ પણ શરૂ થયો. એ વખતે કાંઈ હજી અમદાવાદની આસપાસ કોટ બંધાયો નહોતો. સૌથી પહેલા શાહપુર શહેરની રેખાથી જમાલપુરની શહેરની રેખા સુધીમાં અર્ધવર્તુળાકારે શહેરને વિકસાવવાની અનુકૂળતા કરવામાં આવી

પોળ સિવાય તમને ક્યાંય એવું કલ્ચર જોવા નહીં મળે. અરે, ગાયથી લઈને સ્કૂટર, રિક્ષા અને મોટરગાડી પણ આવી શકે તેવા રસ્તા હોય... પણ વાંકાચૂકા અને નિરાળા!

હતી. એ વખતે કોમ પ્રમાણે વિસ્તાર હતા. પોળોનું અસ્તિત્વ તેમજ સ્થાન ગુજરાતના, ભારતના ને જગતના વસવાટના ઇતિહાસમાં અદ્વિતીય છે. બીજે ક્યાંય પણ આ પ્રકારના વસવાટનું સુનિશ્ચિત સફળ આયોજન જોવા મળતું નથી. એટલે જ વિદેશી આર્કિટેક્ટ પોળના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને બાંધકામની શૈલી વિષે જોવા-શીખવા અહીં આવે છે. આ હમણાં જ ફોરેનના વિદ્યાર્થીઓ પોળનો એટલો રસપૂર્વક ઊંડાણથી અભ્યાસ કરતા હતા. અરે, પોળવાસીઓ તેમના મિત્રસમા બની ગયા હતા!

પહેલાના સમયમાં પોળમાં કોઈ એક જ પ્રકારની જ્ઞાતિ, સમૂહ કે ધંધાના લોકો એકસાથે રહેતા. આમ, ઊજવણી, મદદ, મિત્રતા, પરિવાર જેવી લાગણી, ધાર્મિક ઉત્સવો વગેરેની એક સાથે થતી મજા જોવા હોય તો પોળ સિવાય તમને ક્યાંય એવું કલ્ચર જોવા નહીં મળે. અરે, ગાયથી લઈને સ્કૂટર, રિક્ષા અને મોટરગાડી પણ આવી શકે તેવા રસ્તા હોય... પણ વાંકાચૂકા અને નિરાળા! દરેક ઘરની બહાર ચોકડી આપેલી હોય ને સ્ત્રીઓ ઘરનાં વાસણ-કપડાં કરતાં કરતાં પણ વાતોએ વળગેલી જોવા મળે! પોળમાંનાં એક ઘરની ખુશીમાં સૌ ખુશ થાય અને એક ઘરના દુ:ખમાં સૌ કોઈ દુ:ખી થાય! એક અજોડ અને અલગારા સંબંધોનું તીર્થસ્થાન એટલે જ પોળ!



# ચૌદ : પોળવિજ્ઞાન

મે માસની મધરાત હતી, બે વાગ્યાનો સુમાર. બળબળતી બપોરનો જ્વર હવે જાણે અડધી રાત્રે શાંત થતો જતો હતો. પોળની ખડકીએ જામેલી સભામાં સૌના અંતઃકરણમાં ક્યાંક કુમાશ, ભીનાશ અને નરમાશની ઝાકળ જામતી જતી હતી.

'મામા, તમારા ઘરમાં તો નવાઈની ઠંડક લાગે છે ભરઉનાળુ રાત્રે!' પ્રિયા બોલી.

'દીકરી! એનું તો ખાસ કારણ છે. બપોરે પણ અમારા ઘરનું તાપમાન બહારના તાપમાન કરતાં ચારેક ડિગ્રી ઓછું રહે છે. કુદરતી એસી નખાવેલું છે આ ઘરમાં.' આશુતોષભાઈ ખડખડાટ હસ્યા.

બપોરે પણ અમારા ઘરનું તાપમાન બહારના તાપમાન કરતા ચારેક ડિગ્રી ઓછું રહે છે. કુદરતી એસી નખાવેલું છે આ ઘરમાં.

'તે વળી એવું શી રીતે.' પાર્થિવી અચરજ પામતી બોલી ઊઠી.

'અરે! આશુતોષભાઈના ઘરની નીચે વર્ષો જૂનું પાણીનું ટાંકું છે.' રમેશભાઇએ કહ્યું. 'ટાંકામાં વળી અત્યારે પણ ૧૫,૦૦૦ લિટર પાણી ચોક્કસ સંગ્રહાયેલું હશે. આટલા પાણીના જથ્થા પર જે છત હોય તે તો ઠંડી થાય જ ને!'

'આ પાણીનું ટાંકું એ વળી શું છે?' પરમથી પૂછ્યા વગર ન રહેવાયું.

'ચાલો તમને બતાવું.' આશુતોષભાઈ ઊઠ્યા. આગળ ચાલ્યા અને તેમની પાછળ દીકરીઓ અને મિત્રના દીકરા બધાય આવ્યા.

તેમણે એક ટાઇલ્સ જડેલું ગોળાકાર નાના સ્તંભ જેવું જૂનું ઢાંચુ - સ્ટ્રકચર બતાવ્યું. તેના પર પિત્તળના ગુંબજ જેવું મોટું ઢાંકણ હતું. તેમણે તે ઉપાડીને ઢાંકણની નીચે રહેલું ૮થી ૧૦ ફૂટ લાંબુ ચોરખાનું બતાવ્યું.

'જો આ છે ચોરખાનું.' એ બોલ્યા. 'ચોરખાનું એટલે ટાંકામાં પ્રવેશ કરવાની જગ્યા. તેમાંથી વરસાદનું પાણી પર અંદર જાય ને વળી સફાઈ કામ કરવા આપણે પણ જવાય.'

સૌ ચોરખાનામાં ઊતર્યા. ત્યાં ઠંડક વધારે હતી. તેની બાજુની ભીંતમાં એક ઊંડી, ભીની અને અંધકારી કૂવા જેવી પથ્થરની ટાંકીનું મુખ આવેલું હતું. 'જુઓ બાળકો, આ છે ટાંકું. એમાં લગભગ ૨૫,૦૦૦ લીટર જેટલું વરસાદનું પાણી સચવાય એવી આ એક પ્રાચીન વ્યવસ્થા છે. અંદરથી આખુંય ટાંકું પથ્થર અને ચુનાથી બનેલું છે. ચૂનો એ પાણીને ચોખ્ખું કરવા અને રાખવા માટે ખૂબ ઉપયોગી દ્રવ્ય છે. આવું નાનુ-મોટું ટાંકું મોટાભાગના પોળના રહેઠાણ નીચે હોય. પોળના મકાનના ધાબા પર પાણીની નાની નાની પાઈપો લગાડેલી હોય. આ પાઈપો વડે ધાબા પર એકઠું થતું પાણી વહીને એક ટાંકીમાં એકઠું થાય. આ ટાંકીને વળી બે મુખ હોય. એક જાય સીધું જમીનની અંદર, પોળના મકાનની નીચે બનાવેલા ટાંકા તરફ તો બીજું મુખ જાય ગટર તરફ.

વરસાદ આવવાની સંભાવના દેખાય એ પહેલા મકાનમાલિક ધાબુ સાફ કરાવે. પહેલા વરસાદનું થોડું પાણી એ ગટરના મુખ તરફ વહી જવા દે. એનાથી ધાબામાંથી ઉપરની ટાંકી તરફ પાણીને લઈ જતી પિત્તળની પાઇપો સાફ થઈ જાય. પછી સાફ પાણી દેખાય એટલે ગટર બાજુનું મુખ બંધ કરીને ટાંકાનું મુખ ખુલ્લું કરાય.

આ છે ટાંકુ.
એમાં લગભગ
૨૫,૦૦૦ લીટર
જેટલું વરસાદનું
પાણી સચવાય
એવી આ એક
પ્રાચીન વ્યવસ્થા છે.
અંદરથી આખુય
ટાંકુ પથ્થર અને
ચુનાથી બનેલું છે.

વરસાદી પાણીનો જથ્થો સીધો ટાંકામાં ઠલવાય અને કુદરતી રીતે પાણીનો સંગ્રહ થાય. સંગ્રહ કરાયેલું પાણી વર્ષો સુધી ટાંકામાં શુદ્ધ રહે. ટાંકાની અંદર લગાવેલો ચૂનાનો થર એ પાણીની અંદર બૅક્ટેરિયાના ફુગાવાને રોકે. પાણીને લીધે ઘરની અંદરનું હવામાન પણ ઠંડું રહે. આ છે ટાંકું.

આશુતોષભાઈની સીધી વાત આ નવા જમાનાના દીકરાઓ અને દીકરીઓને દંગ કરી ગઈ.

'વળી પાછી આ પિત્તળની ગરણી. આ ટાંકા તરફ જતા પાણીની પાઇપના મુખ પર સાફ કરીને લગાવી દેવાની. બસ, ચોખ્ખું પાણી ગળાઈને ભેગું થયા કરે. કાંઈ નકામું ન જાય.' ભટ્ટ વળી બોલ્યા.

પ્રાચીન સમયની
વરસાદી પાણીને
ઘરમાં જ
સંગ્રહ કરવાની આ
પદ્ધતિ અને વ્યવસ્થા
જોઈને નવા યુગના
આર્કિટેક પરમને
જૂની પેઢીના
પીઢ જ્ઞાન અને
પ્રાકૃતિક રચના
કરવાની શક્તિ
માટે ઊંડો
અહોભાવ થયો.

પ્રાચીન સમયની વરસાદી પાણીને ઘરમાં જ સંગ્રહ કરવાની આ પદ્ધતિ અને વ્યવસ્થા જોઈને નવા યુગના આર્કિટેક્ટ પરમને જૂની પેઢીના પીઢ જ્ઞાન અને પ્રાકૃતિક રચના કરવાની શક્તિ માટે ઊંડો અહોભાવ થયો.

'આવું સુંદર ગણિત.' તે બોલ્યો. 'આના પર તો ખરેખર સંશોધકોએ કામ કરવું જોઈએ.' સત્ય બોલ્યો.

આશુતોષભાઈ ઉત્સાહથી બોલ્યા, ચાલ એ પણ બતાવું. સૌ પાછા ઉપર ગયા. ભટ્ટસાહેબ એક પ્રોજેક્ટની ફાઇલ લાવ્યા.

'આ જો મારી દીકરી કેયા મજમુદારનો પ્રોજેક્ટ છે. ટાંકા પ્રોજેક્ટ. આમાં કેયાએ ખંતપૂર્વક ટાંકુ એટલે શું તેની માહિતી એકઠી કરી છે. કેયા અમેરિકામાં ઓસ્ટિન યુનિવર્સિટીમાં ભણતી હતી ત્યારે તેણે વરસાદી પાણીના કુદરતી જથ્થાને પ્રાચીન પદ્ધતિથી શી રીતે જાળવવો તેના પર એક ખાસ અભ્યાસ રજૂ કર્યો હતો. તેણે આ બધી વિગતો ટાંકાનાં ચિત્રો સાથે આ પ્રોજેક્ટમાં નોંધી છે

અને નોંધનીય છે કે અમેરિકાની યુનિવર્સિટીએ એને માન્યતા પણ આપી છે.' ભટ્ટે ગૌરવસહ જણાવ્યું.

નવી પેઢી નતમસ્તક થઈ. જૂની પેઢીની પદ્ધતિઓ, વિજ્ઞાન, ઘરગથ્થુ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ - આ વિશે જાણીને તેઓ એક અમદાવાદી અને ગુજરાતી હોવાના ગૌરવને જાણે સમજ્યા.

ભટ્ટ વળી બોલ્યા, 'ઇટાલીથી ડૉક્ટર બેરન ગોટન અહીં પોળમાં આવ્યા હતા. તેઓએ ૬ મહિના અમારા પોળ વિસ્તારમાં રહીને ઊંડું સંશોધન કર્યું. તે સમયે તે આર્મસ્ટર્ડ યુનિવર્સિટીમાં હતા. એમનું સંશોધન કાર્ય સમાપ્ત થતું હતું ત્યારે એક સવારે પાણીનું ટાંકુ જોવા આવ્યા હતા. આ પદ્ધતિઓનો અભ્યાસ કરીને તેમણે સંશોધનના તારણમાં નોંધ્યું હતું તે તમને બતાવું.'

ભટ્ટ નાનકડી ચોપડી લાવ્યા એમાં ઇટાલીના પ્રોફેસરનું લખાણ હતું.

'અમદાવાદ, સુરત અને બરોડાના પ્રાચીન પોળ વિસ્તારમાં રહીને તેમની રહેણીકરણી પર મેં ઊંડું સંશોધન કર્યું. ખંતથી અવલોકન કર્યા પછી હું અનુભવું છું કે આ પોળ વિસ્તારમાં એક અનોખું સહજીવન જીવવાની એક વ્યવસ્થા છે. પોળ જીવન, એક સોશિયલ વેન્ટિલેટર છે, જે દરેક જીવને એકલતા અને જીવનની કઠિનતાને સહજ રીતે જીવતાં કરે છે. આ પોળ વિસ્તારની રહેણીકરણીમાં પશ્ચિમી દુનિયામાં પ્રચલિત રહેણીકરણીથી ઉદ્ભવેલા પ્રશ્નો અને સમસ્યાઓનું સમાધાન છે. ઉકેલ અહીં છે.'

જૂની પેઢીની રહેણીકરણી, પીઢ સમજ, એ સમયની રાજકીય, સામાજિક જટિલતા અને તેના પ્રકોપથી ફાટી નીકળતાં રમખાણો - જૂની પેઢીના સમજણભર્યા, સુમેળભર્યા સંબંધો અકબંધ રાખવાના પ્રયત્નો, અડી અડીને સાથે ઊભેલાં જૂનાં મકાનો - આ પોળ અને



આ પોળ વિસ્તારમાં
એક અનોખું
સહજીવન જીવવાની
એક વ્યવસ્થા છે.
પોળ જીવન,
એક સોશિયલ
વેન્ટિલેટર છે
જે દરેક જીવને
એકલતા અને
જીવનની કઠિનતાને
સહજ રીતે
જીવતા કરે છે.

પોળની
ખડકીએથી...
સન્નાટો

આ રાત
અને પોળની
ખડકીએ થયેલા
આ સંવાદ
નવી પેઢીને
સ્પર્શી ગયા.

ઉમદા વિચારધારા જીવતા વડીલો. આ રાત અને પોળની ખડકીએ થયેલા આ સંવાદ નવી પેઢીને સ્પર્શી ગયા.

# પરિચય : આશુતોષ ભટ્ટ

આશુતોષ ભટ્ટને બાળપણથી જ રમતગમત, સાહિત્ય, ઇતિહાસ, સ્થાપત્ય, સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં ખૂબ જ ઊંડો રસ.

૧૯૫૪માં ભટ્ટના સ્કૂલકાળ દરમ્યાન ઑલ ઇન્ડિયા ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ દ્વારા ભારતના ઊંચામાં ઊંચા સ્થળે આવેલા રમત-ગમતના મેદાનમાં ચૈલ ગામમાં (હિમાચલ પ્રદેશ) એક અનોખો ક્રિકેટ કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમાં ભટ્ટની પસંદગી કરવામાં આવી હતી. આમ જ પૂનામાં કૂચબિહાર ટ્રોફી માટે પણ ગુજરાતની ટીમમાં ભટ્ટને સ્થાન મળ્યું હતું.

૧૯૫૫માં વીટ જહોનની ટીમ અને ૧૯૫૮માં રણવીર ટ્રોફીમાં ભટ્ટે ભાગ લીધો હતો. બ્રેસવેલ ક્રિકેટ કપ ટૂર્નામેન્ટમાં ભટ્ટે ૨૦૨ રન કરીને નવો રેકોર્ડ સ્થાપ્યો.

રમતજગતમાં મોખરે રહેવાથી ભટ્ટ ૧૯૭૩-૭૪માં ગુજરાત ક્રિકેટ બૉર્ડના એક્ઝિક્યૂટિવ મેમ્બર નિમાયા.

તે પછી ૧૯૭૫-૭૬માં ભટ્ટની ગુજરાત ક્રિકેટ જૂનિયર બૉય્સ સિલેક્શન કમિટિ અને વિટ્ઝોન ક્રિકેટ ટીમ સિલેક્ટર ટીમમાં નિમણૂંક થીય આ દરમ્યાન ઇતિહાસ તથા હેરિટેજ કન્ઝર્વેશનમાં ઊંડા રસને કારણે પ્રવૃત્ત થઈ ભટ્ટે બીજા સહકાર્યકરો સાથે મળીને ખાડિયા ઇતિહાસ સમિતિની ૧૯૭૭માં સ્થાપના કરી.

૧૯૮૭-૮૮માં ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈના હસ્તે ભટ્ટને સાંસ્કૃતિક -રમતગમતના પ્રદાન માટે પ્રશસ્તિપત્ર મળ્યું.

૧૯૯૫માં અમદાવાદના મેયર દ્વારા હેરિટેજ કન્ઝર્વેશન માટે ઍવૉર્ડ અપાયો.

૨૦૦૦ની સાલમાં ટાંકા ટેક્નોલોજી (રૂફટૉપ વૉટર હાર્વેસ્ટિંગ) માટે ભટ્ટે સંશોધન કર્યું જેની, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન અને બીજા દેશોમાં પણ નોંધ લેવાઈ.

૨૦૦૦ની સાલમાં અમદાવાદના તાજપુર ગામ પાસેથી ૧૮૫૭ની ક્રાન્તિમાં શહીદ

થયેલા વીરાની ખાંભીઓ દટાઈ ગઈ હતી તે શોધી કાઢવા માટે ગુજરાતના રાજ્યપાલ તરફથી ભટ્ટનું સન્માન કરાયું.

અમદાવાદનાં સંસ્કાર કેન્દ્ર, પાલડીમાં અમદાવાદના ઇતિહાસ પર ભટ્ટે એક કાયમી મ્યુઝિયમ બનાવ્યું જે કામગીરી માટે તેમને નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી શ્રી લાલકૃષ્ણ અડવાણીના હસ્તે પ્રશસ્તિપત્ર અપાયો.

'ગુજરાતની ક્રાંતિયાત્રા' નામનું પુસ્તક તૈયાર કર્યું જેનું વિમોચન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૦૪માં કરવામાં આવ્યું.

૨૦૦૪માં ભટ્ટે કરેલા રૂફટૉપ વૉટર હાર્વેસ્ટિંગ ટેક્નોલોજીના સંશોધનની નોંધ 'બાયોગ્રાફી ઇન્ટરનેશનલ બુક'માં લેવાઈ. આ દરમ્યાન ભટ્ટે આગળ પડતો રસ દાખવીને ખાડિયા ઇતિહાસ સમિતિ તરફથી જુદા-જુદા પુસ્તકોનું પ્રકાશન કર્યું. આ પુસ્તકોમાંનાં કેટલાંક છે - ગુજરાત - ગાંધીથી ગોધરા, સંસદીય લોકશાહીનાં ૫૦ વરસ, ૧૮૫૭ની ક્રાન્તિમાં ગુજરાત, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ૧૭૫ વર્ષનો ઇતિહાસ, મહાનુભાવોની સર્વસંકલ્પ યાત્રા (અશોક ભટ્ટ) - આ પુસ્તકોનું પ્રકાશન ખાડિયા ઇતિહાસ સમિતિ તરફથી ભટ્ટે ખૂબ રસ લઈને કરાવ્યું.

૨૦૦૮માં ડિસ્કવરી ચેનલ પર એક ડોક્યુમેન્ટરીમાં પોળનાં સહજીવન પર ધ્યાન કેન્દ્રિત કરાયું તેમાં મુખ્યત્વે આશુતોષ ભટ્ટનાં અવલોકનની નોંધ લેવાઈ.

## ખાડિયાથી ખાડિયા સુધી...





પાર્થિવી અને પ્રિયા - આ બંને નામ સર્જકતાથી ઊભરાતા શબ્દનાં મુકામ છે. એ કવિતા પણ લખે, સામયિકોમાં સંપાદન-સહાયક પણ બને... શબ્દમાં જીવ પરોવીને જીવે. પ્રસ્તુત પુસ્તકમાં શ્રી આશુતોષ ભટ્ટનાં સ્મરણોનું આલેખન બંને જણાએ ઇછિહાસની અદબ જાળવીને, ભાષાનો વૈભવ વધારીને કર્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં શાસનમાં સંચારબંધી 'આઉટડેટેડ' થઈ ગઈ છે, જે ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત છે... ત્યારે સંચારબંધી સંબંધી સંસ્મરણોમાં સાથે રહ્યાનાં, પાડોશી હોવાનાં સંભારણાં આલેખાયાં છે. અહીંયા ભૂલાઈ ગયેલી રમતો છે, ધબકારામાં ઉપજતા લાગણીશીલ સંબંધો છે. કર્ફ્યુ વચ્ચે જામતું એકાંત છે. પોળમાં સર્જાતો ગુજરાતી માહોલ છે. ઓટલાપરિષદથી વિસ્તરેલી વાત ટોળું પણ બની શકે છે અને મેળો પણ બની શકે છે એની શબ્દમય અનુભૂતિ છે. ખાડિયા ગુજરાતની ક્રાંતિનું 'ઍપિસેન્ટર' છે. પ્રસ્તુત પુસ્તક ઇતિહાસના સમયની આંગળી ઝાલીને લખાયેલો દસ્તાવેજ છે. ખાડિયામાં મારો જન્મ તોફાનોની વચ્ચે થયેલા, ત્યારથી લઈ આજ લગી ખાડિયાનું વળગણ અવિનાશ વ્યાસથી અશોક ભટ્ટ સુધીનું રહ્યું છે. પાર્થિવી અને પ્રિયાએ તોફાનોની વચ્ચે સચવાયેલા માનવીય સંબંધો અને જીવાતા જીવનના ગ્રાફ સાથેનો પેરેગ્રાફ પાડીને આ પુસ્તકનું આલેખન કર્યું છે. આપણે આપણા પાડોશીને ભૂલી ગયા છીએ અને ઘરનાં સભ્યોને પણ એસએમએસથી, વૉટ્સઍપ પર, બીબીએમ પર ટ્વિટર પર કે ફેસબુક પર મળીએ છીએ, ત્યારે આ પુસ્તક ધબકતાં સંવેદનશીલ અમદાવાદની આકૃતિને સ્મૃતિમાં ઉપસાવે છે. ખાડિયાથી ખાડિયા સુધી સંચચારબંધીની અસર તળે અનાયાસે સર્જાયેલી લોકજીવનની સારી બાબતનોને પુસ્તક સ્વરૂપે રજૂકરવા બદલ બંને કવયિત્રી પાર્થિવી અને પ્રિયાને અભિનંદન... શ્રી આશુતોષ ભટ્ટને વંદન...

**- અંકિત ત્રિવેદી**

ISBN 818440780-7